PRGI No. 6489

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 10, Year: 71, January 2026, Pages: 52, Price Rs. 7.00




આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# સશક્ત, સમૃધ્ધ શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભાની વિકાસગાથા

## પ્રમુખ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી વૃજલાલ ખીમચંદ શાહ | ૧૯૩૬ થી ૧૯૪૯ |
| ૨ | શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ | ૧૯૪૯ થી ૧૯૮૨ |
| ૩ | શ્રી કેશવલાલ મગનલાલ શાહ | ૧૯૮૨ થી ૧૯૯૦ |
| ૪ | શ્રી સી. યુ. શાહ | ૧૯૯૦ થી ૨૦૧૩ |
| ૫ | શ્રી ગુણવંતરાય દીપચંદ શાહ | ૨૦૧૩ થી ૨૦૨૩ |
| ૬ | શ્રી પ્રવિણચંદ્ર ગંભીરચંદ શાહ | ૨૦૨૩ થી ...... |



લોનાવલા


પંચગીની



## ઉપ પ્રમુખ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી દીપચંદ ગોપાલજી દોઢીવાળા | ૧૯૩૬ થી ૧૯૪૯ |
| ૨ | શ્રી ટી. જી. શાહ | ૧૯૪૯ થી ૧૯૫૨ |
| ૩ | શ્રી ગોકળદાસ શીવલાલ અજમેરા | ૧૯૫૨ થી ૧૯૬૪ |
| ૪ | શ્રી રમણીકલાલ કસ્તુરચંદ કોઠારી | ૧૯૬૪ થી ૧૯૬૭ |
| | | ૧૯૬૯ થી ૧૯૮૩ |
| ૫ | શ્રી ભોગીલાલ રાયચંદ તુરખીયા | ૧૯૬૭ થી ૧૯૬૯ |
| ૬ | શ્રી સી. યુ. શાહ | ૧૯૮૩ થી ૧૯૯૦ |
| ૭ | શ્રી કાંતિલાલ લક્ષ્મીચંદ વોરા | ૧૯૯૦ થી ૧૯૯૯ |
| ૮ | શ્રી ગુણવંતરાય દીપચંદ શાહ | ૧૯૯૯ થી ૨૦૧૪ |
| ૯ | શ્રી પ્રવીણચંદ્ર ગંભીરચંદ શાહ | ૨૦૧૪ થી ૨૦૨૩ |
| ૧૦ | શ્રી પંકજભાઈ વસંતલાલ સંઘવી | ૨૦૨૩ થી ...... |

## ઝાલાવાડ



દેવલાલી



માથેરાન





સુરેન્દ્રનગર




લિંબડી

## માસિક પત્રિકાના તંત્રીઓ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ખીમચંદ મગનલાલ વોરા | ૧૯૫૫ થી ૧૯૭૬ |
| ૨ | શ્રી કેશવલાલ મગનલાલ શાહ | ૧૯૫૫ થી ૧૯૮૦ |
| ૩ | શ્રી રમણલાલ વીરચંદ શેઠ | ૧૯૭૬ થી ૧૯૯૯ |
| ૪ | શ્રી કાંતિલાલ હરિલાલ વકીલ | ૧૯૭૭ થી ૧૯૯૯ |
| ૫ | સુશ્રી સંધ્યાબેન બિપિનભાઈ શાહ | ૧૯૯૭ થી ૨૦૨૩ |
| ૬. | શ્રી શરદભાઈ મનમોહનદાસ ગાંધી | ૨૦૨૩ થી ..... |


# સશક્ત, સમૃધ્ધ ઝાલાવાડી સ્થા. જૈન સભાની વિકાસગાથા

## શ્રીમતી હંસાબેન આશકરણભાઈ શાહ સેનેટોરિયમ - માથેરાન




**વિશાળ જગ્યા પર આકાશ અને ધરતીને, વૃક્ષોને તથા પર્ણોને,**
**વહેતી હવા અને પંખીઓના કલરવને...**
**પ્રકૃત્તિના તમામ રમ્ય રૂપોને માણવાનું મજાનું સ્થળ એટલે માથેરાન...**
**લાલ, ગોરાડુ પાંચ એકરની જમીન પર ફેલાયેલું આપણું**
**માથેરાન સેનેટોરિયમ અનેક વૃક્ષોથી આચ્છાદિત છે.**
**પ્રદૂષણ મુક્ત સ્વચ્છ હવા ને નિતાંત શાંતિની સુખદ્ અનુભૂતિ અહીં થાય છે.**
**ત્રણ વર્ષ બાદ ફરી નેરલથી થી માથેરાન વચ્ચે**
**ટોય ટ્રેન ચાલુ કરવામાં આવી છે.**
**એમાં વિસ્ટાડોમ કોચ (ટ્રાન્સપરન્ટ ગ્લાસ સહિત કુલ્લી એ.સી. કોચની મુવિંગ ચેરકાર)**
**પણ જોડવામાં આવ્યો છે. ઈલેક્ટ્રીક વાહનોની મંજૂરી પણ હવે મળી ગઈ છે.**
**બાળક્રિડાંગણ, અદ્યતન સુવિધાથી સજ્જ દસ રૂમો તથા ભોજનાલયમાં**
**ચા-નાસ્તો તથા બન્ને સમયનું સ્વાદિષ્ટ ભોજન ઉપલબ્ધ છે.**

**પંકજભાઈ સંઘવી - ૯૮૨૦૦૪૦૭૧૯**






**For Matheran Food Coupon Compulsory for 3 Days Rs. 600/- Per Day, Per Person**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન
# શ્રીમતી ચંપાબેન દીપચંદ ડુંગરશી તુરખિયા
# ફેમીલી ફ્લોટર મેડિક્લેમ યોજના

સર્વે સભ્ય મિત્રોને જણાવવાનું કે છેલ્લા પાંચ વર્ષથી ચાલતી આપણી સી.ડી. તુરખિયા ગ્રુપ મેડિક્લેમ પૉલિસીના બદલે વ્યક્તિગત/ફેમિલી વાઈઝ પોલીસી ઉતરાવી આપવાનું નક્કી કરેલ છે.

ગ્રુપ મેડિક્લેમમાં આપણે બે વર્ષ પહેલા ભરેલ પ્રીમિયમ કરતા લગભગ ડબલ ક્લેમ લીધેલ હોવાથી કોઈપણ ઈન્શ્યુરન્સ કંપની રિન્યુ કરવા તૈયાર ન હતી માટે Punjab National Bank અને Star Health Policy સાથે જોડાણ કરી દરેક પરિવારને રૂા. ૩ લાખની અલગ અલગ ફેમીલી પોલીસી ઉતરાવવાનું નક્કી કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

STAR Health Insurance — Personal & Caring — The Health Insurance *Specialist*

Premium (Including GST)

| AGE BAND / SUM INSURED | 3 LAKHS | 5 LAKHS | 7.5 LAKHS | 10 LAKHS |
|---|---|---|---|---|
| 18 to 45 years | 12230 | 18411 | 22359 | 23357 |
| 46 to 59 years | 17841 | 26815 | 35100 | 38192 |
| 60 to 79 years | 21335 | 29470 | 37319 | 42489 |

**રૂા. ૩ લાખની ફેમીલી ફ્લોટર સ્ટાર હેલ્થ પોલિસી લેનાર માટે અગત્યની સૂચનાઓ :**

- આ પોલિસી લેવા ઈચ્છુક દરેક પરિવારે અરજી પત્રકની સાથે મુખ્ય અરજદાર (Primary Applicant) ના આધાર કાર્ડ કોપી (૨) પેન કાર્ડ કોપી (૨) અને ફોટા (૨) તેમ જ ઝાલાવાડી સભાની મેમ્બરશીપ રસીદ/કાર્ડની ઝેરોક્સ જોડવાની રહેશે.
- પંજાબ નેશનલ બેંકમાં ખાતું ખોલાવવું ફરજિયાત છે અને મેડીક્લેઈમનો ચેક દરેક પરિવાર PNB ના ખાતામાંથી જ આપવાનો રહેશે. PNB ખાતામાં Minimum Balance રૂા. ૨૫૦૦/- રાખવું જરૂરી છે.
- મેડિક્લેમ પૉલિસીમાં સહાય મેળવતા સભ્યોની સગવડતા માટે સહાય મેળવવા ઑનલાઈન ફૉર્મ ભરવાનું રહેશે સાથે માંગવામાં આવેલ ડૉક્યુમેન્ટ સબમીટ કરવાનાં રહેશે જેની વિગત આ અંકના પેજ નં ૩૫ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. મેડિક્લેમ સહાયની રકમ આપના બેંક એકાઉન્ટમાં ડાયરેક્ટ જમા કરવામાં આવશે.
- ક્લેઈમ માટે સ્ટાર હેલ્થના ઓફિસરનો સંપર્ક કરવાનો રહેશે. કોઈપણ જુદા ક્લેઈમ માટે ઝાલાવાડી સભાની કોઈ જવાબદારી રહેશે નહિ તેની નોંધ લેશોજી.
- કોઈપણ પ્રકારના મેડિકલ ચેકઅપની જરૂર નથી પરંતુ પોતાની વર્તમાન બિમારીની જાણ કરવી જરૂરી છે.
- સભા તરફથી ૪૫ વર્ષથી નીચેનાને પ્રિમિયમમાં રૂા. ૩૫૦૦/- અને ૪૬ થી ૬૦ વર્ષ સુધી પ્રિમીયમમાં રૂા. ૫૫૦૦/- અને ૬૧ થી ૭૯ સુધીનાને પ્રિમીયમમાં રૂા. ૯૦૦૦/- ની રાહત સભાના નિતી નિયમ મુજબ આપવામાં આવશે. (Condition Apply)
- અન્ય કોઈપણ કંપનીની પૉલિસી લઈને સભા પાસેથી ઉપર મુજબ સહાય મેળવી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક**

**શ્રી મહેન્દ્રભાઈ તુરખિયા - ડોનર** | **શ્રી નિશિતભાઈ પી. તુરખિયા**

**કન્વીનર**
**શ્રી મુકેશભાઈ આર. શાહ (ચશ્માવાળા)**
**૯૮૧૯૧૮૩૩૨૫**

**કન્વીનર**
**શ્રી મહેશભાઈ દોશી**
**મો. ૯૩૨૨૬૭૧૦૮૭**

**કન્વીનર**
**શ્રી નવીનભાઈ જસવાણી**
**મો. ૯૮૨૦૬૮૧૮૧૪**

# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

Regd. Office : 301, Bay View (East), 3rd Floor,
47, Dr. M. B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.
**Mob.: 7208481791 / 7208472744 / 7208472884**



















**નોંધ :**

(૧) ઉપરોક્ત સેનેટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com પર કરવું.

(૨) ફક્ત માથેરાન સેનેટોરિયમમાં રૂા. ૬૦૦/- એક દિવસના સવારના નાસ્તો, બપોરની ચા તથા સવાર-સાંજના જમવાના ફરજિયાત આપવાના રહેશે.

(૩) સંસ્થાના નિતીનિયમ મુજબ બુકિંગ મળશે.

(૪) I-Card રાખવું જરૂરી છે.

(૫) આખું સેનેટોરિયમ બુક કરાવશો તો સ્પેશિયલ ડિસ્કાઉન્ટ મળશે.

**સંપર્ક સુત્ર**

| બીનાબેન સંઘવી | પ્રિતુલભાઈ શાહ (ગેડીવાળા) | નીરવભાઈ દોશી |
|---|---|---|
| મો. ૯૭૬૯૪ ૪૮૨૮૪ | મો. ૯૩૨૩૧૮૦૬૬૫ | મો. ૯૮૨૦૮૨૩૪૦૦ |

# Good News!!!

## ઝાલાવાડી મેટ્રિમોનિયલ નવો પ્રોજેક્ટ

**ઝાલાવાડી મેટ્રિમોનિયલ આપની સમક્ષ નવી સુવિધા લઈને ઉપસ્થિત થઈ રહ્યું છે. વર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખીને ઝાલાવાડી મેટ્રિમોનિયલ આપની માટે પર્સનલાઈઝડ કરવામાં આવે છે જે આપને ગમતાં દિકરા-દિકરીઓ સુધી પહોંચાડવામાં મદદરૂપ થશે. આ પ્રોજેક્ટમાં અમે આપને નીચે મુજબની બાબતોમાં સહાયરૂપ થશું.**

## Rules for Matrimonial Website

(1) આપ કોઈ પણ શ્રેણીમાં હો તો અમે તમને તેની વિગત આપી શકીએ છીએ.

(2) આપને પસંદ પડેલાં પરિવાર કે વ્યક્તિ સાથે જો આપ સંપર્ક કરવા અસમર્થ હો તો અમે આપની વચ્ચે સેતુરૂપ બની તેમની સાથે સંપર્ક કરાવવામાં મદદરૂપ બનશું.

(3) આપ જે પરિવાર સાથે વાત કરી રહ્યા છો અને આગળ વધી રહ્યા હો તો સામે વ્યક્તિ ને ઝાલાવાડી મેટ્રિમોનીયલ ના સભ્ય બનવા માટે કહેવાનું રહેશે.

(4) સભ્ય તરીકે જોડાવવા માટે અમારી વેબસાઈટ Zalawadi.Com પર જવું. ફોર્મ ભરવા માટે કોઈ મદદની જરૂર હોય તો શીતલબેનને ફોન કરવો.

(5) ખાસ નોંધ લેવી કે અમારું કાર્ય આપને ગમતી બાયોડેટા સુધી પહોંચાડવાનું રહેશે. બાકીની સંપુર્ણ તપાસ તમારે સ્વયં કરવાની રહેશે.

(6) આ નવી ઈવેન્ટ શરૂ કરવા માટે અમે વેબસાઈટ અને પત્રિકામાં તમામ માહિતી મૂકીશું.

(7) હમણાં મેટ્રિમોનીયલ વેબસાઈટ પર બાયોડેટા મુકવાની વાર્ષિક ફી રૂા. 1000/-+GST (1180) છે પરંતુ ભવિષ્યમાં આમાં વધારો આવી શકે છે.

(8) અમારુ કામ છે આંગળી ચિંધવાનુ આપનું કામ છે ખાત્રી કરી આગળ વધવાનું.

(9) જ્યારે પણ આપને ત્યાં શુભપ્રસંગ અમારી મેટ્રિમોનીયલ વેબસાઈટ દ્વારા આવે તો આપના ફોટો જરુરથી મોકલવો જેથી કરી અમે તેને અમારી વેબસાઈટ પર તેમજ ઝાલાવાડી પત્રિકામાં મૂકી શકીએ.

10) જો લગ્નસંબંધી આપને પુછપરછ કરવી હોય તો અમે આ પ્રોજેક્ટ ને ત્રણ ભાગમાં વહેંચી દીધું છે.

**દક્ષિણ મુંબઈ (સાયન સુધી)**

ઈન્ચાર્જ મીરાબેન શાહ +91 98193 04833

**પશ્ચિમ મુંબઈ (બાંદ્રાથી વિરાર સુધી)**

ઈન્ચાર્જ મેઘનાબેન શાહ +91 98203 33492

**મધ્ય મુંબઈ (ઘાટકોપરથી કલ્યાણ સુધી)**

ઈન્ચાર્જ શીતલબેન શાહ +91 96198 21435

**વેબસાઈટના મેટ્રિમોનિયલ**

ઈન્ચાર્જ શીતલબેન શાહ +91 96198 21435






શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા-મુંબઈ
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જાન્યુઆરી ૨૦૨૬
વર્ષ : ૭૧ : : અંક: ૧૦
: તંત્રી :
શ્રી શરદભાઈ મનમોહનદાસ ગાંધી
માલિક:
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા-મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : ભાવિન એસ. ગાંધી
રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ-૪૦૦૦૧૧. ફોન:૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/-+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/-
છૂટક નકલ રૂા. ૭/-

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧-૦૦ થી સાંજના ૭-૦૦


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*

# મહેક



ફૂલડાં તારી મહેકથી
ભમરો જાય ભરમાઈ
ને ગૂંજન કરતો બની જાય બંદી

મદમાખી તો કરે,
તારી મહેક સાથે દોસ્તી
ને મધુર રસનું પાન કરે
સર્જે મધ ઔષધી

માનવ તારી મહેકને,
ભરે બોટલો માંહી,
પ્રસરાવે એ સુવાસ,
સુંદર અવસર માંહી

મોગરાની મહેક એવી,
નારીના અંબોડે સોહી,
ગુલાબમાંથી બને ગુલકંદ,
ગુલાબપાક મિઠાઈ,

પ્રિયતમ પ્રિયાને છે ફૂલ પ્રિય,
આઈ લવ યુ કહી સમર્પે શીઘ્ર,
વૃક્ષ પરથી વરસે ફૂલડાં,
થાય ધરતી માને અર્પણ,
ને થાય ગાલીચાનું સર્જન.

તું ભક્તોની પૂજા થાળમાં રહી,
દીપે પ્રભુના ચરણો માંહી,
ફૂલડાં તું સોહામણા,
તેમાં ભરી મહેક,
જાણે તારે હરિ સાથે સ્નેહ.

– વિમળાબેન ધીરૂભાઈ શાહ

# દુ:ખ પણ એક દોલત છે

☐ હરિભાઈ કોઠારી

**સુ**ખ અને દુ:ખ જીવનનાં અવિભાજ્ય અંગ છે. સુખ તમારા ઘરમાં પ્રવેશે તે જ વખતે દુ:ખ બારણામાં ઊભું રહીને, 'હું અંદર આવું કે ? (May I come in Sir?)' એમ પૂછતું હોય છે. માનવજીવન સુખ-દુ:ખના શ્વેતશ્યામ તંતુઓથી વણાયેલું વસ્ત્ર છે. સુખ-દુ:ખ, જીવન-મરણ, યશ-અપયશ, હાન-લાભ આ યુગ્મ શબ્દો સાથે સાથે જ ઉચ્ચારાતા હોય છે. ખલીલ જિબ્રાન કહે છે, **'દુ:ખ તમારા જીવનપાત્રને કોતરીને જેટલું ઊંડું બનાવે છે એટલું વધારે સુખ એમાં સમાય છે.'**

જૂના કાળમાં એક પરિવારના આધારસ્તંભ સમા વડીલ ગુજરી ગયા. પછી કુટુંબ અસહાય, લાચાર અને ઓશિયાળું બની ગયું. દુ:ખ એ પરિવારનો સ્થાયીભાવ બની ગયું. સદ્ગત વડીલના મિત્ર એ પરિવારની મુલાકાતે આવ્યા. બેચાર દિવસ રોકાયા અને પરિસ્થિતિનો તાગ કાઢી લીધો. તેમણે જોયું, કુટુંબના ચાર ચાર જુવાન સંતાનો કશું ન કરતાં સત્ત્વશૂન્ય બનીને બેસી રહ્યા હતા. પરિવારના કબજામાં રહેલા શિંગના ઝાડ પરથી શિંગ તોડીને વેચતા અને તેટલા માત્રથી સંતોષ માનતા. કોઈ વિશેષ પરિશ્રમ કરતું નહીં, પરિણામે કુટુંબની હાલત કથળી ગઈ હતી. એક રાતે શિંગનું ઝાડ કાપીને મહેમાન ચાલ્યા ગયા. પરિવારજનોને સવારના ખબર પડી. ચિડાઈને મહેમાનને ખૂબ ગાળો આપી.

પરંતુ નિરાધાર થયા પછી બીજું કશુંક કરવું અનિવાર્ય બની ગયું. યુવાન દીકરાઓ વિવિધ કામે લાગ્યા અને થોડા જ વખતમાં કુટુંબ બે પાંદડે થઈ ગયું. બેઠાખાઉ લોકો સત્ત્વશૂન્ય બનીને મૃત જીવન જીવતાં હોય છે. 'ઘાયલ' લખે છે:

***નથી હોતું નિજ વ્યક્તિત્વ આશ્રિતમાં નથી હોતું,***
***કોઈના ઓશિયાળા નિજનું ઓજસ ખોઈ બેસે છે !***

સુખાસીન લોકો કાળક્ષેપ કરતા હોય છે, દુ:ખ જ માણસને સાચું જીવંત જીવન જીવતાં શીખવે છે. કુંતામાતા તેથી જ પરમાત્મા પાસે દુ:ખની યાચના કરે છે. (વિપદઃ સન્તુ નઃ શશ્વત્) સુખ સુષુપ્તિપોષક છે, દુ:ખ અનિવાર્યપણે જાગૃતિપ્રેરક છે. 'જન જાગે તો જ સવાર, નહીં તો ઘોર અંધારી રાત!' જાગૃતિ પ્રેરનારી પીડા પ્રસાદ બની જાય છે, વેદના વરદાન બની જાય છે. કવિએ સાચું જ કહ્યું છે,

**સહનની આવડત હો તો દુ:ખ પણ એક દોલત છે !**

સૂર્ય જેવા સૂર્યને પણ ઉદય અને અસ્ત જોવા પડે છે. ચંદ્રને પણ વૃદ્ધિ અને ક્ષય (સુદ અને વદ)નો અનુભવ કરવો પડે છે. સમુદ્રે પણ ભરતી અને ઓટનો સહજ સ્વીકારી કરવો પડે છે. કોઈ પણ અવસ્થામાં સૂર્ય લાલિમાં જાળવી રાખે છે, ચંદ્ર પ્રસન્ન જ હોય છે અને સાગર સદા ગાતો જ રહે છે.

વર્ષો પહેલાં એક માણસ નાનકડા ગામડામાં ચીકી વેચીને માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવતો. એક દિવસ ચીકી વેચાઈ નહીં, અકળાઈ ગયેલા એ માણસે ગામના ઠાકોરને ચીકી ખરીદવા આજીજી કરી. ઠાકોર ના પાડી પણ એ વારંવાર કાકલૂદી કરતો રહ્યો. ચિડાઈને ઠાકોરે એને લાત મારી. ચીકીની થાળ જમીન પર પડ્યો. એ માણસને ખૂબ આઘાત લાગ્યો. થાળ પડતો મૂકીને એ ચાલી નીકળ્યો. કશુંક કરવાના સંકલ્પ સાથે એ મુંબઈ પહોંચ્યો.

મુંબઈમાં નોકરી શોધી કાઢી. ધીરે ધીરે આગળ વધતો ગયો. સ્વતંત્ર વેપાર કરતો થયો. નસીબ યારી આપતું ગયું. થોડા જ વર્ષોમાં એ ધનવાન બની ગયો. ગામની શાળા માટે એણે બહુ મોટું અનુદાન આપ્યું. ગ્રામજનોએ એનો સત્કાર સમારંભ યોજ્યો. ગામના ઠાકોરે શેઠને પુષ્પહાર અર્પણ કર્યો. શેઠે કહ્યું : '''ઠાકોર ! તમે મને ઓળખ્યો નહીં પણ હું તમારો આભારી છું. તમે મને લાત મારીને ચીકીનો વેપલો છોડાવ્યો ન હોત તો હું આ કક્ષાએ પહોંચ્યો ન હોત.' આ સાંભળીને ઠાકોર ખૂબ જ શરમિંદા બની ગયા. 'એક સરખી દિવસ સુખના કોઈના જાતા નથી.' તેથી કોઈને હીન કે તુચ્છ સમજવાની ભૂલ કદી ન કરવી. કવિ લખે છે :

***છે માનવી જીવનની ઘટમાળ એવી,***
***દુ:ખ પ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી !***

કાદવમાં જ કમળ ખીલે છે, કાંટામાં જ ગુલાબ મહેકે છે.

***દુ:ખના કાંટા જીવનમાં જ્યારે ચુભે છે 'ગની'***
***મારું જીવન, ગુલાબનો આકાર હોય છે !***

સત્યના પંથે આગળ ધપતો સંકલ્પબદ્ધ માનવ જગતની ઠોકરોથી ગભરાતો નથી, એ તો ઠોકરોનો ઉપયોગ જીવનનો વેગ વધારવામાં કરી લે છે. 'સગીર' લખે છે :

***ઠોકરોથી માનવી તું શીદને ગભરાય છે,***
***જિંદગી એની બને છે,***
***ઠોકરો જે ખાય છે !***
***ઉષ્ણ હો જેની તમન્ના,***
***દિવ્ય હો જેના વિચાર,***
***એ બધા સંજોગોમાં જીવન***
***બનાવી જાય છે !***

❖❖❖

# રામકથા જગતને સંદેશ, ઉપદેશ અને આદેશ આપે છે

રામકથા ત્રણ વસ્તુ કરે છે. એક, રામકથા આખા સમાજને, આખા વિશ્વને સંદેશ આપે છે. રામકથા દ્વારા કોઈ ને કોઈ મેસેજ જાય છે. આ એની એ જ કથા, પણ છતાં એ જ કથા મને તે તમને ગમે છે; મને તો રોજ નવી લાગે છે, કારણ કે રામકથા રોજ નવો સંદેશ લઈને આવે છે. રામકથાનો એક શુદ્ધ સંકલ્પ છે કે ત્રણ વસ્તુ જગત સુધી પહોંચે. કેવલ ગુજરાત-ભારતમાં જ નહીં, પૃથ્વી પર જ નહીં પણ 'સકલ લોક જગપાવની ગંગા' આ કથા છે, એટલે સમસ્ત બ્રહ્માંડમાં જ્યા સુધી પહોંચે ત્યાં રામકથા કોઈ ને કોઈ એક નવો સંદેશ લઈને મારી ને તમારી પાસે આવે છે. આવું નિવેદન બહુ જ જવાબદારીપૂર્વક કરી રહ્યો છું. બીજું, રામકથા એક નવો ઉપદેશ લઈને આવે છે; યદ્યપિ ઉપદેશ મારું ક્ષેત્ર નથી, હું ઉપદેશ આપવાને મારી જાતને યોગ્ય માનતો નથી. હું સંદેશ સુધી છું. પણ રામકથા તો ઉપદેશ પણ આપે છે. અને રામકથાને જ્યારે લાગે છે ત્યારે મને ને તમને એ આદેશ પણ આપે છે.

રામકથા જગતને સંદેશ, ઉપદેશ અને આદેશ આપે છે. આ ત્રણેય વસ્તુ રામકથા કરે છે. અને જગતને દેશ-કાળ અનુસાર પાવન સંદેશની જરૂર છે. જગતને દેશ-કાળ અનુસાર પવિત્ર ઉપદેશની જરૂર છે અને આ જગતને ક્યારેક બુદ્ધપુરુષોના આદેશની પણ જરૂર છે. જગતની અંદર જીવના ત્રણ પ્રકારો છે. 'રામચરિતમાનસ'ના આધારે કહું તો જીવ ત્રમ ભાગમાં વહેંચાયેલા છે. કોઈ ચાર પ્રકાર પણ ગણે, પાંચ ગણે. પણ આપણે ત્રણની વાત કરીએ. આપણે બધા જ જીવો છીએ. એમાં મોટા ભાગના જીવો વિષયી



□ મોરારિબાપુ
સંકલન : નીતિન વડગામા

હોય છે. પણ એમાંથી થોડાક ઉપર ઊઠેલા જીવો જેને 'રામચરિતમાનસ' 'સાધક' કહે છે, એ સાધક જીવો છે. અને એમાંથી પાછા થોડાક વધારે ઊર્ધ્વગમન કર્યું હોય એવા જીવોને રામકથા સિદ્ધ કહે છે. મારી વ્યક્તિગત ધારણા શું છે એ આખું જગત જાણે છે કે હું સિદ્ધ થવામાં માનતો નથી; અને ત્યાં પહોંચવામાં મારી રુચિ પણ નહીં. આપણે શુદ્ધ રહીએ એ મને વધારે અનુકૂળ પડે. તો રામકથા, જો મારો ને તમારો શુદ્ધ સંકલ્પ હોય તો શું ન કરે? પણ આપણે જાણીએ છીએ, આપણે વિષયી છીએ. આપણા સંકલ્પો એટલા બધા પવિત્ર નથી હોતા. અને નાનકડો એવો પણ સંકલ્પ સ્હેજ બદલે તો બરકતમાં ફેર પડવા માંડે.

પાંડવો દ્રૌપદીની સાથે ભગવાન કૃષ્ણનાં દર્શન માટે નીકળે છે. રસ્તામાં એમને થયું કે ઈશ્વરના દરવાજે જઈએ તો ખાલી હાથે ન જવાય. આવી આપણે ત્યાં એક ધારણા છે. દેવસ્થાનમાં, કોઈ વરિષ્ઠને ત્યાં, ગુરુદ્વારે માણસ ખાલી હાથે નથી જતો. એટલું જ નહીં. આપણે ત્યાં તો સ્મૃતિકારોએ ત્યાં સુધી કહ્યું કે, જેના ઘરમાં નાનું બાળક હોય એને ઘરે તમે જાવ તો ખાલી હાથે ન જવું. પાંડવોએ વિચાર કર્યો કે ખાલી હાથે ન જવાય. એમાં જે રસ્તે એ નીકળે છે, મોસમ ન હતી કેરીની પણ કમોસની આંબો હશે. પાંડવોને થયું કે ભગવાન પાસે જઈએ છીએ તો આ કેરી આપણે લેતા જઈએ. અને કેરી પાંડવોએ તોડી. કોઈ એક ભાઈએ કેરી તોડી પણ છયે એમાં સંમત છે. કેરી લઈને હરખાતા પાંડવો દ્રૌપદી સાથે ભગવાન કૃષ્ણની પાસે જઈને કેરીનું ફળ મૂકીને પ્રણામ કરે છે. અને કદાચ પહેલી વાર ભગવાન કૃષ્ણ બહુ ગુસ્સે થયા. પાંડવો ધ્રૂજે છે, આશ્ચર્ય પામે છે! ભગવાને કહ્યું, 'પહેલાં એ બતાવો કે કેરી લાવ્યા ક્યાંથી?' 'આંબા ઉપર હતી તો તોડી લીધી.' કૃષ્ણનો બીજો પ્રશ્ન, 'આંબો તમારો હતો?' 'ના.' 'એના માલિકને તમે પૂછ્યું'તું?' 'ના' 'તમારે એના માલિકને પૂછવું જોઈએ.' 'પણ મહારાજ, અમારે ક્યાં ખાવી હતી? અમારે તો તમને ધરવી હતી.' ત્યારે ભગવાન કૃષ્ણ બહુ જ સરસ બોલ્યા, 'મેં તમને ક્યાં કીધું છે કે તમે ચોરીને મને ધરો.

કો'કના આંબામાંથી ફળ તોડીતોડીને મને ધરો એવું કૃષ્ણ કહેતા જ નથી, પણ ખબર નહીં, આપણે ક્યાંથી શીખ્યા છીએ! 'માનસ' કંઈક આવો સંદેશો લઈને આપણી પાસે આવે છે. પાંડવો કહે કે, 'હા મહારાજ, અમે પૂછ્યું નં હતું, પણ અમને પ્રાયશ્ચિત બતાવો.' ભગવાને કહ્યું કે, 'આનું પ્રાયશ્ચિત એક જ છે. તમે છયે એક વર્ષ સુધી ગાયને જવ ખવડાવો. અને ગાય પોતાના મળ દ્વારા એ જવને બહાર કાઢે ત્યારે એના એ પવિત્ર છાણમાંથી જવને પાછાં વીણો. પછી ગૌમૂત્રમાં એની ખીચડી બનાવો અને છયે જણાં એક વર્ષ સુધી

ખાવ.' છયે વિચાર કરે છે. પ્રાર્થના કરે છે કે, 'ઠાકુરજી, આમાં કોઈ વિકલ્પ ખરો ?' ભગવાને કહ્યું, 'એક જ વિકલ્પ છે. આ કેરી જે આંબાની ડાળખીમાંથી તોડી છે ત્યાં તમે પાછી ચોંટાડી દો.' પાંડવોને થયું કે આ કરવા જેવું છે. આવ્યા આંબા પાસે. કેરી નીચે જમીન પર મૂકી. ધર્મરાજે પોતાનું સત્ય અજમાવતા હાથમાં પાણી લઈ કહ્યું, 'હું મારી જિંદગીમાં અસત્ય ન બોલ્યો હોઉં તો કેરી જે ડાળખીથી તૂટી ત્યાં ચોંટી જાવ.' અને કેરી ઊપડી ! તર્ક-બર્ક નહીં કરતાં ! જળ ચડાવ્યું. કેરી એક હાથ ઊંચી ગઈ અને હવામાં એમ ને એમ રહી ગઈ ! ધર્મને થયું કે આમ કેમ થયું ? પછી એને થયું કે મારોય સંકલ્પ તો બગડ્યો હતો એક વખત. કર્મ મૂકતું નથી !

અર્જુનને કીધું કે હવે તું તારું સત્ય અજમાવ. અર્જુને સત્ય અજમાવ્યું તો કેરી એક હાથ વધારે ઊંચી ગઈ. એનેય ખ્યાલ આવી ગયો. નકુલને કહ્યું. એણેય અજમાવ્યું. કેરી ચાર હાથ ઊંચે ગઈ. હવે ડાળી એક હાથ અને ચાર આંગળ બાકી. ભીમસેન પોતાનું સત્ય અજમાવે છે. કેરી ડાળીને હવે માત્ર ચાર આંગળ બાકી છે. દ્રૌપદી બાકી છે. દ્રૌપદીએ સત્ય અજમાવ્યું છે. અને સાહેબ, કેરી મૂળ જગ્યાએ ચોંટી ગઈ ! આપણા દેશની માતૃશક્તિની આ તાકાત છે. પાંડવો અને આ છયે રાજીરાજી થાય ત્યાં તો કેરી એની મેળાએ તૂટીને નીચે આવી ! દ્રૌપદીના ચહેરા પર મ્લાનભાવ આવ્યો. એને પણ પોતાનો ખ્યાલ આવી ગયો. કેરી દડતીદડતી આંબો હતો એ જમીનની બહાર નીકળી ગઈ. એટલે પાંડવોએ નક્કી કર્યું કે, હવે આપણે તોડી નથી અને જેની માલિકી છે એની જમીનમાં કેરી નથી, એને લેવામાં વાંધો નહીં. એની એ કેરી લઈને પાછા આવ્યા કૃષ્ણ પાસે.

મૂળ આમાં સંદેશ છે. સંકલ્પની થોડીક અશુદ્ધિ માણસની ઊંચાઈને કેટલી પરાસ્ત કરે છે ! આપણા સંકલ્પનું કોઈ ઠેકાણું નથી. સંતનો સંકલ્પ ભલે 'સ્વ' હોય. પરંતુ તુલસી કહે, કીર્તિ-સંપત્ત-કવિતા સૌનું હિત કરતી હોવી જોઈએ. 'આ કવિતા હું મારા સુખ માટે લખું છે.' એમ કહેનાર માણ જ એક કહે છે કે કવિતા સર્વના સુખનું કારણ બનવી જોઈએ. એટલે સ્વપણું સર્વનું બને છે.

તો ભગવાન રામની આ મંગલમય કથા મારા ને તમારા જેવા વિષયી જીવોને રોજ નવો સંદેશ આપે. છે. જરા પણ અતિશયોક્તિ વગર બોલી રહ્યો છું કે. રોજ નવો સંદેશ આપે છે. વિષયી જીવને સંદેશ આપે છે અને સાધક જીવને ઉપદેશ આપે છે. અને કોઈ કોઈ સિદ્ધપુરુષ હોય એને આ કથા આદેશ આપે છે; જાગ્રત માણસોને આદેશ આપે છે. આમ, રામકથાએ ત્રણેય શબ્દો આપ્યા છે. તો આ કથા સંદેશ, ઉપદેશ અને આદેશ આપે છે. 'ગીતા' પણ આમ જ કહે છે, અર્જુનને-વિષયી જીવોને સંદેશ આપે છે, સાધકોને ઉપદેશ આપે છેઅને સિદ્ધોને સીધો આદેશ આપે છે કે, 'સર્વધર્માન્ પરિત્યજ્ય.' તો કેટલા બધા મહાપુરુષો ગાતા રહ્યા છે આ રામકથા, છતાં એ આપણને રોજ નવી લાગે છે.

---

## નિયમ ઘડવૈયાની ફરજ

**ભા**રતમાં પાલી ભાષાના એક પ્રખર પંડિત થઈ ગયા. એમનું નામ હતું ધર્માનંદ કોસમ્બીજી ! તેઓ ગાંધીજીના પણ પરિચયમાં આવ્યા હતા અને રાષ્ટ્રવાદના રંગથી રંગાયા પણ હતા.

તેમણે પાલીનો અભ્યાસ બ્રહ્મદેશમાં એક બૌદ્ધવિહારમાં રહીને કર્યો હતો.

આ શિક્ષણ સંસ્થામાં ત્રિલોકાચાર્ય આચાર્યપદે હતા.

આચાર્યે સંસ્થા માટે એક નિયમ ઘડ્યો કે દરેક વિદ્યાર્થીએ સવારના પાંચ વાગ્યે ઊઠી જવું. જે વિદ્યાર્થી મોડો ઊઠે તેના માટે દંડની જોગવાઈ હતી.

એ જોગવાઈ મુજબ જે કોઈ વિદ્યાર્થી મોડો ઊઠે તેણે, પાસે આવેલી નદીમાંથી પાણીના અમુક ઘડા ભરી લાવીને સંસ્થાના બગીચાના વૃક્ષો અને છોડવાંઓને પાણી પાવું.

એક વાર ધર્માનંદ કોસમ્બી સવારમાં બગીચામાં આવ્યા કે તેમણે ત્રિલોકાચાર્યને બગીચામાં પાણી પાતા જોયા.

તેઓ તરત જ આચાર્ય પાસે દોડી ગયા અને બોલ્યા : 'ગુરુજી, તમે શા માટે પાણી પાઓ છો ?' લાવો, હું ઝાડને પાણી પાઉં.'

આચાર્યે કહ્યું : 'ભાઈ, આજે મેં સંસ્થાના નિયમનો ભંગ કર્યો છે. આજે હું મોડો ઊઠ્યો હતો ! મારે નિયમભંગ માટે દંડ સહન કરવો જ રહ્યો !'

ધર્માનંદ કોસમ્બીએ જરા નવાઈ પામીને કહ્યું : 'પણ તમે તો સંસ્થાના આચાર્ય છો, તમે કંઈ વિદ્યાર્થી નથી ! આ નિયમ તો વિદ્યાર્થીઓ માટે છે, તમારા માટે નહિ !'

ત્રિલોકાચાર્યે કહ્યું : 'ભલે નિયમ વિદ્યાર્થીઓ માટે રહ્યો. પણ એ નિયમનો ઘડનાર તો હું જ છું ને ! જો નિયમનો ઘડનાર જ નિયમ ન પાળે તો એ નિયમ બીજા પાસે પળાવવાનો એને કશો અધિકાર રહેતો નથી. નિયમ ઘડનારાએ તો નિયમને પ્રથમ માન આપવું જોઈએ.'

**– સ્પીડ બ્રેકરમાંથી**

# ઘસાઈને ઊજળા બનવું



☐ ગુણવંત બરવાળિયા

વિશાળ સરિતાના બે કાંઠા વચ્ચે ધસમસતા નર્મદાનાં નીર વહી જતાં હોય છે, ક્યાંક સપાટ પ્રદેશમાં જાણે શાંત સરોવર જેવી દેખાતી આ સરિતા આગળ વળાંકોમાં રમતિયાળ બની જાય અને ઊંચાણવાળા પર્વતીય પ્રદેશમાંથી જ્યારે નીચાણવાળા પ્રદેશમાં જાય ત્યારે એના વારિનો વિકરાળ જથ્થો જાણે તોફાની બની જતો હોય ચે અને સમુંદરના ઉછળતાં મોજાંની યાદ અપાવે તેવો હોય છે. આવા જ એક સ્થળે શ્યામલાલ પોતાની નાવ ચલાવતો હોય છે. પત્ની, પુત્ર, બે પુત્રી અને માતા-પિતાનું શ્યામલાલનું કુટુંબ. શ્યામલાલ પોતાના ધંધામાં મહેનતુ. પિતા પણ ઘરે સમય મળે તેમ વાંસના ટોપલા બનાવે, બહાર બેસીને વેચે પછી પ્રભુભજન કરે.

શ્યામલાલ સવારથી સાંજ નૌકામાં મુસાફરોને બેસાડે ને નાવ ચલાવી સામે પાર પહોંચાડે અને સામે કિનારાના પ્રવાસીઓને વળતા ત્યાંથી બેસાડી પાર લઈ આવે. સામે કિનારે બે મોટાં મંદિર. એ મંદિરના દર્શનાર્થીઓ નૌકામાં નદી પાર કરી પ્રભુદર્શન કરે જેથી બધા નૌકાવાળાઓને ઘરાકી મળ્યા કરે. વળી આ બાજુને કાંઠે થોડી દુકાને જેથી ખરીદદાર, સામે કાંઠેના ગામવાળા હટાણું કરવા આવે તે ગ્રાહકો મળે. મંદિરની બાજુમાં કેટલીક શાકભાજી અને ફળોની વાડીઓ તેથી ફળો અને શાકભાજી લેવાવાળા ઘરાકો પણ આ નૌકાવાળાને સતત મળ્યા કરે.

એક દિવસ શ્યામના પિતા કિનારે આવે છે અને નાવ જોઈને શ્યામને કહે છે કે, નાવનો રંગ ઘસાઈ ગયો છે. સામે મોટા તહેવારના દિવસો આવે છે. શેઠિયાઓ દર્શન કરવા આવશે, નાવ દેખાવામાં સુંદર હશે તો જ બેસશે માટે આને દુરસ્ત કરવાની, રંગરોગાન કરવાની જરૂર છે.

બીજે દિવસે શ્યામ ગામમાં નવો રહેવા આવેલ મથુરદાસ પાસે જાય છે અને પોતાની નાવને પેઈંટીંગ કરાવાની વાત કરે છે. ભાવતાલ નક્કી થાય છે અને શ્યામ કહે છે કે, કાલે હું નાવ ચલાવવાનો નથી. તું પેઈંટીંગ કરી અને નાવને સૂકવવા મૂકી દેજે. મથુર તો દિવસના વહેલી સવારથી પેઈંટીંગ કામમાં લાગી જાય છે. બપોરે તડકામાં પેઈંટ સુકાય જાય તેવી જગ્યાએ નાવ મૂકી ઘરે જાય છે.

બીજે દિવસે સાંજે શ્યામને ઘરે પેઈંટીંગ કર્યું હતું તેનું મહેનતાણું લેવા જાય છે. શ્યામ પૈસા ચૂકવે છે. મથુર પૈસા ગણે છે અને તેને આશ્ચર્ય થાય છે ! વિચારે છે કે શ્યામની કાંઈક ભૂલ થઈ લાગે છે. પોતે ફરીવાર પૈસા ગણે છે અને શ્યામને કહે છે કે, તમે હિસાબ બરાબર કર્યો ? પૈસા બરાબર ગણ્યા છે ? શ્યામ કે હા, મેં મારી આવડત અને હેસીયત પ્રમાણે હિસાબ બરાબર કર્યો છે. મને લાગે છે કે હકીકતમાં મેં આપને ઘણા ઓછા પૈસા આપ્યા છે.

મથુર કહે ના, શ્યામભાઈ, આપણે જે ભાવ નક્કી કર્યો હતો તેના કરતાં તમે મને ડબલ-બમણા પૈસા આપ્યા છે, શા માટે ? શ્યામ કહે ભાઈ, વાત એમ છે કે આજે સવારે હું ઊઠ્યો ને મારાં બાળકોને ન જોતાં મેં પૂછ્યું કે છોકરાંવ ક્યાં ગયાં છે. ? પત્ની કહે, એ તો વહેલી સવારે નૌકામાં સહેલ કરવા ગયાં છે. મારો શ્વાસ અધ્ધર થઈ ગયો. હું આકુળવ્યાકુળ થઈ ગયો ને દોડતો, પ્રભુસ્મરણ કરતો કિનારા પર ગયો તો મેં જોયું કે મારી નૌકા કિનાર તરફ આવી રહી હતી, બાળકો બહાર આવ્યાં, હાશ, મને નિરાંત થઈ. બાળકો હેમખેમ હતાં. કિનારે નાંગરેલી નાવને મેં ચેક કરી ને મેં ભગવાન સાથે તમારું સ્મરણ કરી પાડ માન્યો.

મારી નાવમાં બે નાનાં છિદ્રો હતાં. હું તમને એ કહેવાનું ભૂલી ગયો હતો. હું નાવ ચલાવવા જાઉં ત્યારે સવારે લાકડાં અને કપડાંના નાના બૂચ મારી કામચલાઉ એ છિદ્રો બંધ કરી દેતો. હું ચિંતિત એટલે હતો કે મેં છિદ્રો પુરવાની વાત તમને કરી ન હતી. છિદ્રોવાળી નાવમાં બાળકો ગયાં. આ તોફાની પાણીમાં શી હાલત થાય તે તમે કલ્પી શકો. પણ નાવમાં છિદ્રો પુરાયેલાં હતાં.

મથુર કહે, હું પેઈંટ કરું ત્યારે ઝીણવટથી દરેક રીતે ચેક કરું. પેઈંટીંગના સામાન સાથે થોડી લાપી રાખું, છિદ્રો હોય તો પુરી દઉં ને મેં પુરી દીધાં. શ્યામ કહે ભાઈ, છિદ્રો પુરી તમે મારાં બાળકોને બચાવ્યાં તેના પ્રતીકરૂપે જ મેં તમને મહેનતાણું આપ્યું છે એટલું જ નહીં, મારા બધા નૌકાના માલિક મિત્રોને હું કહીશ કે, પેઈંટ કરાવવું હોય તો ગામમાં નવા આવેલા મથુરભાી પાસે જ કરાવવું. ભાઈ, તમે નિષ્ઠાપૂર્વક આ કાર્ય કરીને ઊજળા બન્યા છો. મથુરે પોતાના જીવનમાં ''ઘસાઈને ઊજળા બનો''ની ઉક્તિ ચરિતાર્થ કરી.

❖❖❖

# લીલી ઓઢણી

☐ હરિશ્ચંદ્ર

નહીં નહીં તોયે મંગીની વય સાઠની. બાંધો મજબૂત. પણ ઉંમર દેખાવા લાગેલી. એ જે બે-ચાર ઘરનાં કામ કરતી તે બધાંય તેના પર ખુશ. કારણ, કામ અરીસા જેવું ચોખ્ખું અને હાથેય એવા જ.

પણ ખરું પૂછો તો કામ હવે તેનાથી થતું નહોતું. પેલી મુન્સફની વહુ તો તેને કહેતીયે ખરી કે 'મંગીમા, હવે ચાર ઠેકાણે કામ શું કરવા કરો છો ? અમારે ત્યાં જ થોડું વધારે કરો... રૂપિયો-રોડો વધુ આપીશ.'

'વહુ, સાચું કહો છો તમે... પણ મારી મીનુ છે ને ! એના માબાપ હોત...' કહેતાં એનું ગળું ભરાઈ આવતું.

મીનુ એની પૌત્રી, હવે બીજીમાં ગઈ હતી. ચોપડીઓ, નોટ, પેન, પેન્સિલ... બચાડી ક્યાં લેવા જાય ? ડોશી વહેલી સવારે રોટલા કરી કામે જાય. બપોરે આવે ત્યારે મીનુ ખાઈ ને નિશાળે જતી રહી હોય. સાંજે બેય ભેળાં થાય. મીનુની વાત જ ખૂટે નહીંઃ 'દાદી, આજે મારા ત્રણેય દાખલા સાચા પડ્યા. ટીનુના બે ખોટા પડ્યા... બહેને ચંપીને બાંકડે ઊભી રાખી...'

અને ક્યારેક પોતાની ''અગાધ વિદ્વત્તા'' બતાવવા પૂછતી, 'ચાલ, કહે જોઈએ, દિશા કેટલી ? તરુ કોને કહે ?...' દાદીને આ બધાના જવાબ આવડતા નહીં, અને મીનુ પછી હસીને એ'ટમાં બધુ સમજાવતી. પૌત્રીની હોશિયારી જોઈ દાદીની છાતી ફુલાતી.

અને તે દિ'સાંજે આવીને મીનુએ કહ્યું, 'અમારી શાળાનો મેળાવડો થવાનો છે.... ગોવાલણના રાસમાં મનેય લીધી છે... લીલાં ચોળી ચણિયા અને લીલી જ ઓઢણી. મને લઈ આપીશ ને ?'

પોતાનો સાડલો ફાટી ગયો હતો. ભાડું આપવાનું બાકી હતું. પણ છોકરીને નિરાશ કેમ કરાય ? ઘરમાં તેલ ન હોય તો ભડકું કરીને ચલાવતી, પણ કોઈ દિવસ કોઈ પાસે હાથ લાંબો ન કરતી. એવી મંગીએ તે દિ'મુન્સફની વહુ પાસે પાંચ રૂપિયા ઉછીના માગ્યા.

'ના કહું તો ખોટું લાગશે, પણ અમારે અમારા ખરચા હોય છે. હમણાં જાવ, સાંજે જોઈશ.'

મંગીના સ્વમાનને ધક્કો લાગ્યો. ફરી ન જવાનો વિચાર આવ્યો. પણ મીનુના દિલને આઘાત લાગશે તેનું શું ? મીનુ ખાતર એ નીચું મોં કરીને પૈસા લઈ આવી.

જે દિવસ મેળાવડો હતો તે દિવસ મીનુની કાંઈ દોડધામ ! અધ્ધર અધ્ધર ચાલતી હતી. જતાં જતાં ત્રણવાર કહી ગયેલી, 'જોજે, મોડી ન થતી. રાતે આઠ વાગે આવી રહેજે !'

મેળાવડો શાળાના લાભાર્થે હતો. સૌથી છેલ્લા વર્ગની ટિકિટ લઈ મંગી દાખલ થઈ. પ્રતિષ્ઠિત મનાતા લોકોને યોગ્ય જગ્યાએ બેસાડવામાં વ્યવસ્થાપકો વ્યસ્ત હતા.

ઘણો વખત થયો. બેસી-બેસીને મંગીને ઝોકાં આવવાં લાગ્યાં. 'રાસ ક્યારે થવાનો ?'... 'સ્વાગત-ગીત, સંવાદ, એકાંકી, ભાષણ...' લાંબીલચ્ચ યાદી હતી. મંગીને ઊંઘ આવી ગઈ. વચ્ચે-વચ્ચે તાળીઓના ગડગડાટથી જાગી જતી અને બાજુમાં પૂછી લેતી, 'હવે રાસ શરૂ થશે ?' જવાબ મળતો, 'ના, હજી વાર છે.'

અહેવાલ-વાંચન, દાતાઓનું ગૌરવ, અધ્યક્ષશ્રીનું ભાષણ... અને બાજુની બાઈ એ કહ્યું, 'આ શ્રીમાનનું ભાષણ પૂરું થશે, પછી ગોવાલણનું રાસ.' આટલું સાંભળતાં જ મંગીની ઊંઘ ઊડી ગઈ. એ ટટ્ટાર થઈ ને બેઠી. પણ ભાષણ પૂરું થાય જ નહીં. વ્યવસ્થાપકો પણ ઊંચા-નીચા થતા હતા. મંગી ભારે અધીર અને અસ્વસ્થ બની ગઈ હતી. લોકોએ ખૂબ તાળીઓ પાડી ત્યારે અધ્યક્ષશ્રી બેઠા. ત્યાં તો એમ જાહેર થયું કે સમય ઘણો ઓછો હોવાથી બાકીના કાર્યક્રમો રદ... છેલ્લે એક સંવાદ અને રાષ્ટ્રગીત પછી આજનો કાર્યક્રમ પૂરો થશે.

બાજુવાળીને મંગીએ પૂછ્યું....'હેં !... એટલે હવે રાસ નહીં થાય ?'... વ્યાકુળતાથી એ પૂછતી રહી. એની આંખો ભરાઈ આવી...એકાદ મહિનાથી મીનુ દોડધામ કરતી હતી. એનો ઉલ્લાસ, હોંશ...થોડી વારે માંડમાંડ ઊઠીને એણે ચાલવા માંડ્યું. ત્યાં તો 'તમે જ મીનુના દાદીને ? ચાલો, બહેન બોલાવે છે,' કહેતો પ્યુન તેને સ્ટેજ પાછળ લઈ ગયો.

જેમનો કાર્યક્રમ પતી ગયો હતો. તે બધાં હરખ કરતાં બેઠાં હતાં. બીજી બાજુ કેટલાંક ગુમસૂમ. તેમાં મીનુ ચોધાર આંખે રડતી હતી.

બહેન બોલ્યાં : 'તમારી આ લાડકીને લઈ જાવ. સાવ ગાંડુ જ છે ! બીજી બધી છોકરીઓ નથી રહી ગઈ ? પણ એ કોઈ મીનુની જેમ ભેંકડો તાણે છે ?'

મંગીએ મીનુને છાતી સરસી ચાંપી. 'રડીશ મા, બેટા ! ઘરે ચાલ, અને મને જ દેખાડજે તારો રાસ. આ બધા શાણા લોકોને મારા જેવી ડોશીના મનની અને છોકરીની હોંશની શી ખબર પડે ?'

ઝગમગતા પ્રકાશમાં મીનુના અંગ પરની જરીની કિનારવાળી ઓઢણી ચમકતી હતી. તેના કરમાયેલા ચહેરા પરના આંસુ પોતાના જીર્ણ પાલવ વડે લૂછતી મંગી ગદ્‌ગદ્ અવાજે કહેતી હતી... 'અમથી મીના...'

તે વખતે શાળાના આચાર્ય અધ્યક્ષશ્રીના મૂલ્યવાન ભાષણ માટે લળી-લળીને આભાર માનતા હતા !

(શ્રી આનંદી કિર્લોસ્કરની મરાઠી વાર્તાને આધારે)



# જંગ માંડ્યો છે ?

☐ વજુભાઈ શાહ

જવાહરલાલજીએ એક સભામાં જોશીલી વાણી ઉચ્ચારી કે, આપણો દેશ ગરીબીની સામે યુદ્ધે ચડ્યો છે; પંચવર્ષીય યોજનાઓ એ આ યુદ્ધની વ્યૂહરચના છે.

આ દેશનો કોઈ પાયાનો પ્રશ્ન હોય તો તે કાતિલ ગરીબાઈ છે. દેશના સત્ત્વને નિરંતર ચૂસી રહેલી આ ગરીબાઈને આપણે હટાવી ન શકીએ ત્યાં સુધી સામાજિક, નૈતિક કે આધ્યાત્મિક જીવનના કોઈ પણ ક્ષેત્રે વ્યાપક પ્રમાણમાં ઝાઝી પ્રગતિ થઈ શકવાની નથી. એટલે જ જવાહરલાલજી જેવા એવી ભાષા ઉચ્ચારે છે કે આપણો દેશ ગરીબી સામે યુદ્ધે ચડ્યો છે.

પણ આપણે સૌ આપણાં મનને સવાલ પૂછીએ કે આપણે યુદ્ધે ચડ્યા હોઈએ એવું આપણને લાગે છે ? દેશમાં પંચવર્ષીય યોજનાનાં કામ ચાલે છે એ ખરું; એણે નિરધારેલા લક્ષ્યાંકો પણ કંઈક ઓછાવત્તા પ્રમાણમાં સિદ્ધ થતા જાય છે એય ખરું. પણ આ દેશની પ્રજા ખરેખર કોઈ કારમી સ્થિતિમાંથી મુક્ત થવા માટે એક થઈને યુદ્ધે ચડી હોય, એવું આપણા જીવન-વ્યવહારમાંથી કંઈ પ્રગટ થાય છે ખરું ? આપણો જીવનમાર્ગ રૂંધી રહેલ કોઈ ભયંકર દુશ્મનને પરાસ્ત કરવા માટે એની સામે આપણે જીવસટોસટની બાજી ખેલી રહ્યા છીએ, એમ આપણા જીવનના રંગઢંગથી કોઈને લાગશે ખરું છે ?

થોડાં વરસ પહેલાં આપણા દેશે વિદેશી સલ્તનત સામે જંગ માંડ્યો હતો. દેશનો આત્મા અંદરથી અકળાઈ ઊઠ્યો હતો. ગુલામી એના રોમેરોમમાં ખટકતી હતી. ગાંધીજીએ માર્ગ બતાવ્યો, અને એ માર્ગે ચાલવા પ્રજા એકતાર થઈ ગઈ. ભણેલા, અભણ, શહેરવાસી, ગ્રામવાસી, રાય, રંક, ધનવાન, નિર્ધન, અરે આજાર-અપંગ સૌ કોઈનું એક જ લક્ષ્ય, કે ગમે તે થાય પણ પ્રજાનું સર્વ પ્રકારે સત્યાનાશ વાળનારી પરતંત્રતાને નહિ સાંખી લઈએ. ગમે તે સંકટો આવે, ગમે તે જોખમો આવે, અમારી જમીન-જાગીર, માલમિલકત ફના થઈ જાય, અમારે જીવનભર કારાવાસમાં સબડવું પડે કે અમને ગોળીએ દેવામાં આવે; ગમે તે થાય, અમે અમારી માતૃભૂમિની પરાધીનતા બરદાસ્ત કરવાના નથી. સૌના મનમાં આ એક જ વિચાર, સૌના દિલનો એક જ ધબકાર, સૌની જીભે એક જ ઉચ્ચાર. એમાંથી એવી પ્રચંડ શક્તિ પેદા થઈ કે દુનિયાની સૌથી મજબૂત ગણાતી સલ્તનતના પાયા ઊખડી ગયા. દેશ ગુલામીના શાપમાંથી મુક્ત થયો.

ગુલામીની જેમ ગરીબ પણ આવો ભીષણ ભયાનક શાપ છે, આપણા કરોડો દેશવાસીઓને નિરંતર ભરખી રહ્યો છે અને નિ:સત્ત્વ બનાવી રહ્યો છે, એમ આપણને લાગે છે ખરું ? એના ખ્યાલ માત્રથી આપણને અકળામણ થાય છે ખરી ? દૂધ-ઘી કે છાશનાં જેને દર્શન પણ થતાં નથી એવાં લાખો સુકુમાર બાળકો, એક જ વસ્ત્રે વર્ષ વિતાવતી અસંખ્ય મા-બહેનો, રાતદિવસ વૈતરું કરતા ખેડૂત-મજૂરો અને એક ટંકની પણ રાબ-છાસ મળી રહેશે એ આશાએ કામની શોધમાં ભટકતા લાચાર બેકારો - એ બધાંની કલ્પના કરતાં બેચેન થઈ જવાય છે ખરું ? આ બધાં અમારાં બહેન-બાંધવો છે, એમનું દુ:ખ તે અમારું દુ:ખ, અમે આ પરિસ્થિતિ ક્ષણવાર પણ નહિ સાંખી લઈએ - એવો પોકાર આપણા દિલમાં ઊઠે છે ખરો ? એમ ન થતું હોય તો શી રીતે કહી શકીએ કે આપણે ગરીબી સામે જંગ માંડ્યો છે ?

દેશ ગરીબી સામે યુદ્ધે ચડ્યો છે ત્યારે એને માટે જે કોઈ વ્યૂહરચના જરૂરી હોય તે કરો, મને એ શિરોમાન્ય છે. મારી જમીન, મિલકત, મારું ધન, મારાં સાધન, મારી બુદ્ધિ, મારી શક્તિ, મારું તમામ આ યુદ્ધ જીતવા માટે છે. એને માટે જે રચના કરવી હોય તે કરો, જે કાનૂન ઘડવા હોય તે ઘડો, જે નિયમ બનાવવા હોય તે બનાવો. અને એનું પાલન કરવા માટે સૌથી પહેલું મારું નામ લખો. દેશ ગરીબ રહે, મહેનત-મજૂરી કરનાર મુસીબત ભોગવે, કરોડો માણસોને સામાન્ય જીવન જરૂરિયાતનાં સાંસાં હોય, ત્યાં સુધી બીજાની પહેલાં એકદમ સુખી થઈ જવાની, ઝટઝટ કમાઈ લેવાની, બંગલા-મોટર વસાવવાની, વેપારધંધા જમાવી લેવાની, વાડીખેતર વિસ્તારવાની, મૂડી ભેગી કરી લેવાની - અરે, ઝટઝટ ભણી લઈને અમલદારી મેળવી લેવાની મને ઈચ્છા નથી. એનાથી તો દેશ દયાહીન અને કઠોર થાય. એ તો ગરીબી કરતાંય મોટો શાપ. આપણે એવું થવા દેવું નથી. આ દેશ મારું કુટુંબ છે; એમાં એક પણ માણસ ગરીબ રહે ત્યાં સુધી મને ચેન પડવાનું નથી અને તેથી ગરીબીને ખતમ કરવા માટે જે કાંઈ કરવું પડે, જે કંઈ છોડવું પડે તે બધું અમને મંજૂર છે - એવો પોકાર આપણા

દિલમાંથી ઊઠે છે ખરો ?


જવાહરલાલજી કહે છે કે આપણો દેશ યુદ્ધે ચડ્યો છે. પણ વાતાવરણમાંથી એવો યુદ્ધનો પોકાર ઊઠતો જણાતો નથી. દેશના હિતમાં આપણું હિત છે એમ કહીએ છીએ ખરા, પણ બન્ને હિત વચ્ચે વિરોધ આવે ત્યારે આપણા હતને દેશહિત કરતાં મહત્ત્વનું માનીએ છીએ. આપણને સૌને આપણાં હિત એક હોય એમ લાગતું નથી ને તેથી સૌ પોતપોતાનાં અલગ હિતની વેતરણમાં પડી ગયા છીએ. લગભગ દરેક વ્યક્તિ, દરેક વર્તુળ, દરેક વર્ગ અન્યનો વિચાર કર્યા વિના પોતાનો, પોતાના વર્તુળનો કે પોતાના વર્ગનો વિચાર કરીએ છીએ ને બીજા કોઈની ચિંતા કર્યા વિના, પરવા કર્યા વિના પોતપોતાની સ્થિતિ મજબૂત કરવાની મહેનત કરીએ છીએ. યુદ્ધ જેવો પુરુષાર્થ દેખાય છે ખરો, પણ તે દેશને માટે નહિ - પોતપોતાને માટે. સૌની દિશા એક નથી, સૌનાં કદમ એક નથી, સૌના તાલ એક નથી. આથી એકબીજા સાથે અથડાઈએ છીએ, ભટકાઈએ છીએ, એકબીજાની આંટીએ ચડીએ છીએ. આવી આપણી ચાલ છે. આ જાતનું લશ્કર યુદ્ધે ચડ્યું હોય તોપણ યુદ્ધ જીતી શકાય ખરું ?

દેશના અર્થશાસ્ત્રીઓ, અભ્યાસીઓ, અનુભવીઓ નવી પંચવર્ષીય યોજનાના પાયા વિચારી રહ્યા છે. પણ એ બધા પાયાનોય પાયો પહેલાં માંડવો પડે તેમ છે - અને તે રાષ્ટ્રનો આત્મા જાગ્રત કરવાનો. સ્વાર્થ અને સંચયની મૂર્છામાં રાષ્ટ્ર કેવો જકડાયો છે, એનાં કારણો શાં છે, એ મૂર્છા ઊતરે, એનામાં નવી ચેતનાનો સંચાર થાય અને સૌ પોતાની જાતને વીસરીને ગરીબી સામેના જંગમાં આત્મસમર્પણ કરવાની પ્રેરણા પામે એ માટેની હવા નિર્માણ કરવાની છે. એવી હવા પેદા કર્યા વિના, એ મૂળ પાયો માંડ્યા વિના, બીજા બધા પાયા કાચા જ નીવડવાના છે. ❖❖❖

## ઝાલાવાડી સભાની માસિક પત્રિકા માટે વાચકોને ખાસ નમ્ર વિનંતી

**ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં ઝાલાવાડી સભા તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૪૦ થી ૫૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યાએ બંધ છે તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૫૨૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. સૌ પ્રથમ આપના નિવાસસ્થાનની નજદીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી જરૂરી છે. પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadi.com ઉપર દર મહિનાની ૧૪ થી ૧૬ તારીખ દરમ્યાન વેવસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે. વેબસાઈટ પરથી મેળવશો.**

**પત્રિકા ન મળતી હોય અથવા એડ્રસમાં ફેરફાર કરવો હોય તો ફક્ત સભાની ઑફિસમાં જ નિરવભાઈ શાહનો ૯૮૧૯૦૧૨૪૬૮ સંપર્ક કરવો. સમય : ૧૨.૦૦ થી ૭.૦૦ રવિવાર તથા રજાના દિવસે તકલીફ ન આપવી.**



# સદાચારનો પાયો

☐ ચિમનલાલ ચકુભાઈ શાહ

સદાચાર એટલે શું અને સદાચાર શા માટે - આ બે પાયાના પ્રશ્નો છે. સામાન્યપણે વ્યવહારમાં જેને સદાચાર માનવામાં આવે છે તેને આપણે સદાચાર ગણીએ છીએ. વ્યવહારનીતિ અથવા સામાજિક વર્તનના નીતિનિયમો અને વિધિ-નિષેધો દેશકાળ પ્રમાણે પલટાતાં રહે છે. એક પ્રકારના વર્તનને એક દેશમાં સદાચાર માનવામાં આવે અને બીજા દેશમાં તેને દુરાચાર અથવા અનાચાર માનવામાં આવે. એક જ દેશમાં એક નિયમ એક સમયે સદાચાર લેખાય, બીજા સમયે દુરાચાર લેખાય અથવા આચરણલાયક ન લેખાય. સ્ત્રી-પુરુષના સંબંધો, જીવનના વિવિધ ક્ષેત્રે થતા માનવવ્યવહારો વગેરે વિષયોનો વિચાર કરીએ તો એમ લાગે કે શાશ્વત નીતિ જેવું કાંઈ નથી. બંધન હોય તો તો માત્ર કાયદાનું અથવા સામાજિક પ્રતિષ્ઠાનું. આના પાયામાં ભય છે. સદાચાર સ્વૈચ્છિક નથી. વાસ્તવમાં, સામાજિક નીતિ-નિયમો સદાચાર નથઈ પણ સદાચારનું બાહ્ય સ્વરૂપ અથવા દેહ છે. આ દેહ કાળક્રમે જડ અથવા ભારરૂપ બને છે અને નવો દેહ અથવા સ્વરૂપ ધારણ કરવું પડે છે. આપણે સદાચારનો સનાતન સિદ્ધાંત વિચારવો છે. એવો સિદ્ધાંત ધર્મનો પાયો લેખાય છે અથવા એવો સદાચાર એ જ ધર્મ છે. તો એ સદાચાર શું અને શેને માટે એ પ્રશ્નો સદા પુછાતા રહ્યા છે.

બીજી રીતે કહીએ તો What is the fundamental principle of ethical conduct? - નૈતિક જીવનનો પાયાનો સિદ્ધાંત શો છે? નૈતિક જીવન એ જ મનુષ્યને માનવતા અર્પે છે, તેમાં જ તેનું શ્રેય છે એમ આપણે માનીએ છીએ. આપણે પોતે શુદ્ધ નૈતિક જીવન જીવી શકતાં ન હોઈએ ત્યારે પણ નૈતિક જીવનની પ્રશંસા કરીએ છીએ અને તે જ સાચું જીવન છે એમ કહીએ છીએ. મોટા ભાગનાં માણસો નથી સંત કે નથી દુષ્ટ, સામાન્ય માનવી પ્રવાહપતિત જીવન જીવે છે. તે નથી સદાચારી, નથી દુરાચારી.

મનુષ્યમાં એક એવું તત્ત્વ છે જે તેને ભૌતિક અથવા દૈહિક જીવનથી ઉપર લઈ જવા સતત પ્રેરણા આપે છે. આહાર, નિદ્રા, ભય, મૈથુન આ સંજ્ઞાઓ મનુષ્ય અને મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિને સામાન્ય છે, પણ ધર્મ નીતિનો વિચાર મનુષ્યની વિશેષતા છે. મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિનું જીવન પરંપરાગત પ્રણાલિકા - instincts મુજબ વહ્યા કરે છે. માણસ વિચારવંત પ્રાણી છે, આત્મનિરીક્ષણ કરી શકે છે. તેને સ્મૃત છે ભૂતકાળની, બુદ્ધિ છે વર્તમાન માટે, અને કલ્પના છે ભવિષ્ય માટે. એ બધાંથી પર એક તત્ત્વ છે, તેને આત્મા કહો. ચેતના કહો, જે આ બધો વિચાર કરે છે અને અંતિમ નિર્ણય લે છે અથવા લેવાની શક્તિ ધરાવે છે. તેની શક્તિ અનંત છે.

ધન, સત્તા, કીર્તિ માટે માણસ જીવનભર વલખાં મારે છે. પણ તે સાથે જાણે છે અને અનુભવે છે કે તેમાં સાચું સુખ કે શાન્તિ નથી. કેટલાંક મૂલ્યો એવાં છે જેને માટે માણસ પોતાના સર્વસ્વનું, પોતાના પ્રાણનું પણ બલિદાન આપવા તૈયાર થાય છે અને તેમાં પોતાનું શ્રેય માને છે, ધન્યતા અનુભવે છે. સત્યને ખાતર, ધર્મને ખાતર, દેશને ખાતર, કુટુંબ માટે કે બીજા એવા મહાન આદર્શ માટે માણસ ત્યાગ કરવા તૈયાર થાય છે. એક રીતે જોઈએ તો નાનામાં નાનો અને ગરીબ માણસ પણ પ્રતિક્ષણ કાંઈ ને કાંઈ ત્યાગ કરતો હોય છે. ગરીબ માતા ભૂખી રહી બાળકને ખવડાવશે. સામાન્ય માણસ પણ સગાસંબંધીની કે પડોશીની થોડીઘમી સેવા કરતો હશે, તેને માટે કાંઈક ત્યાગ કરતો હશે.

તો પ્રશ્ન થાય કે જીવનનું ધ્યેય, અંતિમ લક્ષ્ય શું છે અને તે લક્ષ્ય પ્રાપ્ત કરવાનું સાધન શું છે. સદાચાર, જીવનનું અંતિમ લક્ષ્ય પણ બને અને સાધન પણ બને. અહીંયાં સાધ્ય-સાધનની એકતા થાય છે.

ભારતીય દર્શનો-ધર્મો માને છે કે જીવનનું અંતિમ લક્ષ્ય મોક્ષ છે. મોક્ષના સિદ્ધાંતમાં પુર્નજન્મ અને કર્મના સિદ્ધાંતો અંતર્ગત છે. મોક્ષ એટલે શું એમ પૂછીએ તો જવાબ મળશે કે પુનર્જન્મના ફેરામાંથી મુક્તિ. પછી શું ? બીજો જવાબ મળશે : સ્વસ્વરૂપનું ભાન અને જ્ઞાન એટલે મોક્ષ અથવા આત્મજ્ઞાન, તેની સાધના, અહિંસા, સંયમ, તપ અથવા રત્નત્રયી, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સમ્યક્ ચારિત્ર. સમ્યક્ એટલે જે છે તે અથવા સત્-સત્ય, મિથ્યાત્વ નહિ.

પણ બીજા ધર્મો છે, દર્શનો છે જે મોક્ષ અથવા પુનર્જન્મમાં માનતાં નથી. છતાં સદાચારને, નૈતિક જીવનને, સાચા સુખ અને શાશ્વત શાન્તિનો એકમાત્ર માર્ગ માને છે. આ અનુભવની ભૂમિકા છે, સંતપુરુષોનો અનુભવ છે.

આ નૈતિક જીવન એટલે શું ? મહાવીરે અહિંસાને પાયાનો સિદ્ધાંત બનાવ્યો, બુદ્ધે કરુણાને, શ્રીકૃષ્ણે અનાસક્તિને, ક્રાઈસ્ટે

પ્રેમને, ગાંધીજીએ સત્યને, પ્લેટોએ જ્ઞાન (Wisdom) ને. કોઈએ ન્યાયને, કોઈએ સમાનતાને-આવા એક સિદ્ધાંતમાંથી બીજા ઘણા સદ્‌ગુણો-સદાચારનાં સ્વરૂપો આપોઆપ ફલિત થાય છે.

ક્રાઈસ્ટના ધર્મમાં મોક્ષ કે પુનર્જન્મની માન્યતા નથી. છતાં સાચા સુખ અને શાન્તિના માર્ગ માટે ક્રાઈસ્ટે કહ્યું છે : દુશ્મન પ્રત્યે પણ પ્રેમ કરો, એક ગાલે તમાચો મારે તો બીજો ધરો. કોટ માગે તો ખમીસ પણ આપી દો. ઉપકાર કર્યો હોય તેના પ્રત્યે તો સૌ કોઈ ઉપકારની લાગણી રાખે, પણ અપકાર કર્યો હોય તેના પ્રત્યે પણ ઉપકારની લાગણી હોવી તેમાં માનવતા છે.

સદાચારનો કાયમી માપદંડ એવો એક સિદ્ધાંત નક્કી કરીએ પછી તેનું આચરણ સમયે જુદા પ્રકારનું હોવા સંભવ છે. સિદ્ધાંત સનાતન છે. તેનો અમલ દેશકાળ અને પરિસ્થિતિ પ્રમાણે બદલાય. પણ સિદ્ધાંત જળવાઈ રહે, તેનું વધારે ક્ષમતાથી પાલન થાય એ લક્ષ્ય રહેવું જોઈએ. આવું આચરણ સહેલું નથી. જીવનની સમસ્યાઓ અતિ જટિલ છે. ડગલેપગલે સમાધાન કરવું પડે છે. ખાંડાની ધાર ઉપર ચાલવા જેવું છે.

આ બધા સિદ્ધાંતોને લોકભાષામાં મૂકવા હોય તો એમ કહેવાય કે કોઈને દુ:ખ આપીને કોઈ કાળે સુખી થવાતું નથી. આ અનુભવનો વિષય છે. બીજાંને સુખ આપીને, આપણને સુખ મળે છે. સુખ આપવાથી વધે છે, દુ:ખમાં ભાગ પડાવવાથી તે ઓછું થાય છે. આ પ્રમાણે વર્તન થતું નથી, કારણ કે સાચા સુખનું આપણને જ્ઞાન કે અનુભૂતિ નથી. સુખાભાસને સુખ માની લીધું છે. સાચા સુખનાં ત્રણ લક્ષણો છે. એક, તે કોઈ દિવસ દુ:ખમાં ન પરિણમે. ભોગવિલાસમાં સુખ લાગે, દારૂ પીતાં સુખ લાગે પણ અંતે દુ:ખપરિણામી છે. બીજું, આપણા કહેવાતા સુખ માટે બીજાંને દુ:ખી કરવા પડતાં હોય તો તે સાચું સુખ નથી. સુખમાં સર્વ ભાગીદાર બને, કોઈને તેથી વંચિત ન કરીએ અથવા વંચિત થવું ન પડે તે સાચું સુખ છે. અંતમાં, સાચા સુખમાં મનની શાન્તિ અને સ્વસ્થતા હોય. અંત:કરણ-માંથી અવાજ આવે કે જે કરીએ છીએ તે સાચું છે કે ખોટું. માણસનો અંતરાત્મા તેનો સાચો સાક્ષી છે. કાલિદાસે કહ્યું છે : सतां हि सन्देहपदेषु वस्तुषु प्रमाणमन्तःकरणप्रवृत्तयः જે કાંઈ કર્યું છે તે સાચું છે કે ખોટું, તે સદાચાર છે કે દુરાચાર એવો સંદેહ પડે તો સત્પુરુષો માટે તેમના અંતરનો અવાજ એ જ સાચું પ્રમાણ છે. પણ આ પ્રમાણ સત્પુરુષો માટે છે. તેમનું અંતર નિર્મળ હોય છે અને તે સાચો જવાબ આપે છે. આપણું અંતર એટલું નિર્મળ હોતું નથી તેથી આપણી જાતને મનાવી લઈએ છીએ કે જે કર્યું તે સાચું છે – ખોટું હોય તો પણ.

હકીકતમાં, માણસમાં સ્વાર્થ એટલો ઊંડો ને વ્યાપક છે કે પોતાના સ્વાર્થે, પરહિત હણતાં તે અચકાતો નથી. બધાં દુ:ખનું મૂળ સ્વાર્થ છે. ડૉ. આર્નોલ્ડ ટોયનબી દુનિયાની બધી સંસ્કૃતિઓનો અભ્યાસ કરીને એ નિર્ણય ઉપર આવ્યા કે માણસનો સ્વાર્થ એનાં બધાં દુ:ખનું મૂળ છે. જુદાં જુદાં માણસો, વર્ગો, દેશો એ બધાંના સ્વાર્થના સંઘર્ષમાંથી દુ:ખ જન્મે છે. Such suffering is the result of selffishness. ભગવાન બુદ્ધે પણ માણસના હુંપણા- Egoમાં તેના દુ:ખનું મૂળ જોયું અને ego-હું-જ નથી એમ કહી અનાત્મવાદી કહેવાયા.

પણ માણસ છેવટે સ્વાર્થી રહેવાનો. તેથી દુ:ખને દૂર કરવાનો માર્ગ ત્યાગ. તેના ઉપર બધા સંતોએ ભાર દીધો છે. આ ત્યાગનો યજ્ઞ સતત ચાલુ રહેવો જોઈએ. એવા યજ્ઞથી જ આ સંસાર નભે છે. દરેક વ્યક્તિ કાંઈક ત્યાગ કરતી હોય જ છે. પણ તે સાથે સ્વાર્થ પણ પ્રબળ રહે છે. તેથી ડૉ. સ્વાઈત્ઝરે કહ્યું, બુદ્ધ અને મહાવીરે કહ્યું : 'This world is full of suffering.' ત્યાગ, દાન, કરુણા, પરોપકાર, મૈત્રી વગેરે ગુણો-સદાચાર-આ દુ:ખને ઓછું કરવાના ઉપાયો છે. આ સંસાર એવો છે કે બત્રીસલક્ષણનો ભોગ માગે છે : સોક્રેટિસ, ક્રાઈસ્ટ, ગાંધી. ઈશ્વરે આવી દુનિયા શા માટે પેદા કરી તે સવાલ પૂછવો નિરર્થક છે. જૈન ધર્મ કર્મનો સિદ્ધાંત આપી તેનો ખુલાસો કરે છે. સ્વાઈત્ઝરે કહ્યું : 'Not only this world is full of suffering but it is inexplicable mysterious.' તેને ઈશ્વરની લીલા કહી આપણે સમાધાન મેળવીએ છીએ.

છતાં સ્વાઈત્ઝરે કહ્યું : 'I have not tried to withdraw myself from that community of suffering. I have had my full share of it.' - 'આ દુ:ખના સાગરમાંથી ભાગી છૂટવાનો મેં પ્રયત્ન કર્યો નથી પણ મારા ભાગે આવતો પૂરો હિસ્સો મેં લીધો છે.' આપણે સૌએ આ હિસ્સો લેવાનો છે.

આવું પરોપકારનું, કરુણાનું, દયાનું કામ કરતાં ખૂબ સહન કરવું પડે છે, વેઠવું પડે છે. પણ એ યાતનાઓમાં જ તેનો આનંદ છે. સ્વાઈત્ઝરે કહ્યું છે : આ suffering જુદા પ્રકારનું છે : 'Rarely have I found happiness to be alive.' ગાંધીએ શું નથી સહન કર્યું ? પણ તેમાં જ તેમનો આનંદ છે અને આપણી મુક્તિ છે. This is the fundamental principle of ethical conduct. तेन त्यक्तेन भुंजीथाः। આચરી શકીએ તેટલું સાચું સુખ મળે છે. ❖❖❖

# અપત્યપ્રેમ કે અપત્યનિષ્ઠા

☐ કાકા કાલેલકર

**મા**ણસમાં જીવવાની જેટલી ઈચ્છા હોય છે, લગભગ તેટલી જ અપત્ય-(સંતાન) પ્રાપ્તિની હોય છે.

આત્મા તો અમર છે; પણ પોતે અમર છે એ જાતની નિષ્ઠા માણસમાં નથી હોતી. તેથી તે અમર થવાના પ્રયત્ન કરે છે. અપત્ય દ્વારા માણસ અમર થાય છે. પિતાએ જે અધૂરું શોધ્યું કે મેળવ્યું-કેળવું તેની પૂર્તિ પુત્ર કરે અને પિતાનો પુરુષાર્થ આગળ ચલાવે, એ જ અમરતાનું લક્ષણ છે. દરેક જીવને કંઈક અસાધારણ તત્ત્વ અનુભવવાનું હોય છે. એને માટે આખો જન્મારો એ મથે છે. પોતે ફાવી ન શકે, એટલે પોતાના પ્રતિનિધિરૂપ પુત્રને તે સોંપી જાય છે.

સ્વર્ગમાંથી ગંગા આણી પાતાળ સુધી પહોંચાડવાનું કામ સગરકુળે હાથમાં લીધું. પિતાએ આખો જન્મારો પ્રયત્ન કર્યો, પણ એમાં એ ન ફાવ્યો. એણે એ કામ પોતાના દીકરાને સોંપ્યું. એ પણ આખો જન્મારો ખપ્યો, પણ કામ અધૂરું જ રહ્યું અંતે એનો દીકરો ભગીરથ એ કામ માટે કટિબદ્ધ થયો અને સફળય થયો. 'કાદંબરી' જેવો મહાકથા પ્રબંધ બાણભટ્ટ પૂરો ન કરી શક્યો, તે એના પુત્ર ભૂષણે પૂરો કર્યો. એવી રીતે દુનિયાની પરંપરા ચાલતી આવી છે.

અપત્યની ઈચ્છા પશુપક્ષીઓમાં કેટલી ઉત્કટ રૂપમાં દેખાય છે ! ઘણી વાર જીવવાની ઈચ્છા કરતાંયે તે ચડી જાય છે. પોતે ભલે મરી જાય, પણ અપત્યને તો ગમે તે ભોગે બચાવવાં જોઈએ. આટલી અપત્યનિષ્ઠા હૃદયમાં રોપીને પછી જ ઈશ્વરે પ્રાણીઓને અપત્યો આપ્યાં છે. અપત્યજન્મ એ ઈશ્વરનો માણસ પરનો વિશ્વાસ સૂચવે છે.



અપત્યના જન્મ સાથે માબાપના સ્વભાવમાં ફેર પડે છે. પોતાની કેટલીયે ખામીઓ બાળક ખાતર તે છોડે છે. અને પોતાનો સુખભોગ છોડતાં તો માબાપને કંઈ ઓર આવે છે.

આપભોગનો પ્રથમ પાઠ અપત્યપ્રેમ-માંથી જ ઉદ્ભવે છે. પણ એ આપભોગ અને અપત્યપ્રેમ જ્ઞાનયુક્ત બને એવો પ્રયત્ન મનુષ્યથી જ થાય.

અપત્યપ્રેમથી માણસ ઘણી વાર ઘેલો બને છે. અપત્યપ્રેમથી પોતાનાં માબાપ કે ભાઈબહેન સાથએ લડી પડે છે, સમાજદ્રોહ કરવા તૈયાર થાય છે, અને પોતાનાં બાળકોનો વિકાસ પણ અટકાવે છે. પ્રેમ આંધળો હોય છે. ખરેખર જોઈએ છે અપત્યનિષ્ઠા. અપત્યપ્રેમથી નવી પેઢીનો વિકાસ અટકે છે, નિષ્ઠાથી તેનો વિકાસ થાય છે.

પોતાનાં છોકરાં પેટપૂરતું કમાઈ નહીં શકે, એમને કોઈ મદદ નહીં આપે, એવી અશ્રદ્ધા મનમાં રાખી આજકાલ કેટલાંયે માબાપ બાળકો માટે સંપત્તિ અને સાધનસગવડો તૈયાર કરી રાખે છે. ગરમ કપડાંમાં હમેશ વીંટી રાખેલા બાળકો જેમ તે જ કારણે નબળાં રહે છે અને સહેજસહેજમાં રોગનાં ભોગ થઈ પડે છે, તેમ કેટલાંક માબાપોનો આપેલો વારસો બાળકોને અપંગ અને જડમૂઢ કરી નાખે છે. આવાં માબાપ બાળકોની શક્તિ, તેમનો પુરુષાર્થ અને તેમના ભાવ વિષે સાવ નાસ્તિક હોય છે.

માબાપનું મુખ્ય કર્તવ્ય પોતાનાં બાળકોને પોતાના જીવન દ્વારા નૈતિક, સામાજિક અને આધ્યાત્મિક કેળવણી આપવાનું છે. કુલપરંપરાથી બાળકોને વાકેફ કરવાં, ઘરના ધંધાનું સાંગોપાંગ જ્ઞાન આપવું, એ ધંધામાં એમનો પૂરેપૂરો પ્રવેશ કરાવવો, અને પછી એમને યથાકાળે જવાબદારી સોંપવી, એટલું જ કામ માબાપનું છે.

માબાપ એ કર્તવ્ય ચૂકે છે, અને પછી નિશાળ મારફતે એ બધું મળી રહેશે એમ મન મનાવવાનો પ્રયત્ન કરે છે. યૌવનના ઉન્માદમાં આડે રસ્તે જવાની વૃત્તિ થતાં જેમની નજરનો અંકુશ રહી શકે, એવું મુરબ્બીઓનું મંડળ બાળકોની આસપાસ ભેગું કરી આપવું એ પણ માબાપની ફરજ છે. બાળકોને મુસાફરી કરાવી પ્રેક્ષણીય સ્થાનો, પરાક્રમી પુરુષો, જીવનદાયી સંસ્થાઓ અને સંસ્કૃતિનાં કેન્દ્રો એ બધાંનો તેમને પરિચય કરાવવો, એટલું માબાપો કરી શકે તો બાળકો પ્રત્યેની તેમની બધી ફરજ અદા થઈ છે.

અને પોતાનાં અપત્યો પાસેથી માબાપ અપેક્ષા શાની રાખે ? આજ્ઞાપાલનની ? શ્રી રામચંદ્રે આદર્શ પુરુષ તરીકેની પોતાની યોગ્યતા પહેલવહેલી સિદ્ધ કરી પિતાની આજ્ઞાના પાલનથી જ. પણ આપણે આજ્ઞાપાલન એ પિતાના હક તરીકે તો નહીં જ સ્વીકારી શકીએ. પિતાની આજ્ઞાને વશ

રહેવું એ પુત્રનું ભૂષણ છે. પણ પિતાનો એ નિરપવાદ હક તો હરગિજ નથી. મનુષ્યજીવન પ્રગતિશીલ છે. એક પેઢીનો અનુભવ અને આકાંક્ષાઓ બીજી પેઢીને કામ ભલે આવો, પણ તેમને તે બંધનકર્તા તો ન જ થવા જોઈએ.

પુત્ર પોતા પ્રત્યે ઉદ્ધત ન થાય, એટલી અપેક્ષા માબાપ જરૂર રાખે. પોતાના હાથપગ નબળા પડે ત્યારે પુત્ર પાસેથી સેવાશુશ્રૂષાની અપેક્ષા રાખવાનો પણ તેમને હક છે. પણ પિતા કહે છે માટે જ પુત્રે પરણવું, પિતા કહે તેની સાથે જ પરણવું, તે કહે તે જ નોકરી કરવી, તેને રાજી રાખવા ખાતર સમાજસેવામાં ન ઊતરવું, તેને જે વિધિઓ ને રિવાજો પસંદ છે તે જ પસંદ કરવાં, એ જાતનો આગ્રહ પિતા ન જ રાખી શકે. પુત્રમાં પિતૃભક્તિ હોય છે એટલે ઉપલી વસ્તુઓ તેનામાં સ્વાભાવિક હોય છે. અને જ્યાં સુધી એમાં તેને અધર્મ કે સત્ત્વહાનિ ન જણાય, ત્યાં સુધી પિતા કહે તેમ ચાલવું જોઈએ એમ તે સમજે પણ છે. પણ એ બાબતમાં પુત્રની સ્વતંત્રતા અબાધિત રહેવી જોઈએ.

❖❖❖

---

## અંતિમ લાલસાને જીતનારો

**☐ એસ. જયપાલ રેડ્ડી**

**૬૭** દાયકાથી વધુ લાંબા કાળ સુધી ઈન્દ્રજિત ગુપ્તાએ જુદાં જુદાં ક્ષેત્રોમાં કામ કરેલું. સંસદમાં એમની સાથે કામ કરવાની તક મને સાંપડેલી, એટલે તેમાં એમણે કરેલું અર્પણ સૌથી પહેલું મારા મનમાં આવે છે. સત્યમૂર્તિ, શ્યામપ્રસાદ મુકરજી, હીરેન મુકરજી, ભુપેશ ગુપ્તા, નાથપાઈથી માંડીને મધુ લિમયે સુધીના અનેક મહાન સંસદીય નેતાઓ આધુનિક ભારતે પેદા કરેલા છે, તેમાં ઈન્દ્રજિત ગુપ્તાનું સ્થાન અવશ્ય છે; પરંતુ પોતાની રીતે તેઓ અજોડ હતા. એક વક્તા કરતાં વધારે તો તે એક ચર્ચા કરનારા હતા. સાદી ને અસરકારક રીતે બોલવાની એક વિશિષ્ટ કલા એમની પાસે હતી.

સંદસમાં એક નાના પક્ષના નેતા તરીકે, કોઈ પણ વિષય પર છેલ્લે બોલનારાઓમાં એમનો વારો આવતો. તેમ છતાં તેની ઉપર એ નવો પ્રકાશ અચૂક ફેંકતા અને સરકાર તરફથી એ મુદ્દાઓને આધારે ચર્ચાનો જવાબ વાળવામાં આવતો. ભાષાના ભભકા વગરની એમની બોલવાની સાદી ઢબ ઉપરથી એમની બહુવિધ વિદ્વત્તાનો ખ્યાલ પણ ન આવે. નાણાકીયથી માંડીને વિદેશી બાબતો સુધીના વિષયો ઉપર તે અધિકારપૂર્વક બોલી શકતા અને સંરક્ષણથી મજૂર પ્રશ્નો ઉપર પણ. લોકસભામાં તે અગિયાર વખત ચૂંટાઈ આવ્યા હતા એ વિક્રમ લાંબા કાળ લગી અતૂટ રહેવાનો સંભવ છે. ઈંગ્લંડની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા ત્યારે એ સામ્યવાદી બનેલા અને પછી છ દાયકાઓ સુધી એમણે પોતાની જાત કામદાર ચળવળને અર્પણ કરી દીધી હતી.

ગૃહખાતાના મંત્રી બન્યા ત્યારે સત્યવક્તા તરીકે સરકારી પક્ષને તે મૂંઝવણમાં મૂકી દેતા અને વિરોધ પક્ષોને વશ કરી લે તેટલી નિખાલસતા બતાવતા. ગુપ્તા એક ઉત્તમ મનુષ્ય પણ હતા. સામાન્ય સંસદ સભ્યોના સાદા નિવાસસ્થાન વેસ્ટર્ન કોર્ટમાં એ ચાલીસ વરસ સુધી રહેલા. ભારતના ગૃહમંત્રી બન્યા પછી પણ એ મામૂલી સ્થાનમાંથી નીકળવાની એમણે ના પાડી દીધેલી. સૌ સાંસદો માટેની બસમાં બેસીને જ એ માનનીય ગૃહમંત્રી સંસદ સુધી આવતા. દિલ અને દિમાગના દીપી ઊઠે તેવા ગુણો માટે સર્વત્ર એમનો આદર થતો, પણ પ્રશંસાનાં ફૂલ કોઈ વેરે તે એમને કદી ગમતું નહીં. પોતાની ઉદ્દામ વિચારધારાને સતત વફાદાર રહેલા ગુપ્તા સંસદીય એટિકેટ ચુસ્તતાપૂર્વક પાળતા અને બીજાઓ તે પ્રણાલિકાનો ભંગ કરે ત્યારે પોતાની નારાજી બરાબર વ્યક્ત કરતા. સંસદીય વર્તણૂકનાં નીચાં ઊતરતાં જતાં ધોરણો વિશેની એમની વેદના અને નફરત સુદ્ધાં તેઓ જીવનનાં છેલ્લાં વરસોમાં વ્યક્ત કરતા રહેલા.

આખી જિંદગી એમણે જાહેર જીવનને અર્પણ કરી દીધી હતી, છતાં પોતાની જાત વિશે એ કદી કાંઈ બોલતા નહીં. એમણે આપેલા ફાળા વિશેની વાતોને પણ તે ઉત્તેજન આપે નહીં. જાતે સ્વીકારેલી સાદગી વચ્ચે પણ કોઈ એકાકી અમીર જેવું સ્થાન એમને વરેલું. જાતને ભૂંસી નાખવી, એ એમની કદાચ સૌથી વધુ આદરપાત્ર સિદ્ધિ હતી. એમણે સતત ચલાવેલી લડત વિશે કે પ્રજાની સેવા માટે એમણે આપેલા સંપૂર્ણ બલિદાન માટે કોઈ જાતની પ્રસિદ્ધિથી તે વેગળા રહેતા.

મહાકવિ મિલ્ટને કહેલું કે કીર્તિની વાંછના એ ભલભલા ઉમદા આદમીઓની પણ અંતિમ નબળાઈ બને છે. ઉમદા મનુષ્યની પણ એ આખરી લાલસા ઈંદ્રજિત ગુપ્તાએ સંપૂર્ણપણે જીતી લીધેલી હતી. કોઈ પણ જાતની મહત્ત્વાકાંક્ષા વિનાના સમર્પિત જીવનનું મહાન દૃષ્ટાંત એ મૂકતા ગયા છે.

❖❖❖

# પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

## 'આધારસ્તંભ યોજના'

**આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦**



- શ્રી ગીરીશભાઈ તેમજ શ્રીમતી વિભાબેન સંઘવીના ૭૦ વર્ષની જીવનયાત્રા પૂર્ણ થયાની ખુશાલીમાં (હાલ - વિલેપાર્લા)
  - શ્રી ગીરીશભાઈ ભગવાનલાલ સંઘવી
  - શ્રીમતી વિભાબેન ગીરીશભાઈ સંઘવી
  - શ્રી મીહીરભાઈ ગીરીશભાઈ સંઘવી
  - શ્રીમતી જાનકીબેન મીહીરભાઈ સંઘવી
  - ચિ. દિવ્યંમ મીહીરભાઈ સંઘવી તરફથી

**૧૧,૦૦૦ x ૫ = રૂા. ૫૫,૦૦૦/-**

- સ્વ. ઈન્દિરાબેન ગિરધરલાલ ધ્રુવના સ્મરણાર્થે
  - શ્રી સંજય ગિરધર ધ્રુવ
  - શ્રીમતી લોપાબેન સંજય ધ્રુવ
  - જિનાલી દેવેન ધ્રુવ
  - દિવ્યા આકાશ ધ્રુવ
  - શનાયા દેવેન ધ્રુવ

**૧૧,૦૦૦ x ૫ = રૂા. ૫૫,૦૦૦/-**



**સ્વ. ઈન્દિરાબેન ગિરધરલાલ ધ્રુવ**

- સાગર પંકજ ઝોબાલીયાના ના લગ્નપ્રસંગે હસ્તે જયેશભાઈ બચુભાઈ ઝોબાલીયા (અંધેરી) તરફથી

# ''એવાં ભાગ્ય ક્યાંથી ?''

— દાદા ધર્માધિકારી —



**આ**દિવાસીઓના ગામમાં એક ઘરમાં રાતવાસો કરવાનો પ્રસંગ આવ્યો. એમાં એક જ ઓરડો હતો. તેને બારી નહોતી. ત્યાં જ રસોઈ થતી. આખા ઘરમાં ધુમાડો થતો. કેટલાંક મરઘાં હતાં, તેનાં બચ્ચાં આમતેમ રમતાં હતાં. એ લોકોએ વિચાર્યું કે મારો જેવાને ત્યાં સુવડાવવો ઠીક નહીં ગણાય. પાસે એક ઝૂંપડી હતી, ત્યાં ખાટલી ઢાળી દીધી. ઘરધણી મારું અપમાન નહોતો કરવા માગતો, પણ એણે ભોળેભાવે કહી નાખ્યું : ''આમ તો અહીં અમે ભૂંડ રાખીએ છીએ. અમારી પાસે બીજી જગ્યા નહોતી. આજે અમે આ જગ્યાને સાફ કરી નાખી છે.''

મેં કહ્યું, ''ખેર, સાફ કરી એ તો સારું જ કર્યું.'' થોડી વારે મને વિચાર આવ્યો કે, આ માણસ અહીં ભૂંડ રાખતો હતો; પણ અહીં બારણું તો છે નહીં – રાતે કોઈ અંદર ઘૂસી જાય તો ? મેં પૂછ્યું, ''આમાં બારણું નથી ?''

એ બોલ્યો, ''એમાં બારણાની જરૂર નથી.''

''કેમ ? આસપાસમાં કોઈ ચોર નથી ?''

''ચોર તો ઘણાય છે.''

''તો તારા ઘરણાં બારણું કેમ નથી રાખતો ?''

એ બોલ્યો, ''અમારાં એવાં ભાગ્ય ક્યાંથી કે અમારા ઘરમાં ચોર આવે !''

સાવ અભણ માણસના આ શબ્દો છે. એ કહે છે કે, અમારું એવું ભાગ્ય નથી ! કેમ ? એમાં ભાગ્ય શા સારુ જોઈએ ? તો કહે છે : ''અમારી પાસે એક જ ચીજ છે : ગરીબી – અને એને ચોરનારું કોઈ છે નહીં.''

મેં કહ્યું, ''તો તો તમારે પોલીસની કશી જરૂર નહીં પડતી હોય.''

''પોલીસની અમારે તે શી જરૂર ?''

''તો પોલીસવાળા તારે ત્યાં કદી આવતા નહી ?''

કહે : ''આવે છે ને !''

''ક્યારે આવે છે ?''

''તમારા જેવાની ઘડિયાળ ગુમ થઈ જાય, ત્યારે તે શોધવા સારુ અમારા ઘરમાં આવે છે ! તમારી અમીરી ને અમારી ગરીબી, બેયનું રક્ષણ એ કરે છે.''

❖❖❖


**ફેબ્રુઆરી ૨૦૨૬ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર**

**Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૫-૦૧-૨૦૨૬ પહેલા**

**શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

**Email : zalawadisabha@gmail.com**

**ફેબ્રુઆરી ૨૦૨૬ ના અંક માટે કુલ ૬ કલર પેઈજ બુક થયેલ છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**

**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**

**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે**

**રવિવારે તકલીફ ન આપવી.**

**સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી**

**તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.**

**Advertisement Soft Copy દ્વારા સ્વીકારવામાં આવશે.**



# ભૂલાયેલું પાકિટ...

□ માયા દેસાઈ

રોજ સવાર પડે, એમ એ દિવસે પણ સવાર પડી. ઘરનું કામ આટોપી, ઓફિસે સમયસર પહોંચવા સ્વયં માટે ઓછામાં ઓછો સમય ફાળવ્યો. ટીફિન, ચાવીઓ અને ચશ્મા લીધાંની ખાત્રી કરી ઘર બહાર પગ મૂક્યો, ત્યાં નાની દીકરીએ આવી જોરથી ભેટી 'બાય મમ્મી, જલ્દી આવજે, લવ યુ.' કીધું અને મને દિવસ સાર્થક લાગ્યો. એનું વેકેશન શરૂ થયું હતું તેથી આગલે દિવસે જ લાવવાની વસ્તુઓનું લિસ્ટ મને મળી ગયું હતું એ યાદ પણ કરાવી દીધું.

એ વિશે વિચારતાં જ રસ્તા પર આવી, રિક્ષા માટે હાથ કર્યો. રાબેતા મુજબ બે-ત્રણ રિક્ષાવાળાએ ના પાડી, છેલ્લે એક રિક્ષા મળી તો ઈડરીયો ગઢ જીત્યા જેવી લાગણી થઈ, આવું તો ઘણી વાર થતું તેથી નવાઈ નહોતી.

સમયસર હોવાનો ફાંકો હતો તેથી આજુબાજુ નજર નાંખતા ઓફિસ પહોંચી, પર્સમાં ફંફોળ્યુ તો પાકિટ ગાયબ. ઘડી પહેલાનો રૂઆબ સાબુના ફીણની જેમ ઓસરી ગયો. મારી ગરબડ જોઈ રિક્ષાવાળાએ માપી લીધું કે મેડમ આજે નાણાં વિનાનાં છે. એણે કહ્યું , 'થાય આવું કદી, કાલે ? લઈ લઈશ પૈસા, મારો નંબર લઈ લો, તમારાં એરિયામાં આવું જ છું, શાળાના બચ્ચાઓને મૂકવા, ત્યારે આપી દેજો, કૉલ કરજો એટલે આવી જઈશ.

ભોંઠપ ઓછી કરવાની એની કોશિશ પ્રશંસનીય હતી. મેં નંબર લેવા મોબાઈલ શોધ્યો તો એ પણ ગેરહાજર. એકાદ જૂનું બીલ શોધી નંબર લખવા પેન પણ એ સજ્જને જ આપી. પૈસા આપવાનું વચન આપી ઓફિસ પહોંચી તો લેટ માર્ક થવાની તૈયારીમાં. દોડતાં જઈ હાજરી પુરાવી ત્યારે ઉપરીના મોં પર સ્મિત તો મોનાલિસાના સ્મિત કરતાં ગૂઢ લાગ્યું.

ટેબલ પર પહોંચી અત્યંત જરૂરી કામ આટોપવાની કોશિશ કરી. સવારનો દીકરીનો ઉષ્માભર્યો આશ્લેષ બધી ગરબડમાં ધોવાઈ ગયો. એકવાર કામ શરૂ કર્યા બાદ ફરી પેલી 'ભોંઠપ' વિસારે પડી. પાકિટ ન લાવ્યાનું ભૂલાઈ ગયું ! એક પછી એક કામ પતાવતાં લંચ સમય થયો. આદત મુજબ નીચે ઊતરી શાક, ફ્રૂટ લેવાનું લિસ્ટ મનમાં યાદ કરતાં રોજનાં શાકવાળા પાસે જઈ ઊભી રહી.

મસ મોટું લિસ્ટ એને ગોખાવી થેલો આગળ કર્યો. એની સાથે સ્ત્રી સહજ મોંઘવારીની ચર્ચા કરતાં ફરી પર્સમાં હાથ નાખ્યો અને... ! પાકિટ ભૂલી ગયાંની વાત જાણી શિવશંકર (શાકવાળો) હસી પડ્યો અને બોલ્યો, 'ઉસમેં કૌન સી બડી બાત હૈ ! હો જાતા હૈ ઐસા કભી કભી.' મેં શાક ફ્રૂટ કાલે લઈ જવાની વાત કરી તો કહે, 'ના, ના, આપ બેજીજક લે જાઈએ. મૈં ને ઔર ભી થોડે પૈસે રખ દિયે હૈં, આરામસે રહિયે. ઉસસે ઔર કુછ ચાહીયે તો લે લીજિયે. જબ ચાહે લૌટા દેના, આપ કિસી ઔરસે માંગના મત.'

આ શાકવાળાને કંઈ કેટલીયવાર કાંટો બરાબર નથી, વધારે ભાવ લગાડવાના બહાને ભાંડ્યો હશે..આજે મને ઢાંકણીમાં પાણી લઈ ડૂબી મરવા જેવું લાગ્યું. આભાર માની હળવે પગલે ઓફિસમાં પહોંચી શાકનો થેલો ખાનામાં મૂકતાં જોયું તો સોની દસ નોટ થેલામાં. ફરી કામે લાગી, હવે કામ પતાવી ઘેર જવાની ઉતાવળ. એક પછી એક ફોન, ફાઈલ, નોંધ કરવી ... એટલામાં બોસે બોલાવ્યાની વરદી. કમને એમની કેબિન પાસે પહોંચી તો લંચ રૂમ પાસે પસાર થતા ગુસપુસ સાંભળી. અમારો પ્યુન વાલજી ચા વાળાને કહી રહ્યો હતો, 'આજે દીકરીનો જન્મદિવસ. એને બાર્બી ડોલ લાવી આપવાનું વચન આપેલું ઘણાં દિવસથી. પરમ દિવસે પડોશીને અકસ્માતમાં ફ્રેકચર થતાં એને પાંચસો આપ્યાં. હવે આજે કોઈ પાસે જન્મદિવસ નિમિત્તે હાથ ફેલાવતા સંકોચ થાય છે.'

મને સો સો ની દસ નોટ યાદ આવી, ઝડપથી જઈ એમાંથી પાંચ નોટ લાવી વાલજીના હાથમાં મૂકી મુઠ્ઠી વાળી દીધી. એ કશું બોલે એ પહેલાં રૂમ છોડી નીકળી ગઈ. એના સજળ નયન મારી પીઠને જરૂર તાકી રહ્યા હશે. પાછા વળતાં હું વિચારી રહી, ''કોનાં પૈસા, કોની શ્રીમંતાઈ !''

બોસની કેબિન પાસે પહોંચી તો એમનાં શબ્દો કાન પર પડ્યા. 'એ જાતને તો માંગવાની ટેવ પડી ગઈ હોય. આજે પાકિટ ભૂલાઈ ગયું તો કાલે પાકિટ કપાઈ ગયું. વોચમેનની જાતનો કોઈ ભરોસો નહીં. એને ઉછીનાં આપવાની કોઈ જરૂર નથી. તને બધાં પર બહુ દયા ઊભરાય છે. કામ બહુ છે, ફોન મૂકું છું.'

કેબિન બહાર ઊભા રહી મેં તો ત્રાજવે તોળી લીધી આજે મળેલી દરેક વ્યક્તિને. ત્યાર બાદ કશું ન બન્યા હોવાનો અભિનય પાર પાડી કામ પતાવ્યું. સાંજે ઘેર જઈને સૌને 'થાય એવું કદી કદી 'ની ગાથા સંભળાવી.

મોબાઈલ હાથમાં લઈ પ્રથમ રિક્ષાવાળાનો મોબાઈલ નંબર નોંધી એનાં વ્યક્તિત્વને વંદી રહી. એણે ધાર્યું હોત તો અપશબ્દો કે કટુ વચનો વાપરી શક્યો હોત. એના બદલે એણે મને સહજતા બક્ષી જેથી હું ઓફિસમાં નિર્વિકાર થઈ કામ કરી શકી. રાત્રે સૂતી વખતે... હું મહિને ખાસ્સું કમાતી, છતાં મારી જાતને રિક્ષાવાળા, શાકવાળા શિવશંકર અને મારા બોસની સાથે તોલી રહી.

તે દિવસે 'ભૂલાયેલું પાકિટ' મને માણસાઈની ઘણી અણજાણી ગલીઓમાં ભ્રમણ કરાવી આવ્યું. વાતે વાતે બેંક બેલેન્સ, સમાજમાં આગવા સ્થાન કે પ્રતિષ્ઠાને અસ્તિત્વની પારાશીશી ગણનાર આપણે, કદી આ સ્તરે મળનારી વ્યક્તિઓનાં ઊજળાં પાસાં વિશે વિચારીશું ખરાં ?

પાકિટ વિના શરૂ થયેલો દિવસ મને શીખવી ગયો કે તમારી શ્રીમંતાઈને પરખવી હોય તો વિના પાકિટે પારખો. ભરેલાં ખિસ્સાંએ એનો ખરો રંગ નહીં દેખાય !

❖❖❖

## સંસ્થા સમાચાર

**શ્રી ઘાટકોપર ઝાલાવાડ મિત્ર મંડળ**

દ્વારા સભ્ય મિત્રો માટે પિકનિક રવિવાર તારીખ ૨૧ ડિસેમ્બરે કચ્છ દરબાર નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૫૦ મેમ્બર્સ એ ભાગ લીધો હતો પાંચ બસ તથા કાર દ્વારા ત્યાં પહોંચ્યા બાદ હાઈ ટી નું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ લકી ડ્રો, હાઉસી, ડીજે તથા રાસ ગરબામાં મેમ્બર્સ જુમી ઉઠ્યા હતા. આ સિવાય ત્યાં મહેંદી, મેજિક શો, એસ્ટ્રોલોજી,પોઈટરી મેકિંગ સહિત અનેક એક્ટિવિટીઝ કરી હતી સેલ્ફી પોઇન્ટ ઉપર મયુર ફોટોના શ્રી મયુરભાઈ દરેક ફેમિલીનો ફોટો લીધો હતો. અંતમાં ભોજનને ન્યાય આપી રાત્રે ૧૨ કલાકે સર્વે ઘાટકોપર રિટર્ન થયા હતા.

**શ્રી ઝાલાવાડી મહિલા મંડળ ભાયંદર**

ઝાલાવાડી મહિલા મંડળના બહેનો પીકનીક માટે લોનાવલા આપણા ઝાલાવાડી સેનેટોરીયમમાં ગયા હતા.

ટ્રેનમાં મંગલકારી મહામંત્ર નવકારથી પીકનીકની શરૂઆત કરી. અંતાક્ષરીની રમઝટ બોલાવતાં લોનાવલા પહોંચ્યા. બપોરનું મનગમતુ સ્વાદીષ્ટ ભોજન લોનાવલા સેનેટોરિયમમાં આપણી ભોજનશાળામાં કરીને, જયાનંદાધામ નારાયણીધામ તથા મેટ્રો ગાર્ડનની મોજ માનતા મનગમતી વસ્તુઓની ખરીદી કરી રાત્રે કમિટીના બહેનોએ ગેમ તથા હાઉસી રમાડી તથા મોડી રાત સુધી લોનાવલાનું લાજવાબ વાતાવરણ માણ્યું.

સ્વાધ્યાય હોલમાં સામાયિક કરી. ગેમ રમતા રમતા ભાયંદર તરફ પ્રયાણ કર્યુ. દરેક સભ્યોએ આનંદ માણી પ્રસન્નતા અનુભવતા આપણા શ્રી ઝાલાવાડી સેનેટોરિયમ માટે શ્રી નરેન્દ્રભાઈ ગાંધી તથા શ્રી નીરવભાઈ ખંધાર એ સરસ સગવડતા કરાવી આપી તે બદલ તથા સભાના હોદેદારોનો આભાર તથા આપણા શ્રી ઝાલાવાડી લોનાવલા સેનેટોરિયમનાં સ્ટાફ તરફથી પણ સાથ અને સહકાર મળ્યો તે વાગોળતા વાગોળતા સર્વે બહેનો ભાયંદર પહોંચી ગયા.

❖❖❖

## એક જ દાણામાંથી !

રાજસ્થાનના ડુગારી ગામમાં મેળો ભરાયો હતો. ખેતીવાડી ખાતા તરફથી તેમાં એક પ્રદર્શન ગોઠવાયેલું. ત્યાં ઘઉંના સુધારેલા બિયારમનો નમૂનો રાખેલો, તેની પર રામનારાયણ નામના ખેડૂતની નજર પડી. તે લેવાનું એને મન થયું, પણ ખાતાના અધિકારીએ કહ્યું કે એ વેચવા માટે નથી. હતાશ થઈને રામનારાયણ પાછો ગયો. બીજે દિવસે ફરી એ ત્યાં જઈને ઊભો.



થોડી રકઝક પછી અધિકારીએ તેને એ ઊંચી જાતના ઘઉંનો નમૂનો આપ્યો - પણ એક જ દાણો !

એને મોંઘામૂલા રતનની જેમ જાળવીને રામનારાયણ લઈ ગયો. પોતાના ખેતરની સારામાં સારી જગા પસંદ કરી, ત્યાં ખાતર નાખીને એ એક દાણો વાવ્યો. રોજ તેની કાળજી લેવા માંડ્યો. થોડા દિવસે અંકુર ફૂટ્યો, છોડ મોટો થવા લાગ્યો અને આખરે તેની ઉપર ઘઉંની ડૂંડીઓ ઝૂલવા લાગી. પાક લણ્યો ત્યારે, એક દાણો વાવેલો તેમાંથી પોણો રતલ ઘઉં નીકલ્યા ! રામનારાયણનું હૈયું હરખે ભરાઈ ગયું. એ ઘઉંની પોટલી સાચવીને પટારામાં મૂકી દીધી.

બીજે વરસે એ પોણો રતલ દાણા એણે પાછા વાવ્યા. વખત જતાં એના ખેતરમાં તેના છ-છ ફૂટ ઊંચા છોડ થયા. આસપાસના લોકો તે જોઈને અજાયબ થયા. આ વખતે તેર ગણો પાક ઊતર્યો ને દસ રતલ ઘઉં નીપજ્યા. પછીને વરસે એ દસ રતલ વાવતાં તેમાંથી ઊંચી જાતના ત્રણ મન ઘઉં પાક્યા - પેલા એક જ દાણામાંથી !

**-મનોહર પ્રભાકર**

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

**પ્રફુલ અમીચંદ ઝવેરી**

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઈ રહી છે. **જેમકે છેલ્લા ૧૧ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી જુલાઈ -૨૦૨૫) સુધીમાં ૨૯૩૧૦ - જીવો છોડાવેલ છે.**
તથા ઘાસ - ૨૭,૩૫૦ કિલો, ગોળ - ૧૧૬૨૯ કિલો, કેરીનો રસ - ૬૦૦૦ કિલો, લાપ્સી - ૭૦૦૦ કિલો

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૪ થી જુલાઈ ૨૦૨૫ (૧૫ મહિના) માં ટોટલ ૩૮૧૧ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | |
|---|---|
| Bank Name : AXIS BANK LTD. | |
| A/c. Name : JIVDAYA FUND | A/c. No. : 921010033621820 |
| IFSC : UTIB0002274 | Branch : Charni Rd, Mumbai |

| | |
|---|---|
| Bank Name : BANK OF INDIA | |
| A/c. Name : JIVDAYA FUND | A/c. No. : 000120100001219 |
| IFSC : BKID0000001 | Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**

પ્રફુલ અમીચંદ ઝવેરી
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

Advt.

જનસેવા એજ પ્રભુસેવા







## કીર્તિભાઈ ધીરજલાલ શાહ

**મોટીવાવડી - રાણપુર**

**સાધાર્મિક અને જરૂરીયાતમંદો ને આપવા માટે**
**A-1 Quality નું ફરસાણ અને મીઠાઈ**
**અડધા ભાવે મળશે (સેવાના હેતુથી)**

# સ્વસ્તિક ફરસાણ એન્ડ સ્વીટ

(ભાંડુપની સૌથી મોટી ફરસાણ અને મીઠાઈની દુકાન)

૪-૫-૬, સુમતિ નિવાસ, ક્વારી રોડ,
મંગતરામ પેટ્રોલ પંપની પાસે,
ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.
**Mobile No. 9322916331**

Advt.




PAWANDHAM (KANDIVALI)



ZALAWADI SANATORIUM (DEOLALI)

## Why Rising Sun Electric?

- LATEST TECHNOLOGY PANELS
- MAXIMUM GENERATION EFFICIENCY
- REC CERTIFIED
- EXPERIENCED PROFESSIONALS (7+ YRS)
- SUPPLY, INSTALLATION, TESTING, COMMISSIONING IN ONE ROOF
- NO SUB-CONTRACTORS




# Rising Sun Electric

------ A transition to clean energy is about making an investment in our future-----

Shop No. 8, Somaiya Chambers, Arvind Khatri Showroom, S. V. Road, Malad (W), Mumbai - 400 064.

**Contact us : 7021213467**

Email : risingsunelect@gmail.com | Website : www.risingsunelect.com

Advt.




## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

*સંચાલિત*

**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ**

## લોનાવલા સેનેટોરિયમનું

**આધુનિકરણ કાર્ય ખુબજ સુંદર રીતે ચાલી રહ્યું છે**

**સભાના માનવંતા સભ્યોને આહ્‌વાન**

**રૂા. પાંચ લાખ અથવા રૂા. ત્રણ લાખનું અનુદાન આપી લોનાવલા સેનેટોરિયમના આધુનિકરણ કાર્યમાં સહભાગી બનો.**

## શ્રીમતી હંસાબેન આશકરણભાઈ શાંતિલાલ શાહ



## આરોગ્યધામ - માથેરાનનું


નુતનીકરણ કાર્ય ખુબજ સુંદર રીતે ચાલી રહેલ છે.

**અનુદાન આપી માથેરાન આરોગ્યધામ નુતનીકરણ કાર્યમાં સહભાગી બનો.**

**વિશેષ :** રૂા. ૧૧ લાખ આપી કોઈ પણ એક ફ્લોરમાં નામની તકતી મુકવાનો અમુલ્ય અવસર. • રૂા. પાંચ લાખ – વર્ષના કુલ ૧૫ દિવસ માટે, રૂા. ત્રણ લાખ – વર્ષના કુલ ૭ દિવસ માટે. અનુદાન આપનાર સભ્યને સભાના કોઈપણ પાંચેય સેનેટોરિયમનો લાભ મળશે. લાભ સભાના નિતી નિયમ મુજબ મળશે.

**બન્ને સેનેટોરિયમમાં અનુદાન આપવા માટે સંપર્ક કરો.**

| શ્રી પંકજભાઈ સંઘવી | શ્રી પિતુલભાઈ શાહ ગેડીવાળા | શ્રી પ્રદીપભાઈ તુરખીયા |
|---|---|---|
| (M) : 9820040719 | (M) : 93231 80665 | (M) : 98677 48120 |


SIDDHIM
अप्पा मे नंदणं वणं
A Not For Profit Organisation
SIDDHIM GLOBAL SCHOOL
A FULLY RESIDENTIAL SCHOOL FOR GIRLS
Vision : Where we envision an unleashed distinct forte with strong spiritual and ethical base — for your daughter.
OUR FOUNDATIONAL PILLARS
Samyak Darshan
Samyak Charitra
Samyak Gyan
Samyak Tap
Balanced and nutritious Meals for Body & Mind
Yoga and Meditation Practice Cultivating Positive Energy, Focus, and Inner Spiritual Growth
Respect for every daughter's distinct way of learning and areas of interest, guided with care and understanding.
Academic Excellence through Experiential and Personalised learning
Mindful habits — sitting, standing, sleeping, walking, speaking and eating with awareness.
Learn with focus, play with joy with mix of traditional and modern games
ENGLISH MEDIUM
Admissions Open
for the Academic Year 2026-27
PROPOSED CAMBRIGE BOARD SCHOOL
UP TO 100% SCHOLARSHIP AVAILABLE
An institution committed to nurturing self-reliant and conscious individuals.
Sustainable & Green Campus
Open Classrooms
Learning Studios
Amphitheater
Meditation Centre
Workshop Area
Tinkering Space
Address: NH-48, Jaipur-Ajmer highway, Dudu (Rajasthan) 303008
Get in Touch
+91 70213 80109
+91 94617 08177
BEGIN YOUR CHILD'S JOURNEY
Fill out the interest form, today!
Advt.


JAPAN CHERRY BLOSSOM WITH ALPINE ROUTE
11D
APR 9th
SOUTH KOREA CHERRY BLOSSOM
10D
MAR 26th | APR 20th | MAY 21st
VIETNAM WITH SAPA
11D
JAN 9th | 26th
FEB 4th | 26th
MAR 8th | 23rd
APR 6th | 20th
GEORGIA
8D
DEC 20th
APR 30th
MAY 7th | 14th | 21st | 28th
JUN 4th
ALMATY, KAZAKSTHAN
5D
DEC - 27th Special New Year Tour
MAR - 6th Exclusive Ladies Tour
May 2026 - 12th | 17th
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
Discover The World, The Ammpal Way!
Embark on unforgettable journeys with AMIT SHAH! We specialize in crafting unique travel experiences, offering pure vegetarian & Jain tours to breathtaking international destinations.
INTRODUCING FOR THE 1st TIME NEW TOUR
CHINA
13 DAYS OF CAPTIVATING TOUR
TOUR DATES 2026
18th APR (Ltd. Seats) | 21st MAY
TOUR COST
₹3,33,333/-*
BEIJING • SHANGHAI • ZHANGJIAJIE • GUILIN • GUANGZHOU
WE DELIVER WHAT WE PROMISE !
ammpalholidays@gmail.com
WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES !
Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
Tour Inclusive of Air Fare*
Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
Stay at Luxurious Hotels
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820 | 8291099100

Advt.

૨૦૨૪ ના વર્ષને આવકારીએ સાથોસાથ ઝાલાવાડી સભાના સભ્યોના સંતાનોને શિક્ષણ માટે પ્રોત્સાહીત કરીએ.



# સમૃદ્ધ સમાજના નિર્માણ કાજે
# શૈક્ષણિક ઉત્કર્ષ યોજના



**Education is the most powerful weapon to change the society**

સંપન્ન સમાજની રચના માટે શિક્ષણ સહુથી અસરકારક અને મહત્ત્વનું પરિબળ છે, આ સત્ય સહુને સમજાય ગયું છે.

ઝાલાવાડી સભાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, કમિટીના સભ્યો કાર્યરત થયા અને ઊંચી ઉડાન માટે આપણે પાંખો પ્રસારી... સમૃદ્ધ સમાજના સ્વપ્નને મૂર્તિમંત કરવા માટે મહત્ત્વની યોજનાઓ આકાર પામી.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા અંતર્ગત... મુખ્ય સ્કીમ

**ઈન્ટરનેશનલ એજ્યુકેશન ફંડ અને હાયર એજ્યુકેશન ફંડ** માટે ડોનર્સના નામ આવી ગયા છે. ઉપરાંત ૨૦૧૮ માં શરૂ કરેલ શૈક્ષણિક ઉત્કર્ષ યોજના અન્વયે નીચે જણાવેલ સ્કીમમાં ૭૫ જેટલા દાતાઓએ પોતાનું યોગદાન આપેલ છે. દાતાઓના અનુદાનથી અત્યાર સુધીમાં ફોરેન લોન માટે રૂા. ૨,૨૪,૦૦,૦૦૦/- (બે કરોડ ચોવીસ લાખ) તથા ભારતમા હાયર એજ્યુકેશન માટે રૂા. ૫૪,૩૦,૦૦૦/- (ચોપન લાખ ત્રીસ હજાર) મળી કુલ રૂા. ૨,૭૮,૩૦,૦૦૦/- (બે કરોડ અઠોતેર લાખ ત્રીસ હજાર) ૧૬૭ વિદ્યાર્થીઓને લોન આપવામાં આવેલ છે. જેના થકી આપણા સમાજના સંતાનો પોતાના ઉજ્વળ ભવિષ્યના સ્વપ્નો પરિપૂર્ણ કરવા સમર્થ બન્યા છે.

ઝાલાવાડી સભાના માતબર સભ્યોના આગ્રહને માન આપીને એજ્યુકેશન માટે નિમ્ન લિખિત સ્કીમમાં દાનનો પ્રવાહ વહેરાવવા વિનંતી. આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉપયોગી થવા માટે આ સ્કીમ ફરીથી આપની સમક્ષ રજૂ કરીએ છીએ. જેમા આપશ્રી સહભાગી બની આ સ્કીમને સાકાર કરવા સ્કીમમાં જોડાવા માટે અપીલ કરવામાં આવે છે.

**(૧) Post Graduation Fund** **(૨) Post Graduation Fund for Girls**

પ્રત્યેક સ્કીમ અન્વયે દાતાએ ૧.૫૦ કરોડનું અનુદાન આપવાનું રહેશે.

આ અનુદાન પાંચ વર્ષના સમયગાળામાં (પ્રતિવર્ષ રૂા. ૩૦ લાખ આપીને) પરિપૂર્ણ કરવાનું રહેશે.

**(૩) Star Donor :** આ યોજના અંતર્ગત ૫૦ લાખ રૂા. નું અનુદાન આપનાર દાતા – Star Donor – બનશે. ૫૦ લાખ રૂા. નું આ અનુદાન દાતાએ પાંચ વર્ષમાં (પ્રતિવર્ષ રૂા. ૧૦ લાખ આપીને) પૂર્ણ કરવાનું રહેશે.

**(૪) Platinum Donor :** આ યોજના અનુસાર ૨૫ લાખ રૂા. નું અનુદાન આપનાર દાતા – Platinum Donor – બનશે. ૨૫ લાખ રૂા. ની રકમ દાતાએ પાંચ વર્ષના સમયગાળામાં (પ્રતિવર્ષ રૂા. ૫ લાખ આપીને) પૂર્ણ કરવાની રહેશે.

**(૫) Diamond Donor :** આ યોજના મુજબ ૧૧ લાખ રૂા. નું અનુદાન આપનાર દાતા – Diamond Donor – બનશે. ૧૧ લાખની રકમ દાતાએ પાંચ વર્ષમાં (પ્રતિવર્ષ રૂા. ૨.૨૦ લાખ આપીને) પૂર્ણ કરવાની રહેશે.

**(૬) Golden/Silver Donor :** પ્રસ્તુત યોજનામાં પાંચ લાખ / ત્રણ લાખ આપનાર દાતા – Golden Donor/Silver Donor – બની શકશે. પાંચ લાખ/ત્રણ લાખ ની રકમ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

**આ ડોનેશન Income Tax Act મુજબ 80G સર્ટિફિકેટ અથવા CSR ને આધીન રહેશે.**

**મનિષાબેન એમ. શાહ**
ટ્રસ્ટી - સેક્રેટરી
મો. ૯૮૨૦૦૯૬૯૬૫

**પંજકભાઈ વી. સંઘવી**
ટ્રસ્ટી - ઉપપ્રમુખ
મો. ૯૮૨૦૦૪૦૭૧૯

**પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ**
ટ્રસ્ટી - પ્રમુખ

**મહેશભાઈ પી. વોરા**
ટ્રસ્ટી
મો. ૯૮૨૧૫૬૯૩૮૩

**મયંકભાઈ જે. શાહ**
ટ્રસ્ટી
મો. ૯૮૨૦૦૬૭૯૫૮

**કિરીટભાઈ વી. શેઠ**
ટ્રસ્ટી
મો. ૯૮૨૦૦૬૩૭૮૩

FLAMINGO
transworld pvt. ltd.

You Travel We Care



WHY FLAMINGO?

આપના પ્રવાસ ને યાદગાર બનાવવા માટે, ૨૫૦ થી વધુ કટીબદ્ધ ટીમ મેમ્બર્સ નો કાફલો

સમગ્ર ભારત માં ૫૦ થી વધુ બુકિંગ હબ નુ વિશાળ નેટવર્ક ધરાવતી કંપની

ગુજરાતી – હિન્દી અને અંગ્રેજી ભાષા ના જાણકાર અનુભવી ૩૦૦ ટુર મેનેજર

વિશ્વ ના ખૂણે ખૂણે એટલે કે 80 થી વધુ દેશ ના યાદગાર પ્રવાસ ની મહારથ

વિશ્વભર માં વસતા આપણા ગુજરાતી NRI પ્રવાસીઓ માટે ખાસ વિભાગ

**Japan Dreams Tour With Chef With Malaysia Airlines**
10Nights / 11Days
19,26 Mar, 2026

**Discover Japan In Cherry Blossom Without Chef**
10Nights / 11Days
21 Mar, 2026

**Super Saver Cherry Blossom Japan**
6Nights / 7Days
30 Mar, 2026

**Japan Alpine Tour With Chef**
11Nights / 12Days
8 April, 2026

**Experience Japan Alpine Route With Chef**
9Nights / 10Days
23 May, 2026

**Japan Fukuoka Tour With Chef Tour**
11Nights / 12Days
27 Mar, 2026

OUR MUMBAI LOCATIONS

Andheri, Goregaon, Kandivali, Mira Road, Opera House, Sion, Ghatkopar, Thane, Mulund, Kharghar, Pune

+91 98199 30022 www.flamingotravels.co.in

Advt.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

સંચાલિત

## શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયા

સભાની ઑફિસ

301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.

Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM

Office Mobile No. 7208472884

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| પંચગીની<br>માથેરાન / દેવલાલી<br>Online Query / New Member<br>Patrika /Loan<br>શ્રી નિરવભાઈ શાહ<br>9819012468 | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | મેડિકલ સહાય<br>પત્રિકા જાહેરખબર<br>લોનાવલા<br>શ્રી મિલનભાઈ<br>9860125136 | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ - શ્રી મિલનભાઈ તુરખિયા<br>9860125136 |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

# જેમ ગાડીમાં, તેમ ગામમાં

સ્ટેશન પર ટિકિટ લેવા અનેક લોકો આવે છે. ટિકિટ-બારી પાસે સો માણસ ઊભા છે. દરેકને જુદી જુદી જગ્યાની ટિકિટ જોઈએ છે. બીજાને દૂર હડસેલીને તે પોતાની ટિકિટ લેશે. એકમેક સાથે કોઈ સંબંધ નથી. એક ગાડીમાં બેસશે, છતાં કશો સંબંધ નથી. એક જ ગાડીમાં અડધો કલાક સાથે બેઠા રહેશે. કોઈ એક ઊતરી જશે તો બીજો આવશે. પાસેવાળા સાથે કશો સંબંધ નહિ.

જે ગાડીમાં થાય છે તેવું જ ગામમાં પણ થાય છે. ગામમાં સૌ પોતપોતાના સ્વાર્થમાં મગ્ન છે. એમાંથી કોઈ મરી જાય છે, કોઈનો જન્મ થાય છે. કોઈનો કોઈનીયે સાથે સંબંધ નહિ. આ સમાજ નથી, જમાવ છે. ગામમાં સહુ મળીને એક છે, સહુનો ઉદ્દેશ એક છે, સહુની ભાવના એક છે, એમ થવું જોઈએ.

પ્રાંત-નિર્માણ થઈ ગયું, રાષ્ટ્ર-નિર્માણ થઈ ગયું, પરંતુ હજી ગ્રામ-નિર્માણ થયું નથી ! આ અજબ વાત છે. મકાનના બીજાત્રીજા મજલા બની ચૂક્યા છે, પરંતુ નીચેનું ભોંયતળિયું નથી બન્યું !

**-વિનોબા ભાવે**

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**
**ડિજીટલ વસ્તી પત્રક સ્પોન્સરશીપ ડોનેશન માટે તા. ૨૫-૧૧-૨૦૨૫ પછી મળેલ રકમની વિગત**

**શ્રીમતી કૈલાસબેન વિનોદભાઈ ગોપાણી પરિવાર** — **રૂા. ૫,૦૦,૦૦૦/-**

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **સોમીલ — જીના** | | |
| શ્રી અતુલભાઈ હર્ષદરાય દોશીના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - બોરીવલી) | | |
| શ્રી વિજયભાઈ મણીલાલ ગાંધીની સુપુત્રી રતનપુર,ગાયકવાડી નિવાસી (હાલ -બોરીવલી) | ૨૧૦૦ | ૨૧૦૦ |
| **જય — મિલી** | | |
| અ.સૌ. બીનાબેન કિશોરકુમાર દોશીના સુપુત્ર બગસરા નિવાસી (હાલ - બોરીવલી) | | |
| અ.સૌ. ભાવિનીબેન બીપીનભાઈ સંઘવીની સુપુત્રી જોબાળા નિવાસી (હાલ-બોરીવલી) | ૧૬૦૦ | ૧૬૦૦ |
| **હર્ષ — ફોરમ** | | |
| શ્રી અમિતભાઈ જગદીશચંદ્ર શાહના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - કાંદીવલી) | | |
| શ્રી મનસુખભાઈ ખેતશી ગુઢકા (શાહ)ની સુપુત્રી જામનગર નિવાસી (હાલ - બોરીવલી) | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **નિલય — કલગી** | | |
| શ્રી યોગેશભાઈ વિનોદરાય મહેતાના સુપુત્ર પાલીતાણા નિવાસી (હાલ - મુલુંડ) | | |
| શ્રી વિપુલ શશિકાંત ગોસલિયાના સુપુત્રી જોરાવરનગર નિવાસી (હાલ - મલાડ) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **કરણ — મનાલી** | | |
| શ્રી સુરેશભાઈ રામજીભાઈ શાહના સુપુત્ર બરવાળા (ઘેલાશા) નિવાસી (હાલ - બોરીવલી) | | |
| શ્રી તુષારભાઈ કાંતિલાલ મહેતાની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ -કાંદીવલી) | ૬૦૦ | ૬૦૦ |
| **માનવ — નિધી** | | |
| શ્રી રાજેશભાઈ રમેશચંદ્ર ગોસલિયાના સુપુત્ર ધાંગધ્રા નિવાસી (હાલ - ગોરેગાંવ) | | |
| શ્રી અભયભાઈ ભુપેન્દ્રભાઈ શાહના સુપુત્રી ધાંગધ્રા નિવાસી (હાલ - અંધેરી) | ૬૦૦ | ૬૦૦ |
| **હેત — વિધી** | | |
| શ્રી સંજયભાઈ ચીમનલાલ શાહના સુપુત્ર સુરેન્દ્રનગર નિવાસી (હાલ - બોરીવલી) | | |
| શ્રી પરેશભાઈ હર્ષદરાય શાહની સુપુત્રી સિહોર નિવાસી (હાલ - બોરીવલી) | ૫૧૦ | ૫૧૦ |

## પ્રભુતામાં પગલાં

| | | |
|---|---|---|
| **વિરેન - પ્રિયાંશા** | | |
| શ્રીમતી જિજ્ઞાબેન વિજયભાઈ રસીકલાલ અજમેરાના સુપુત્ર ચુડા નિવાસી (હાલ-પ્રભાદેવી-મુંબઈ) (વેવિશાળ / લગ્નપ્રસંગે) | | |
| શ્રીમતી નિલમબેન રાજેશભાઈ કોટીહારી (Kothyari) ના સુપુત્રી જયપુર નિવાસી (હાલ-જયપુર) (વેવિશાળ / લગ્નપ્રસંગે) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **વિજિતકુમાર - હિરલ** | | |
| શ્રી અજયભાઈ મનસુખલાલ મહેતાના સુપુત્ર જામખંભાળીયા નિવાસી (હાલ - ભાયંદર) | | |
| સ્વ. ચેતનકુમાર મનસુખલાલ શાહની સુપુત્રી પાણશીણા નિવાસી (હાલ - ભાયંદર) | ૫૦૦ | ૫૦૦ |
| **સાગર - અંકિતા** | | |
| શ્રી પંકજભાઈ બચુભાઈ ઝોબાલિયાના સુપુત્ર નાગનેશ (રાણપુર) નિવાસી હાલ અંધેરી | | |
| શ્રી વિજયભાઈ જૈનની સુપુત્રી ઈંદોર નિવાસી - હાલ અંધેરી | ૨૫૦૦ | ૧૫૦૦ |


**સીનીયર સીટીઝન**

**રોજના ૮૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોચાડશું.**

**શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી. મો. ૯૮૧૯૦૦૬૪૦૪ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહી)**

Advt.


**મહત્ત્વની સૂચના**

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

# યક્ષકથા

☐ સ્વામી સચ્ચિદાનંદ

**આ**પણે જે કર્મો કરીએ છીએ તેના ચાર પ્રકાર છેઃ એક તો કુદરતસહજ કર્મ થાય છે. બીજું આપણી ઈચ્છાથી થાય છે. ત્રીજું પારકી ઈચ્છાથી થાય છે અને ચોથું ઈશ્વરેચ્છાથી થાય છે.

**૧. કુદરતસહજ**

આપણા જીવનમાં કેટલાંક કાર્યો કુદરતસહજ થતાં રહે છે. જેમ કે શ્વાસ લેવા, છીંક ખાવી, ભૂખ લાગવી, તરસ લાગવી, નિદ્રા આવવી વગેરે. કુદરતસહજ થનારાં કાર્યોને આપણે થોડો સમય રોકી શકીએ, પણ કાયમી રોકી ન શકાય. તે હિતાવહ પણ નથી. શ્વાસને કાયમ માટે રોકી ન શકાય, ભૂખ-તરસ, મળ-મૂત્ર-ત્યાગ, નિદ્રા તથા બીજા આવેગોને અમુક સમય સુદી તો રોકી શકાય, કાયમી ધોરણે રોકી ન શકાય. રોકો તો તે હાનિકારક થઈ શકે છે. કુદરતે પોતે જ પોતાનો માર્ગ બનાવ્યો હોય છે. તેમાં અવરોધ-અતિઅવરોધ કરવાથી કુદરત છંછેડાય છે, તેથી હાનિ જ થાય છે.

કુદરતી કાર્યોને જેમ રોકી ન શકાય તેમ વધારી પણ ન શકાય. તમે આખો દિવસ ખા-ખા ન કરી શકો, પી-પી ન કરી શકો, ઊંઘ-ઊંઘ ન કરી શકો. કુદરતી આવેગોને જબરદસ્તી ઉત્પન્ન કરીને આવેગકાર્યો ન કરી શકો. કદાચ કરો તો તે હાનિકારક જ થાય. કુદરતી કાર્યોનો અવરોધ અને તેનો અતિરેક - આ બંને કુદરત સાથે શત્રુતા કરી કહેવાય, જેનું દુષ્પરિણામ વ્યક્તિને ભોગવવું જ પડતું હોય છે. કુદરત સાથે મિત્રતા એ સૌથી હિતકારી મિત્રતા કહેવાય.

**૨. સ્વેચ્છાથી થનારાં કર્મ**

કેટલાંક કર્મો આપણે આપણી ઈચ્છાથી, સમજીવિચારીને, યોજના ઘડીને કરતાં હોઈએ છીએ, જે આપણાં પોતાનાં કાર્યો કહેવાય. જેમ કે મકાન બાંધવું, ખરીદવું-વેચવું વગેરે. આવાં બધાં ઘણાં કાર્યો વિચારપૂર્વક આપણે કરતા હોઈએ છીએ.

**૩. પરેચ્છાથી થનારાં કર્મો**

આપણે કેટલાંક કર્મો, ઈચ્છા ન હોવા



છતાં પણ, કોઈના દબાણથી કરીએ છીએ. માનો કે તમારે જમવું નથી પણ કોઈએ અતિશય દબાણ કર્યું અને તમારે જમવું પડ્યું. તમારે કોઈ પાપ નથી કરવું પણ કોઈના અતિશય દબાણથી તમે કર્યું. આવાં નાનાં-મોટાં કેટલાંક કર્મો તમે ઈચ્છા ન હોવા છતાં પારકી ઈચ્છાથી - દબાણથી પણ કરતાં હો છો. ભલે પરેચ્છાથી તમે કર્મ કર્યું પણ પરિણામ તો તમારે જ ભોગવવું પડે છે. માણસનું મન દુર્બળ છે. તે પ્રેમ, રાગ, દ્વેષ, ભય, લોભ, લાલચ વગેરેના કારણે દબાણમાં આવીને ઈચ્છા ન હોય તોપણ દબાણથી કાર્ય કરી બેસતો હોય છે. આ બધા દોષોને જીતનારો માણસ બધાં દબાણોથી મુક્ત રહી શકે છે. તે મહાપુરુષ છે. લપસવું એ નવાઈની વાત નથી. જમીન જ લપસણી છે. પણ ન લપસાય એ નવાઈની વાત કહેવાય. લપસણી ભૂમિમાં પણ જે લપસતા નથી, તે મહાન છે. તે જ સાચા મહાન છે.

**૪. ઈશ્વરેચ્છાથી થનારાં કર્મો**

કેટલાંક કાર્યો દૈવેચ્છા અથવા ઈશ્વરેચ્છાથી થતાં હોય છે. માનો કે તમારાથી તમારા સામર્થ્ય બહારનું કાર્ય થયું - કશા ખાસ પ્રયત્ન વિના જ થયું. તમે પોતે કલ્પના પણ ન કરી હોય તેવું અદ્‌ભુત કાર્ય થયું. તે ઈશ્વરેચ્છા અથવા દૈવેચ્છા કહેવાય. ગીતા તેને ''નિમિત્તમાત્રં ભવ સવ્ય - સાચિન્।'' કહે છે.

તમે તમારી ઈચ્છા અને પુરુષાર્થથી કાર્ય કર્યું હોત તો તે તમારું કરેલું કાર્ય કહેવાય, પણ જો તમે સંત કે ભક્ત હો તો તમારા પ્રયત્નોથી થયેલાં સારાં કાર્યોનો યશ પણ પરમેશ્વરને આપો છો અને પોતાને નિમિત્તમાત્રમાનો છો, તે તમારું સંતપણું છે. સાચા સંતો પોતાની સફળતાને પોતાનો પુરુષાર્થ માનતા નથી, ઈશ્વરકૃપા માને છે. પોતાને તો નિમિત્તમાત્ર જ માને છે. આ તેમની ઊંચી માનસિકતા કહેવાય. તેથી તેમનામાં નિરભિમાનતાનો મોટો ગુણ આવતો હોય છે.

ખાસ કરીને વિશ્વની મોટી ઘટનાઓની પાછળ કાંઈક ઈશ્વરની પ્રેરણા કામ કરતી હોય છે. જેમાં હજારો-લાખો માણસો પ્રભાવિત થતા હોય છે.

અહીં 'કેનોપનિષદટમાં આવી જ એક કથાનું નિરૂપણ કરાયું છે.

**બ્રહ્મ હ દેવેભ્યો વિજિગ્યે તસ્ય હ**
**બ્રહ્મણો વિયે દેવા અમહીયન્ત।।**

**ઐક્ષન્તાસ્માકર્મવત્યં વિજયો અસ્માકં મે વાયં મહિમેતિ।।**

બ્રહ્મે દેવોને વિજય અપાવ્યો, આવા બ્રહ્મના વિજયથી દેવોનો ઘણો મહિમા વધ્યો. તે બધા માનવા લાગ્યા કે ''આ તો આપણો જ વિજય છે અને આપણો જ મહિમા છે.''

આમ કથા આ ઉત્થાનિકા છે : વાત આમ બની હતી - દેવો અને દૈત્યોની બે ધારાઓ વિશ્વમાં સતત ચાલતી રહે છે. પરસ્પર બે વિરોધી ધારાઓ હોય ત્યાં સંઘર્ષ તો હોય જ અને સંઘર્ષ હોય ત્યાં જય-પરાજય પણ હોય. માણસને સૌથી વધુ પુરુષાર્થ અને તે પણ તન્મયતાભર્યો પુરુષાર્થ સંઘર્ષમાં કરવો પડતો હોય છે. સંઘર્ષમાં જ માણસની શક્તિઓ ખીલતી હોય છે. સંઘર્ષ વિનાના જીવનમાં શક્તિઓ હોય તોપણ તે ખીલતી નથી. સંઘર્ષ વિનાનું જીવન શાંતિ તો આપે છે પણ ઈતિહાસ નથી આપતું. ઈતિહાસ તો સંઘર્ષોને જ હોય છે. તેમાં પણ જ્યારે કોઈ વ્યક્તિ અન્યાય, અત્યાચાર, જોર-જુલમ, બળાત્કાર જેવાં ભયંકર કર્મો પ્રત્યે કેડ બાંધીને સંઘર્ષ કરવા ઊભો થઈ જાય છે તો તેની શાંતિ તો હણાઈ જ જવાની. પણ આવી અશાંતિ જો લોકહિત માટે હોય તો તે સાચું તપ બની જાય. ક્રિયાત્મક સંઘર્ષ કરનારા મહાપુરુષોને શાંતિ ન હોય. સાચા સંઘર્ષોને છોડીને - કર્તવ્ય છોડીને, જે દૂર કોઈ એકાંત ગુફામાં પલાંઠી વાળીને બેસી જાય છે તેમને કદાચ શાંતિ તો મળતી હશે, પણ તે પલાયનવાદી શાંતિ છે, સ્મશાનશાંતિ છે. આવી શાંતિના માર્ગે પ્રજા ચાલવા લાગે તો તે નમાલી થઈ જાય. તે અત્યાચારનો ભોગ બનતી રહે.

નમાલાપણું પણ પાપ જ કહેવાય. તેમાં ધર્મ કે અધ્યાત્મના નામે પ્રજાને નમાલી બનાવવામાં આવે તો તે ધર્મ ઉદ્ધારક ન થઈ શકે. ધર્મ સાચા સંઘર્ષની પ્રેરણા આપે છે. જેમ કે રામ-કૃષ્ણ વગેરે રાક્ષસો સામે જીવનભર સંઘર્ષ કરતા રહ્યા. જે સંઘર્ષ-ત્યાગી થયા ને પલાંઠિયા ભગવાન થયા, આંખ મીંચીને એકાંતમાં બેસી ગયા, જેનું જે થવું હોય તે થાય, આપણે શું ? આપણે ભલા ને આપણી શાંતિ ભલી – આ પલાંઠિયા ભગવાનોએ લોકોને પણ પલાંઠી વાળવાનું શિખવાડ્યું. લોકો પલાંઠી વાલતા થયા. વિદેશી આક્રાન્તાઓને ફાવતું જડ્યું. તેમણે સરળતાથી પૂરી પ્રજાને - દેશને ગુલામ બનાવ્યો. મન ફાવે તેવું રાજ્ય કર્યું, કારણ કે પ્રજામાં સંઘર્ષવૃત્તિ જ ન હતી. સંસાર ત્યાગીને ભાગો. રાજપાટ છોડીને ભાગો. કોઈ દૂર હિમાલયમાં જઈને પલાંઠી વાળો અને આત્માનું કલ્યાણ કરી લો. આ શાંતિમાર્ગ, સંઘર્ષ વિનાનો સરળ માર્ગ. તેનું પરિણામ સ્પષ્ટ છે : કાયરતા અને ગુલામી.

આ દેવો અને દૈત્યોની બે ધારાઓ પ્રાચીનકાળથી ચાલી આવે છે, તેથી સંઘર્ષ પણ ચાલ્યો આવે છે. દેવો સંઘર્ષ વિનાના થઈ જાય તો દૈત્યોનો જયજયકાર થઈ જાય. દૈત્યોના જયજયકારમાં દેવોનો સંઘર્ષત્યાગ કારણ બન્યો કહેવાય સંઘર્ષત્યાગથી એકલી શાંતિ જ ન આવે, કાયરતા પણ આવે. અને કાયરતા કદી એકલી ન આવે, સાથે લુચ્ચાઈ પણ લાવે. મર્દાનગીની સાથે લુચ્ચાઈ ન હોય, પણ કાયરતા તો લુચ્ચાઈ વિનાની ભાગ્યે જ હોય. એટલે કોઈ એવું ન સમજી બેસે કે સાચા સંઘર્ષના ત્યાગીઓ શાંતિમાર્ગી બની જતા હોય છે, તેમનામાં પણ કાયરતા અને લુચ્ચાઈ બંને સાથે-સાથે ચાલતી હોય છે. મર્દાનગી ન હોય ત્યાં કાયરતા હોય જ. અને જ્યાં કાયરતા હોય ત્યાં લુચ્ચાઈ પણ હોય જ, કારણ કે બદલો લેવાની વૃત્તિ કુદરતસહજ સૌમાં હોય છે. તે મર્દાનગીથી ન લેવાય તો લુચ્ચાઈથી લેવાના પ્રયત્નો થાય છે. એક મર્દાનગીથી બદલો લે છે તો બીજો લુચ્ચાઈથી લે છે અથવા લુચ્ચાઈથી લેવાના વિચારો કરે છે. બદલો લેવાની વૃત્તિ બંનેમાં જ છે. જે નથી લઈ શકતા તે પણ બદલો લેવાના વિચારો તો કરતા રહે છે.

એક વાર દેવો અને અસુરો બંને બહુ લડ્યા. સંસારમાં ત્રિમુખી લડાઈ ચાલતી રહે છે : ૧. દેવો અને અસુરોની, ૨. દેવો-દેવોની, એ ૩. અસુરો-અસુરોની. લડાઈ તો રહેવાની જ. એકલા દેવો હોય કે એકલા અસુરો હોય, તોપણ યુદ્ધ તો થયા જ કરશે, કારણ કે આ જીવની પ્રકૃતિ છે. અંદર ઊતરીને જોશો તો સાધુ-સાધુઓ લડતા હોય છે, તપસ્વી-તપસ્વી લડતા હોય છે. આવી લડાઈ જોઈને ઘૃણા ન કરવી. આ પ્રકૃતિ છે. હા, આવી લડાઈ ન થતી હોય તો નવાઈ.

સજ્જન અને દુર્જનની લડાઈમાં મોટા ભાગે દુર્જન ન પહોંચે, કારણ કે સજ્જનના હાથ સજ્જનતાથી બંધાયેલા હોય છે. જ્યારે દુર્જનના હાથ ખુલ્લા હોય છે. તે જેટલી નીચી કક્ષાએ ઊતરી શકે છે તેટલો સજ્જન નીચે ઊતરી શકતો નથી. આ બંનેમાં ફરક હોય છે. પણ વૈશ્વિક ઘટનામાં એક ત્રીજું તત્ત્વ પણ હોય છે, જે બધું જોયા કરે છે કે કશી દખલ નથી કરતું, પણ અમુક સમયે દખલ કરે પણ છે, તે ચે ઈશ્વર. ઉપનિષદ તેને બ્રહ્મ કહે છે. બ્રહ્મે જ્યારે જોયું કે દેવો હારી રહ્યા છે અને અસુરો જીતી રહ્યા છે ત્યારે તેણે દેવોના પક્ષમાં પલક ઝુકાવી. અહીં એક ભેદ સમજવા જેવો છે. ન્યાયના પક્ષમાં લડાઈ લડે તે દેવ કહેવાય અને અન્યાયના પક્ષમાં લડાઈ લડે તે અસુર કહેવાય. ઘણી વાર અન્યાય જીતી જતો હોય છે. સત્ય અને ન્યાયનો જ વિજય થાય તેવો ચુસ્ત નિયમ નથી હોતો. સત્ય અને ન્યાયનો વિજય આપોઆપ થતો નથી. તે માટે

ઝઝૂમવું પડતું હોય છે, બલિદાનો આપવાં પડતાં હોય છે. બલિદાન વિના સત્ય અને ન્યાયની પ્રતિષ્ઠા કરવી સંભવિત નથી હોતી. જ્યાં બલિદાનીઓ હોય છે ત્યાં જ સત્ય અને ન્યાય પ્રતિષ્ઠિત થતાં હોય છે. પણ અહીં એક ત્રીજું તત્ત્વ છે. તે છે ઈશ્વરપ્રાર્થના. જે દુર્બળ છે, લાચાર છે અને અસહાય છે તે ઝઝૂમી નથી શકતા, પણ પ્રાર્થના તો કરી શકે છે : ''હારે કો હરિનામ.'' તે સાચા હૃદયથી એક વાર નહીં, વારંવાર પ્રભુપ્રાર્થના કરે તો તેમાંથી એક બળ ઉત્પન્ન થાય છે, જે બળ અસુરોને પરાસ્ત કરે છે. અસુરો પોતે જ એવી ભૂલો કરવા માંડે છે કે તેમનું પતન પોતાની મેળે થઈ જાય, એટલે ભક્તો કહે છે :

**હરિને ભજતાં હજી કોઈની**
**લાજ જતાં નથી જાણી રે,**
**જેની સુરતા શામળિયાની સાથ,**
**વદે વેદવાણી રે.**

પણ પ્રાર્થના અને તે પણ સતત પ્રાર્થના માત્ર ભક્તો જ કરી શકતા હોય છે. સામાન્ય માણસ દુર્બળ હોય, લાચાર હોય, પણ જો ભક્ત ન હોય તો લાંબો સમય પ્રાર્થના કરી શકે નહીં. બિલાડી જ્યારે પોપટ ઉપર ઝપાટો મારે ત્યારે તે રામરામ ન કરે, ચેંચેં કરી મૂકે. આવું જ સાચા-ખોટા ભક્તનું પણ હોય છે. જેને દૃઢ ભક્ત નથી હોતી તે થોડા જ સમયમાં શ્રદ્ધા ખોઈ બેસે છે. તે લાંબો સમય ટકી શકતો નથી. ઘોર કસોટી સુધી તેના પગ મજબૂતાઈથી ટકી રહેતા નથી. થોડી જ વિપત્તિ આવતાં તેના પગ ઊખડી જતા હોય છે.

દેવાસુરસંગ્રામમાં દેવો હારતા હતા, પણ તેમણે બ્રહ્મને પ્રાર્થના કરી, ''પ્રભો, બચાવો ! બચાવો !'' આવી વારંવાર પ્રાર્થના કરી અને બ્રહ્મે દેવોના પક્ષમાં પલક મારી. દેવો જીતી ગયા. અસુરો હારી ગયા. દેવોનો જયજયકાર થઈ ગયો !

વિજયથી મહિમા મળતો હોય છે. પરાજયથી ઝાંખપ લાગતી હોય છે. તેથી બધા યુયુત્સુઓ વિજયની ઝંખના રાખતા હોય છે. વિજયનું સુખ સર્વાધિક છે, કારણ કે પરાજયનું દુઃખ પણ સર્વાધિક હોય છે. હારવું કોઈને ગમતું નથી. તેથી પણ જ્યાં લડાઈ પૂરેપૂરી રસાકસીની હોય, પ્રતિષ્ઠા દાવ ઉપર લાગી હોય ત્યાં હારવું તો મોતથી પણ વધુ દુઃખદાયી થતું હોય છે. વિજયને પચાવે તે વીર કહેવાય, પણ પરાજયને પચાવે તે મહાવીર કહેવાય. બંને કામ ઘણાં અઘરાં છે. દેવોનો પક્ષધરો વિજયોત્સવ ઊજવવા લાગ્યા. આ સ્વાભાવિક છે કે વિજયનો મદ ચઢે. મદ એટલે નશો. નશો એટલે જે ભાન ભુલાવે તે નશો કહેવાય. પક્ષધરો વિજય ઊજવે ત્યાં સુધી તો ઠીક કહેવાય. જોકે દેવોએ તેમને રોકવા જાઈતા હતા. રોક્યા હોત કો દેવો વધુ દિવ્ય બનત. પણ દેવો ભાન ભૂલ્યા. તે જાતે જ પોતે પોતાનો વિજયોત્સવ ઊજવવા લાગ્યા. વ્યક્તિ પોતે જ પોતાનો મહિમા ગાતી થઈ જાય ત્યારે સમજવું કે તે દિવ્યતા ખોઈ રહી છે. વ્યક્તિએ તો પોતાની હાજરીમાં કોઈ દિવ્યતા ગાતું હોય તોપણ તેને રોકવું જોઈએ. આ તેની સાચી મહત્તા કહેવાય.

દેવો ભાન ભૂલ્યા અને ''અસ્માકમેવાયં વિજયઃ'' - ''આ અમારો જ વિજય છે, અમારો જ મહિમા છે'' તેવું ગાવા લાગ્યા. તેમણે મહેફિલ સજાવી. મહેફિલમાં નાચવુ-ગાવું, ખાવું-પીવું થાય. જ્યાં આવું બધું થાય ત્યાં આપોઆપ ટોળું ભેગું થઈ જાય. સાધુસંતો પણ શ્રીમંતોના વારંવાર જમણવાર ગોઠવે તો સમજવું કે આ પોતાનો જયજયકાર કરવા-કરાવવા ગોઠવાય છે. તે પોતે જ સ્વમહિમાની લપસણી ભૂમિ ઉપર લપસી રહ્યા છે. બધા લપસી રહ્યા છે - જમનાર, જમાડનાર અને જોનાર - બધા લપસી રહ્યા છે !

મહેફિલ પણ મર્યાદા બહારની થવા લાગે ત્યારે સમજવું કે સુખ-સમૃદ્ધિનો અપચો થયો છે. પાચનક્રિયા મર્યાદામાં જ થતી હોય છે. સમૃદ્ધિ ન પચે તો તેનું અજીર્ણ થાય. આવું અજીર્ણ મર્યાદા બહારની મહેફિલો ગોઠવતું થાય. પછી સંગ્રહણી થાય.

પણ જો તમે ભક્ત હશો તો આપત્તિ-વિપત્તિ અને સમૃદ્ધિમાં પણ તમારી જાણ બહાર એક તત્ત્વની નજર તમારા ઉપર રહેશે - તે છે ઈશ્વર. જેમ માની નજર હંમેશાં બાળક ઉપર રહેતી હોય છે, તે રમતું-રમતું ગમે તેટલું દૂર નીકળી જાય તોપણ માની નજર તો તેના ઉપર જ રહેલી હોય છે. બાળકને ભાન નથી હોતું કે મારા ઉપર માની નજર છે. તે તો તેની મસ્તીમાં રમતું હોય છે. પણ જરાક વિઘ્ન દેખાતાં જ મા દોડીને બાળકને બચાવી લેતી હોય છે. મા વિના બાળકના ઉછેરની કલ્પના કરવી જ મુશ્કેલ છે. એટલે ભક્ત લોકો ઈશ્વરને ''ત્વમેવ માતા'' કહે છે.

દેવોની મહેફિલ જામી છે. બધા મસ્તીમાં ચકચૂર થઈ ગયા છે. એકલા પુરુષોની મહેફિલ બહુ રંગત ન જમાવે. મહેફિલમાં સ્ત્રીઓ ભળે તો જ રંગત જામે. સ્ત્રીઓથી પુરુષો ચગે છે, જેમ પતંગ ચગે છે તેમ. અને પુરુષોથી સ્ત્રીઓ ચગતી હોય છે. ચગેલા પતંગો જોવાની મજા આવે. આવું જ માણસોનું પણ હોય છે. ચગેલાં માણસો પણ જોવાલાયક થઈ- જતાં હોય છે. પણ ખરી મજા તો ચગેલા પતંગને કપાતો જોવામાં આવતી હોય છે. પતંગ કપાતાં જ દર્શકો કિકિયારી પાડી ઊઠતા હોય છે. આ આનંદની કિકિયારી કહેવાય. કોઈને કપાતા જોવાનો આનંદ પણ અદ્ભુત હોય છે.

ચગવું અને કપાયા વિના ચગતા રહેવું તે બહુ દુર્લભ છે.

ચગેલા અને ભાન ભૂલેલા દેવોને જોઈને બ્રહ્મને ચિંતા થઈ. તેને થયું કે આ મૂર્ખાઓને ભાનમાં લાવવા જરૂરી છે. ભાનભૂલ્યો માણસ મહાઅનર્થ કરી શકે છે - સ્વ-પર બંને માટે. જીવનમાં એક ભાન કરાવનારો માણસ પણ જોઈએ. જે ભાનમાં રહે અને ભાન કરાવે તેને સંત કહેવાય. જે ભાન ભૂલ્યો હોય અને લોકોને ભાન ભુલાવે તે સંતના વેશમાં હોય તોપણ સંત ન કહેવાય. ભાન કરાવે. જે પોતે જ ભાન ભૂલ્યા હોય તે બીજાને ભાન ન કરાવી શકે.

તેથી દેવોને ભાન કરાવવા માટે બ્રહ્મે યક્ષનું રૂપ ધારણ કર્યું અને થોડે દૂર ચૂપચાપ ઊભું રહ્યું. દેવોની નજર દૂર ઊભેલા યક્ષ ઉપર પડી. જિજ્ઞાસા થઈ - ''આ શું હશે ?'' ''કિમિદં યક્ષમિતિ ?''

કદી ન જોયેલું આ વિચિત્ર તત્ત્વ યક્ષ શું હશે ? તે નિર્ણય ન કરી શક્યા, તેથી અગ્નિને તપાસ કરવા મોકલ્યો. અગ્નિને 'જાતવેદા' કહે છે. સંસ્કૃતમાં એક વસ્તુ માટે અનેક નામો હોય છે અને પ્રત્યેક નામની અલગ-અલગ વ્યુત્પત્તિ થતી હોય છે તેથી તેનો અર્થ પણ અલગ થતો હોય છે. 'જાતવેદ' એટલે ?

''જાતં જાતં પ્રત્યેકં વસ્તુ વેત્તીતિ જાતવેદઃ।''

અર્થાત્ ઉત્પન્ન થયેલી પ્રત્યેક વસ્તુને જાણે તે 'જાતવેદા' કહેવાય. જાતવેદા સૌને જાણે છે તેથી આ યક્ષને પણ જાણશે તેવી આશાથી જાતવેદાને યક્ષની પાસે મોકલ્યો. જાતવેદા ગર્વથી પગ પછાડતો-પછાડતો ધમધમ કરતો ચાલ્યો. કોઈ મહત્ત્વના કાર્ય માટે ઘણામાંથી કોઈ એકની પસંદગી થાય તો તેવા એકને ગર્વ થાય તે સ્વાભાવિક છે. ન થાય તો નવાઈ લાગવી જોઈએ. તે જરૂર ગુણથી સંત હશે.

જાતવેદા યક્ષની પાસે જઈને ઊભો રહ્યો અને કાંઈ બોલે કે પૂછે તેના પહેલાં જ યક્ષે સામો પ્રશ્ન પૂછી દીધો :

**કોઽસિ ? જાતવેદા વા અહમસ્મીતિ।**
**તસ્મિંસ્ત્વપિ કિં વીર્યમિત્યપદમ્**
**સર્વં દહેયં યદદં પૃથિવ્યામિતિ।**
**તસ્મૈ તૃણં નિદધાવેતદ્દહેતિ।**
**તદુપપ્રેયાય સર્વજવેન, તન્ન શશાક દગ્ધું**
**સ તત એવ નિવવૃતે, નૈતદશકં**
**નિજ્ઞાતું યદેતદ્યક્ષમિતિ।।૬।।**

યક્ષે પ્રશ્ન પૂછ્યો : 'કોણ છે કું ?'

ઉત્તર : 'હું જાતવેદા અગ્નિ છું.'

પ્રશ્ન : 'તારામાં શું પરાક્રમ છે ?'

ઉત્તર : 'હું પૃથ્વીમાં જે કાંઈ છે તે બધું બાળીને ખાખ કરી શકું છું.'

યક્ષે તેની પાસે એક તણખલું મૂક્યું અને કહ્યું, ''લે, આને બાળ.''

અગ્નિ બધા વેગથી પેલા તણખલાને બાળવા દોડ્યો, ઘણા પ્રયત્નો કર્યા, પણ તણખલાને બાળી શક્યો નહીં, તેથી લજ્જિત થઈને પાછો આવ્યો અને કહેવા લાગ્યો કે ''આ યક્ષ શું છે તે મને સમજાતું નથી.''

ગર્વપૂર્વક પ્રવૃત્તિ કરવી, પડકાર ઝીલવો અને પછી નિષ્ફળ થઈને પાછા ફરવું એ લજ્જિત થવાની જ વાત કહેવાય. મહાપુરુષો કદી પણ ગર્વપૂર્વક ઘમંડથી પ્રવૃત્તિ કરતા નથી, જરૂર પડે તો નમ્રતાપૂર્વક ઈશ્વરને માથે રાખીને પ્રવૃત્ત કરતા હોય છે. કદાચ નિષ્ફળતા મળે તોપણ લોકો હાંસી ઉડાવતા નથી, સહાનુભૂતિ બતાવે છે. નમ્રતાની હાંસી ન હોય, ઘમંડની હાંસી હોય.

હવે વાયુનો વારો આવ્યો. ફરી એ જ પ્રમાણે યક્ષને જાણવા માટે વાયુને મોકલ્યો. વાયુને પણ યક્ષે એ જ પ્રથમ પ્રશ્ન પૂછ્યો અને વાયુએ કહ્યું કે ''પૃથ્વી ઉપર જે કાંઈ છે તે બધું હું ઉડાડી શકું છું.'' યક્ષે તેની આગળ પણ તણખલું મૂક્યું અને કહ્યું કે ''લે, આ તણખલાને ઉડાડ.'' વાયુએ બધી તાકાતથી તણખલાને ઉડાડવાનો પ્રયત્ન કર્યો, પણ તણખલું હાલ્યું પણ નહીં, તેથી તે પણ લજ્જિત થઈને પાછો ફર્યો.

હવે ઈન્દ્રનો વારો આવ્યો. ઈન્દ્રને અહીં 'મઘવન્' કહ્યો છે. ગુજરાતીમાં ઘણાં નામ - મઘો, મઘાભાઈ હોય છે તે આ ઈન્દ્ર - 'મઘવા'નું રૂપાંતર છે 'મઘવા'નો અર્થ થાય છે ''બધામાં સૌથી વધુ પૂજ્ય હોય તે 'મઘવા' કહેવાય.'' ઈન્દ્ર બધા દેવોમાં સર્વોચ્ચ પૂજ્યતા ધરાવે છે તેથી તેને 'મંઘવા' કહેવાય છે.

ઈન્દ્ર યક્ષને જાણવા માટે ચાલ્યો. પણ બે દેવોની નિષ્ફળતાથી તે ગર્વથી ધમપછાડા મારતો ન ગયો. તેને ભય લાગ્યો કે ''કદાચ હું પણ નિષ્ફળ જઈશ તો ?'' તેથી તે ડરતો-ડરતો ચાલ્યો. પણ આ શું ? તે યક્ષની પાસે પહોંચ્યો કે તરત જ યક્ષ અદૃશ્ય થઈ ગયો. કાંઈ ન મળે. હવે શું કરવું ? એટલામાં આકાશમાં એક રૂપરૂપનો અંબાર એવી સ્ત્રી દેખાઈ. તે ઉમા હેમવતી કન્યા હતી. મંદ-મંદ મુસ્કુરાતી તે કન્યા બોલી, ''મૂર્ખાઓ ! તે યક્ષ તે બીજું કોઈ નહીં પણ બ્રહ્મ જ હતું. તેના મહિમાથી યુદ્ધમાં તમે વિજયી થયા હતા; તેને ભૂલીને તમે પોતાનો મહિમા ગાવા લાગ્યા હતા. આ યોગ્ય ન કહેવાય, તેથી તમને ભાન કરાવવા તે બ્રહ્મે યક્ષનું રૂપ ધારણ કર્યું હતું. તમે તેને ઓળખી શક્યા નહીં. હવે કદી આવો અહંકાર ન કરશો અને વિજયમાં બ્રહ્મને યાદ કરજો.''

આટલું કહીને હૈમવતી કન્યા ઉમા પણ અદૃશ્ય થઈ ગઈ. આ રીતે આ કથા વિજય-સફળતામાં છકી ગયા વિના પરમેશ્વરને પ્રથમ યશ આપવો તેવું સૂચવે છે. ❖❖❖

# સ્વપ્ન પૂર્તિ

☐ જ્ઞાનેશ જયચંદ લાપસીયા

પાનખરમાં પીળા થઈ ખરી ગયેલા પર્ણ પુનઃ વસંત આગમને વેલ બની લહેરાઈ રહ્યા છે, ગ્રીષ્મ ઋતુમાં પણ સમીરનો સળવળાટ ચાલ્યા કરે છે, ગુલમહોર ડાળે ડાળે હિલોળે ચડ્યા છે, સૂમસામ બની ગયેલા શાળાનાં ઓરડાઓ ક્ષણિક ચહલ-પહલ આદરી પુનઃ ફરજિયાત વિસામો લેવા વીવશ બની ગયા છે તેવા સમયે વર્ષો બાદ એક આદર્શ છતાં ધુંધળા સ્વપ્નનાં મનોરથ સેવા સાનફ્રાન્સીસકોની ધરતીને છેલ્લા રામરામ કરી કેથે પેસેફિક એરવેઝમાં રૂની ગાંસડી જેવા વાદળોને હાથમાં સમાવી લેવા ટચુકડી બારીમાંથી હાથ લંબાવવાનાં નિરર્થક પ્રયાસ કરતા કરતા ગગનચૂંબી ઈમારતોની હારમાળા વચ્ચે મોકળાશભરી જગ્યામાં બંધાયેલા દિલ્હીના આધુનિક વિમાન તળે દેશની ધરતી ઉપર આગમન કરી રહ્યા દિક્ષા અને દિનકર.

દિલ્હી તેમનું મુકામ ન હોતું પણ સીધી જામનગરની ફ્લાઈટ ના હોઈ ના છૂટકે દિલ્હી ઉતરાણ કરવું પડ્યું. પોતાના સામાન આવવાની રાહ જોતા જોતા સઘળો સામાન આવી ગયા પશ્ચાત હવાઈ મથક ઉપરનાં મદદનીશ કાઉન્ટર ઉપર પહોંચી જામનગરની ફ્લાઈટ ક્યાંથી મળશે તેની માહિતી મેળવી, ઈન્ટરનેશનલ એરપોર્ટમાંથી પ્રયાણ કરી નેશનલ ફ્લાઈટ ઉડાણવાળા હવાઈ મથકે પહોંચ્યા. જામનગરની ફ્લાઈટની તપાસ આદરી અને બપોરની ફ્લાઈટનું બુકિંગ કરાવી હવાઈ મથકના વેઈટીંગરૂમમાં ફ્રેશ થઈ આરામ કરતા કરતાં પોતાના વિદેશ વસવાટના સંસ્મરણો વાગોળતા રહ્યા.

પોતાની સાથે નહીં આવેલ સંતાનો કલ્પેશ-રાખીનો મોટેલ અને કરૂણા-રોડ્રીક્સની કેસીનોની ઘીકતી કમાણી અને ઉજ્જ્વળ ભવિષ્યના સોનેરી સોપાનના



સ્મરણોને મમળાવતા મમળાવતા જ એટલો સમય વ્યતિત થઈ ગયો કે જામનગરની ફ્લાઈટ રનવે પર આવી ગયાની સૂચનાઓ સંભળાવવા લાગી અને તરત બેબાળકા બની પોતાપોતાની બબ્બે બેગો લઈ સૂચના મુજબના કાઉન્ટર ઉપર જઈ પોતાની બોર્ડીંગ પાસ મેળવી નિયત રનવે ઉપર પહોંચ્યા.

આ બોર્ડીંગ પાસ આપતી સ્વયંસેવિકાઓ પણ કેટલી સુંદર અને વિનયી હોય છે, તમારી ટિકિટ લીધા બાદ ફ્લાઈટમાં કઈ બેઠક પસંદ કરશો ? બારી પાસેની, વચ્ચેની કે બહારની તરફની છેલ્લી ? અને આપણી સંમતિ મળતા તે મુજબ બોર્ડીંગ પાસ આપી તમારી સફર સફળ અને આનંદમય બની રહે તેવી શુભેચ્છાઓ આપતી.

નિયત સમય થતાં વિમાને ઉડ્ડાણ ભરી અને જોતજોતામાં પુનઃ પહોંચી ગયું ૧૫૦૦૦ કિ.મી. ની ઊંચાઈએ, આ ઊંચાઈ દિક્ષા અને દિનકર માટે નવી ના હતી, હજી સવારે જ ઉતરેલ ફ્લાઈટમાં આટલી ઊંચાઈ ઉપર કેટલાંય કલાકો સુધી મુસાફરી કરી હતી. આજે વિમાનતળનો રનવે ખાલી હોઈ નિયત સમય કરતા પંદર મિનિટ ફ્લાઈટ વહેલી આવી પહોંચી જામનગર, જ્યા પુનઃ સામાન આવવાની રાહ જોવાઈ EXIT - નિકાસનું નિર્દેશ કરતા તીરના નિશાનનો પિછો કરતાં કરતાં માંડ બહાર આવ્યા. જ્યાં કતારમાં ઉભેલી એસી કેબમાંથી એકની ઉપર પસંદગીનો કળશ ઢોળી સામાન ટેક્સીની ડીકીમાં મુકી જામનગરથી પ્રયાણ આરંભ્યું વતન લાલપુર તરફ.

સફરની સાથે જ સંવાદનો સેતુ સાધતા દિક્ષાએ તરત પૂછ્યું, ''કેટલા વર્ષ થયા હશે આપણને આપણું વતન ત્યજીને વિદેશ સ્થાઈ થવાના ?'' તરત દિનકરે જવાબ આપ્યો ''જો હજુ કમલેશ ઘોડિયામાં હતો અને કરૂણા હતી ગર્ભમાં, બસ તેટલા સમયનો સરવાળો કરી લે એટલે ઉત્તર મળી જશે,'' કહી મરક મરક હસવા લાગ્યો દિનકર. ''એટલે તમારા કહેવા અનુસાર કરૂણા આજે ૨૯ વર્ષની છે તો શું આપણે ત્રણ દાયકા પૂર્વે વતન છોડી વિદેશ વસવાટ કરેલ...ઓહોહો...ક્યાં પસાર થઈ ગયાને ત્રણ ત્રણ દાયકા !!''

કાચી માટીના રસ્તા અને બળદગાડા કે સાઈકલની સવારીમાં આપણે સ્વગૃહે જતાં તેના બદલે ડામરના પાકા રસ્તા, ઓટો, તુફાન, એમ્બેસેડર, કેબ ઈત્યાદી વાહનો આવી ગયા અને સફર પણ સડસડાટ પાણીના રેલાની માફક થઈ ગઈ. હજુ વાતનો તંતુ જારી રહેત પણ અધવચ્ચે જ

ડ્રાઈવરે કહ્યું ''લ્યો સાહેબ આવી ગયું આપનું લાલપુર ગામ હવે ક્યાં જવું છે ? તમને ઘર કે સરનામાની જાણ છે ?'' ''મને શેરીઓમાં ડાબે કે જમણે કઈ તરફ જવું તે માર્ગદર્શન કરશો ? આપણી કેબ તમારા ઘર સુધી જઈ શકશે ?'' એક પછી એક સવાલોના તીર છુટવા લાગ્યા તેના મુખેથી પણ તે સઘળા સવાલોનો ઉત્તર હતો 'ના' હું તમને ડાબે કે જમણે જવા અંગે કોઈ માર્ગદર્શન નહીં આપી શકું, લગભગ ત્રીસ વર્ષે આ ધરતી પગ મુકું છું જડમૂળથી સઘળું બદલાઈ ગયું છે, છાણ-ગોબર-વાંસ ને માટીના નળીયા ને મોભવાળી મેડીઓ, ઘાસના લીપેલ આંગણા, છાણથી ચાલતા ચુલાઓ જ મારી નજરમાં હતા તેના બદલે અહીં તો રેતી સિમેન્ટ ચણતરવાળા ધાબાવાળા બંધાયેલા પાકા મકાન. ત્રણ-ચાર મજલી ઈમારતો જોઈ હું પોતે પણ દંગ રહી ગયો છું એમ કહ્યું દિનકરે, ''સારું સાહેબ, આપ સરનામું આપો નીચે ઉતરીને આપણે તપાસ કરીએ.'' એમ કહી ત્રણેય ઘડીકભર વાતાનુકુલિત ટેક્સીમાંથી નીચે ઉતર્યા અને દિનકર સરનામું આપતા બોલ્યો શાંતિપોળ, સરિતાસદન, લાલપુર.

આજુબાજુ નજર ફેરવી, બપોરની વેળા હોઈ કોઈ અવરજવરનો સંચાર ના હતો, હતુ તો એક એસ.ટી. બસ થોભોનું ખખડધડ બસ સ્ટોપ, બે-ત્રણ રઝળતી ગાય, બકરી અને એકાદ કુતરુ. ત્યાં જ દિનકરની નજર બસ સ્ટોપને અઢેલીને ઊભી કરાયેલ પાણીની પરબ ઉપર પડી, જ્યાં એક આધેડ વયની સ્ત્રી મોટા કાળી માટીના માટલામાં પાણી ભરીને અવરજવર કરતા યાત્રિકોની ક્ષુધા તૃપ્ત કરવા બેઠા હતા અને પગ ઉપડ્યા દિનકરના તે પરબ તરફ. હજુ પરબની નજદિક પહોંચ્યો કે તરત સંતોકબાએ હાકલ પાડી, ''એય દિનીયા ડબા-બાટલીવાળા તું અહીં ?'' અને શબ્દો સાંભળતા જ પગ થંભી ગયા આટલા વરસો બાદ તેને ડબા-બાટલીવાળા કહી ઓળખી જનાર આ સ્ત્રી કોણ ? એકદમ પાસે જઈ પૂછ્યું દિનકરે, ''માડી આપ મને કંઈ રીતે ઓળખો છો ?'' કે તરત જવાબ મળ્યો 'કેરી ફળીયાની સંતોકબા જેને તું સંતુડી કહી ચીડવતો હતો' અને જાણે ત્રીસ વર્ષનો સમય ક્યાંય ધકેલાઈ ગયો અને ઉભય પક્ષે નયન ભીંજાઈ ગયા હર્ષાવેશથી !

સંતોકબાએ જરીક સ્વસ્થ થઈ રાડ પાડતા કહ્યું, ''હરૂભા મારો દિનીયો ડબા-બાટલીવાળો આવ્યો છે તેના હાટુ ત્રણ મીઠી મધુર ચા બનાવ અને એકદમ સ્વચ્છ ધોયેલા કપ રકાબીમાં રેડીને લઈ આય, એટલી વાર હું ઠંડુ પાણી પાઉ છું અને ઘડીભર વિસામો લેવડાવું છું મારી પરબે ! અલ્યા દિનીયા તારી બાયડી છે ને ઈ ઊભી છોરી ? શું નામ છે તેનું ? તારાથી વધુ ગોરી અને સુંદર છે, બોલાવી લે તેને પણ અહીં ઘડીક વિહામો ખાશે, ચા પીશે તો હળવી ફુલ તાજી થઈ જશે. આ લે દિનીયા ત્રણ વાર ગાળેલું ઠંડુ મજાનું પાણી,'' ત્યાંજ દિક્ષા બોલી અમને તો બીસલેરી જ ફાવે આવું અનપ્યુરીફાઈડ પાણી નથી પીતા, તેના ઉત્તરમાં દિનકર બોલ્યો ''તું પણ વતનના પાણીના બે ઘુટડા ભરી લે બીસલેરીને તો ક્યાંય ભૂલી જાશે.''

દીક્ષા બોલી ''આપણે તો હાઈજેનિક કરેલા ડિસ્પોઝીબલ ગ્લાસમાં જ કોફી પીએ છીએ અને તું વળી ક્યારથી ચા પીવા માંડ્યો ? કો'કે કહ્યું અને ઘડીભર પણ ના વિચાર્યું કે ચા પીવાથી શું નુકસાન થાય ?'' તેની વાતને વચ્ચેથી જ રદીયો આપતા હરૂભા બોલ્યા ''હું દૂરથી જોઈને જ સમજી ગયો કે ચા અને આમને સ્નાન સુતકનોય નાતો નહીં હોય માટે બ્રુ ફીલ્ટર કોફી જ લાવ્યો છું અને તે પણ તદ્દન નવા કાઢેલા કપ રકાબીમાં શાંતિથી પી લ્યો. દિનકર તો ગામનો પુત્ર છે અને તમેય વહુ તો ખરાજ ને !! ચાલો ચાલો તમારા સ્વાસ્થ્યમાં કોઈ બાધા નહીં આવે માડી સહુની રક્ષા કરશે.''

હરૂભાની કડક કોફી પીધા બાદ સંતોકબેનને સરનામું પૂછતા જ બોલ્યા ''આ નાકની દાંડીએ વહ્યા જાઓ રસ્તામાં ત્રણ માળનું કનુભા બંગલો આવશે, ત્યાંથી ડાબે જતાં જર્જરિત મેડી આવશે, તે આપનું સરિતા સદન. જેની આસપાસ એક નાનકડું ઉપવન ઊભુ કરેલ છે કસ્તુરીએ, રોજ આંગણુ વાળે, ડાળે આવેલ ફુલો ગામના મંદિર માટે આપી દે માત્ર મણિલાલના કાળવશ થયા બાદ પીળા ગુલાબ પોતાના ડેલીના બારણે રાખે છે.''

માર્ગદર્શન મુજબ ઘડીકવારમાં પહોંચી ગયા સહુ સરિતા સદન, જ્યાં એક વૃદ્ધા ઘઉંમાંથી કાંકરી વીણતી બેઠી હતી, જરાક વાહનનો અવાજ સંભળાતા સફાળી ઊભી થઈ ગઈ અને હાથમાંથી ઘઉંની થાળી પણ જમીન પર પડી ગઈ, ''કોણ ? કોનું કામ છે ? આ મારા દિનીયાના પપ્પાનું જૂનું મકાન છે જેમાં હું એકલી રહું છું આપ ભુલથી આ તરફ આવી ગયા છો તેવું લાગે છે.'' કસ્તુરીનું બોલવાનું પુરું થાય તે પહેલા જ દિનકરનું મુખેથી સરી ગયું માડી ! ''હું જ તારો દિનીયો, હું ત્રણ દાયકા પહેલા ભૂલી ગયો હતો પણ હવે બરાબર મુકામે આવી પહોંચ્યો છું.'' આટલું કહેતાવેંત જ ''દિનકર કસ્તુરીના ચરણમાં ફસડાઈ પડ્યો. દિનકર તું મજાક તો નથી કરતો ને બેટા ? હવે મારી સહનશક્તિની હદ આવી ગઈ છે હું કોઈ મજાક સહી શકું તેવી સ્થિતિમાં નથી,'' ત્યાં જ દીક્ષા બોલી ''નહીં માડી

આ જ તમારો દિનીયો છે અને હું તમારી વહુ દીક્ષા,'' કહી તે પણ અશ્રુ ઝરતી આખે કસ્તુરીના પગ પખાળતી રહી.

''બેટા પહેલા આ વ્હાલાને તેની ટેક્ષીના ભાડાના ફદિયા ચૂકવી દે, થોડી બક્ષિસ પણ દે જેથી તે સમય વેડફ્યા વિના પોતાની જનેતા સુધી સત્વરે સીધાવી શકે. આટલું કથન પૂર્ણ થતાં જ દિનકરે ઠેરવેલ ૩૦૦ રૂપિયાના બદલે ૫૦૦ આપી તેને હસતા મુખે વિદાય કર્યો.''

''માડી સહુથી પહેલા ઓસરીમાં ચાલ બેસ મારે તારા ખોળામાં માથુ મુકવું છે,'' ''ચાલ વહુ તું પણ આવ સામાન છો રહ્યો અહીં કોઈ નહીં લઈ જાય. આજે મને મારી સાચી મૂડી પાછી મળી ગઈ છે હવે મને કશાની તમા નથી'' કહી દિક્ષાને અંદરના રૂમમાં લઈ જઈ દિવાલ સરખી જડાયેલ લાકડા તથા કાચના કબાટમાંથી નવી નકોર રજાઈ કઢાવી ઓસરીમાં પથરાવી અને પછી બન્નેને એક એક ઘૂંટણે માથુ મુકી લંબાવવા કસ્તુરીએ જણાવ્યું અને પોતે હેતથી માથામાં હાથ ફેરવતા રહ્યા, સમય ત્યાં જ થંભી ગયો જાણે દીકરા-વહુને વ્હાલનો ખજાનો સાંપડી ગયો.

''કસ્તુરીબુન ઓ કસ્તુરીબુન સાંભળ્યું છે તમારા દીકરાને વહુ ઘરે આવ્યા છે ?'' કહેતા કુંદન ઘરમાં આવી ઊભી અને બોલી ''માટે જ આજે દૂધ વધુ લાવી છું. લાપસીના આંધણ મુકો બુન રોટલાને શાક તો પછી પણ થઈ રહેશે,'' કહેતા તરત જ રસોડે ભરાઈને હક્કથી ચૂલે લાપસી મુકી, ઘરમાં ઘી અને દાળની કમી વર્તાતા તરત જ મોદીની દુકાને જઈ જોઈતી કરતી નાની-મોટી વસ્તુઓ થેલે ભરાવી દોડતીક લઈ આવી અને પુનઃ રાંધવા લાગી લાપસી. તેની જબરાઈ જોઈને અચંબિત થયેલા દિનકરે માતાને પૂછ્યું ''આ કોણ છે ?'' તો કસ્તુરીએ જણાવ્યું ''આનું નામ કુંદન છે, તે ખૂબ જ લાગણીશીલ છે મારી દીકરીની ખોટ પુરી કરે છે, મારી બધીજ વસ્તુઓનું પુરૂ ધ્યાન રાખે છે, રાંધી આપે, સાંધી આપે અને લાગ આવે લૂગડા પલાળીને સુકવી પણ આપે છે. બી.કોમ ભણી છે પણ મા-બાપનું છત્ર ગુમાવેલી છે તેથી અહીં લાલપુરમાં જ વસે છે અને મારી જેવી જ કોઈપણ દુખિયારાનાં દર્દ હરી લેવા સદાય તત્પર રહે છે.''

''રસોઈનું કામ પૂર્ણ થતાં દૂધને ઊભરો અપાવી જાઉં છું બુન'' કહી સડસડાટ સરી ગઈ અને ત્યારબાદ સાસુ-વહુ એ થાળી-વાટકા ગોઠવી સાથે બેસી રસોઈને ન્યાય આપી રહ્યા. રાત્રે વાસણ ઊટકી સુવાની તૈયારી કરી રહેલ માતાને ઘડીક પાસે બેસાડી દિનકરે હવે અહીં જ રહેવાનો નિર્ધાર કરીને અમે બન્ને આવ્યા છીએ ઈત્યાદિ સઘળી વાતોથી વાકેફ કર્યા, અને કસ્તુરીના આંખેથી દડ દડ વહેતા અશ્રુઓ રોકાયા રોકાતા ન હતા, ડુસકા ભરતા ભરતા બોલી ''સુખી થજો બન્ને, સદાય અહીંજ વસજો પણ આવ્યા છો તો પહેલા જર્જરીત થયેલ મકાનને તમારી પસંદનું અને સુવિધાજનક નવું મકાન બનાવો ખર્ચ મારી પાસેની જમા પૂજીમાંથી કરજો'' આટલું કહેતી માતાને દિક્ષાએ રોકતા જણાવ્યું ''કરીશું આપના સૂચન મુજબ જ, પણ હવે કદી તમારી પુંજી વાપરવાની વાત મોઢે ના લાવતા. અમારી આ સંચય કરેલ સંપત્તિ ક્યારે અને કોને કામ આવશે ?''

સવાર પડતા જ કુંદનને કહી કસ્તુરીએ યોગેશ કોન્ટ્રેક્ટર ને ઘરે બોલાવ્યો. બેસીને પોતાની જરૂરિયાતો જણાવી અને તેને અનુરૂપ નવીન મકાન વહેલામાં વહેલું નિર્માણ કરવા જણાવી દીધું અને જોતજોતમાં તો નવું મેડીબંધ મકાન તૈયાર પણ થઈ ગયુ અને સારા મુર્હુતે કુંદનના હાથે કુંભ મુકી ઉદ્‌ઘાટન કર્યું.

મકાન તૈયાર થતાં જ એક દિવસ માતાને કહી કુંદનને પાસે બોલાવી ચાર મહિનાથી હૈયામાં રાખી મુકેલ વાત દિનકરે રજુ કરીને કહ્યું ''કુંદન તને યોગ્ય લાગે તો તારા સેવા યજ્ઞમાં અમે સામેલ થવા તત્પર છીએ. ગામમાં કે આસપાસના ગામમાંથી તારી સમાન સેવાનો ભેખધારી દીકરા કે દીકરીઓને ભેગી કરી તેમની આવડત અનુસારનું કાર્ય અહીં આવીને કરે એનું તેની યોગ્ય મહેનતાણું અમો આપીશું તેથી સહુને કામનું કામ મળશે અને તેમના જ્ઞાનનો લાભ મળશે અને તેની ઉપજમાં થયેલ નફો તમને જ વહેંચી નાખવામાં આવશે. સુંદર, સકારાત્મક અને સ્વાર્થ રહીત પ્રસ્તાવ સાંભળી તત્ક્ષણે કુંદને સંમતિ આપી અને સહુને સહભાગી કરવા વચનથી બંધાઈ.

બસ હવે તો દિક્ષા અને દિનકર બેઉને પણ દિનકર પ્રવૃત્ત રહેવા એક કાર્ય મળી ગયું અને સારા મુહુર્તે આ નવી પ્રવૃત્તિ માટે મકાનના પરિસરમાં જ એક નવી અદ્યતન સુવિધાજનક ઈમારત ચણાવવામાં આવી અને તેનું નામ પણ ''કસ્તુરમણી'' રાખવામાં આવ્યું. જેનું માતાને હાથે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું અને ઢોલ નગારા સાથે ગામ ભરમાં મિઠાઈ વિતરણ કરાઈ.

ટૂંક સમયમાં જ ''કસ્તુરમણી'' આવા જરૂરિયાતમંદ પરિવારોની એક આસ્થાનું કેન્દ્ર બની રહ્યું અને દિક્ષા અને દિનકરનું વિદેશ છોડી સ્વદેશ પરત ફરવાનું સપનું પણ ફળીભુત થયું.

❖❖❖

# વીરામાતા

અંબુભાઈ શાહ

**સા**ણંદ તાલુકામાં ચરલ નામે ગામ. ગામના પાદરમાં લીમડાનાં ઝાડ પુષ્કળ. જમીન અને ઝાડનો એવો તો મેળ કે ન પૂછો વાત. લીમડાનું તો જાણે મોટું વન. પણ એ લીમડા કાપવા બહારના માણસો આવ્યા કરે. ગામને ખબર પડે ત્યારે લોકો ભેગા થઈને એને રોકે; પણ ઘણી વાર ચોરીછૂપીથી કાપી જાય. આમ ચાલ્યા કરે.

એક દિવસ મોટું ટોળું લીમડા કાપવા આવી પહોંચ્યું. ગામને ખબર તો પડી. પણ આવનાર જૂથ મોટું હતું, એટલે બેએક માઈલ પરના મખીઆવ ગામના ડાયરાને સંદેશો મોકલીને ઝટ તેડાવ્યો. પછી બધાએ ભેગા મળીને પેલા ટોળાને લીમડા ન કાપવાની વિનવણી કરી. પણ કાપનારાએ કાંઈ સાંભળ્યું નહીં. કુહાડાના ઘાની ઝીકાઝીક બોલી રહી. કેટલાય લીમડાનો સોથ વાળી નાખ્યો. લોકો વારેવારે સમજાવતા રહ્યા, પણ કુહાડા થંભ્યા નહીં. મખીઆવના ડાયરા સાથે એક ચારણ પણ આવેલ. નામ મેઘરાજ ગઢવી. એ વિચારમાં ઊંડા ઊતરી ગયા. આ ઝાડ કપાતાં કઈ રીતે અટકાવવાં ? આવા ટાણે ચારણનું લોહી કામ નહીં આવે, તો પછી ક્યારે ખપ લાગશે ? પોતાની તલવાર કાઢીને પોતાના જ હાથ પર ઘા કર્યો. લોહીની ધારા ચાલી. ચાપવે ચાપવે તેણે લોહી પેલા હત્યારા ટોળા પર છાંટવા માંડ્યું. પણ એમ એટલાક લોહીથી ધરાય તેવા કાચાપોચા એ લોકો નહોતા. લીમડા તો કપાતા જ ચાલ્યા.

મેઘરાજ નિસ્સહાય બનીને એ જોઈ રહ્યો હતો. ત્યાં એના ચિત્તમાં વીજળી જેવો ઝબકારો થયોય લોહિયાળા હાથ પર ખેસ વીંટીને એણે મખીઆવ ભણી દોટ મૂકી. ઘરે ઘરડી માતા, જુવાન ઘરવાળી, એને ખોળે છ મહિનાનું બાળ. મેઘરાજે માને માંડીને વાત કરી. પણ ડોશીમાટે જીવતર વહાલું લાગ્યું. મેઘરાજ નિરાશ થયો. સગી જનેતા ન માની, ત્યાં ગઈ કાલની આવેલીનો ભરોસો તો ક્યાંથી થાય ? પણ થયું, ચાલને પારખું તો કરી જોઉં ! પહેલા ખોળાના રતન જેવા દીકરાને નવરાવીને ચારણ્ય એનું માથું ઓળે છે. ગીત ગાતી ગાતી આવતી કાલની આશાનું વહાલ કરે છે. એને મેઘરાજે બધી વાત કરી.



ચતુર ચારણ્ય પલકમાં પામી ગઈ ને મનમાં ગાંઠ વાળી લીધી. લાંબે ગામતરે પરિયાણ કરવાનું હતું. છૈયાને છેલ્લી વારનું હૈયાનું અમૃત પાઈ, ગાલે ચૂમીઓ ચોડી, ડોશીમાના હાથમાં સોંપીને ચારણની સંગાથે એ ઝટ ચાલી નીકળી. એકબીજાને નથી કાંઈ પૂછતા, નથી કાંઈ કહેતાં. જાણે બેયનાં અંતર એક જ હોય તેમ મનમાં એક જ વાત રમી રહી છે.

આવી પહોંચ્યાં ચરલના પાદરમાં. ડાયરો દેખાયો. લીમડા કપાતા જોયા. ''ચારણ, જોજે હોં ! મનને મજબૂત રાખજે. ડાયરો દેખીને ઢીલો પડીશ, તો મારું મોત બગાડીશ !'' ચારણ્યે મેઘરાજનું પાણી માપી જોયું. મેઘરાજે મૌનથી જ પોતાની મક્કમતાની ખાતરી આપી.

એક બાજુ કપાતા લીમડા ને બીજી બાજુ મડાં જેવો ડાયરો; એ બેની વચ્ચે ધણી-ધણિયાણી આવીને ઊભાં રહ્યાં. ચારણ્યે ચોટલો છૂટો મેલીને સૂરજ દેવતા સન્મુખે મસ્તક ધર્યું. મેઘરાજે તલવારના એક જ ઘાએ એ માથું ધડથી જુદું કરી દીધું. જોનારાઓ હજી કાંઈ વિચાર કરે તે પહેલાં તો ચોટલે ઝાલીને માથાને ચારે બાજુ ઘુમાવ્યું અને લીમડા કાપનારાઓ પર લોહી છંટાયું. ટોળાથી તે સહન થયું નહીં ને એ ભાગી નીકળ્યું.

એ ચારણ્યનું નામ વીરા. એની યાદગીરીમાં ગામે ચરલના તળાવની પાળે દેરી ચણાવીને તેમાં વીરામાતાનો પાળિયો ઊભો કર્યો. સંવત ૧૯૬૪ (સન ૧૮૦૭ ની આ વાત છે.

❖❖❖

## કૃપાથી તારી

કૃપાથી તારી, મા ! દિવસ ઊગતો કાવ્ય થઈને; તમારી ઈચ્છા એ ઉરની ધ્રુવપંક્તિ બની રહો !

**સુરેશ દલાલ**

# શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ - વઢવાણ

**અદ્યતન સુવિધાયુક્ત, આધુનિકતાથી સજ્જ નવીનીકરણ પામતા પશુ દવાખાનાનાં તારીખ ૮ માર્ચ ૨૦૨૬નાં ઉદ્‌ઘાટન પ્રસંગે દાતાશ્રીઓ, શ્રેષ્ઠીઓ, જીવદયાપ્રેમીઓને**

## આગોતરુ આમંત્રણ



ભગવાન શ્રી મહાવીર સ્વામીનાં પુનિત પગલાંથી પાવન થયેલી પવિત્ર ભૂમિ એવી વર્ધમાનપૂરી નગરી (વઢવાણ)માં, ભગવાનનાં **''જીવો અને જીવવા દો''**નાં સંદેશને ઉજાગર કરવા સાથે જીવદયાની જ્યોતને ઝગમગતી રાખવા માટે સતત પ્રયત્નશીલ રહેતી સંસ્થા **શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ - વઢવાણ**માં કાર્યરત **''પશુ દવાખાના''**નું દાતાશ્રીઓનાં આર્થિક સહયોગથી અદ્યતન સુવિધાયુક્ત આધુનિકરણ થયેલ છે. અન્ય પશુઓ માટેની ચિકિત્સા સારવાર વ્યવસ્થાને પણ અતિ આધુનિક સુવિધાયુક્ત બનાવવામાં આવેલ છે. આ સંસ્થાનાં આંગણે સારવાર પામતા અબોલ જીવોને શાતા પમાડવા અંગેનાં ઉપરોક્ત ઉમદા કાર્ય માટે માતબર રકમનું દાન દાતાશ્રીઓએ સંસ્થાને આપીને મદદરૂપ થયેલ છો. આ **ઉદારદિલ દાતાશ્રીઓનાં વરદ્ હસ્તે** આ નવીનીકરણ પામેલ **''પશુ દવાખાના''**નું **તારીખ ૮ માર્ચ ૨૦૨૬ રવીવારનાં રોજ સવારે ૧૦ કલાકે** (વઢવાણ ખાતે વઢવાણ મહાજન પાંજરાપોળ સંકુલમાં) ઉદ્‌ઘાટન કરવામાં આવનાર છે. આ ઉદ્‌ઘાટન પ્રસંગે, અમોને પ્રોત્સાહક બળ પુરૂ પાડવા માટે આપ દાતાશ્રીઓ, શ્રેષ્ઠીઓ, જીવદયાપ્રેમીઓ પધારશો. આપ સૌને અમો **આગોતરુ આમંત્રણ** પાઠવીએ છીએ.

### મુખ્યદાતા

**શ્રી સદ્‌ગુણાબેન સી. યુ. શાહ સાહેબ, હસ્તે: શ્રીમતી મિનળબેન રોહિતભાઈ શાહ**

**આધાર સ્થંભ દાતા**

**શ્રી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર, હસ્તે: શ્રી નેમિષભાઈ, શ્રી કેતનભાઈ**

**આધાર સ્થંભ દાતા**

**શ્રી ચંદ્રાબેન મધુભાઈ શાહ પરિવાર, હસ્તે: શ્રીમતી નીતીબેન મેહુલભાઈ શાહ**

**તથા અન્ય દાતાશ્રીઓના હસ્તે**

ઉદ્‌ઘાટન તા. ૮-૩-૨૦૨૬ રવીવાર સવારે ૧૦:૦૦ કલાકે

સ્થળ: શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ સંકુલ, શીયાણીની પોળ, વઢવાણ (સુરેન્દ્રનગર)

**: કાર્યવાહક મંડળ :**

જવાહરભાઈ મણીયાર - મો. ૯૮૬૯૨ ૧૪૮૬૬ (મુંબઈ), પરેશભાઈ શાહ - મો. ૯૮૨૪૪ ૮૪૬૨૯ (સુરેન્દ્રનગર)

JINENDRA CHARITABLE TRUST
Regd. Charity No. E/7966 - Rajkot • Founded in 2006

( ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા ! )



માનનીય દાતાશ્રીઓને હૃદયપૂર્વક જય જિનેન્દ્ર અને જયશ્રી કૃષ્ણ,

ભારતમાં હજુ પણ ૧ કરોડ થી વધુ અંધજનો વસે છે. ૨,૭૦,૦૦૦ બાળકો અંધ છે.

**ફકત રૂા.૧૫૦૦/-નું દાન આપી મોતિયાના ઓપરેશન દ્વારા એક અંધભાઈ/બહેન/બાળકને આંખની રોશની આપી નવું જીવન આપી શકો છો.**

એક નેત્રયજ્ઞ માટે રૂા.૧૫૦૦૦/-નું દાન આપી ૨૫ જેટલા અંધજનોને આંખની રોશની આપી શકો છો તથા ૨૦૦ જેટલા આંખની સામાન્ય સારવાર કરી શકાય છે. દાતાને ફોટા/દર્દીઓનું લિસ્ટ વગેરેનો રીપોર્ટ આપવામાં આવશે.

આંખની રોશની આપી આશાનું કિરણ આપવા આપને સહકાર આપવા વિનંતી.

લિ. સેવક કિશોરલાલ શાહ (સાયલા નિવાસી)ના જય જિનેન્દ્ર
B.A (Hons) B.Ed. Dip.Ed. (London) Email ID: kishorelal1925@gmail.com
મેનેજીંગ ટ્રસ્ટી

Account # : 925010024476033
A / C Name : JINENDRA CHARITABLE TRUST
IFCS Code : UTIB0004518
Bank Details : AXIS BANK LTD (YAGNIK RD BRANCH)

Office : 4-A, Vrundaven Apt., 2 Jagnath Plot, Dr Yagnik Road, Rajkot - 360 001, Gujarat, Contact no. Sanjay Dodiya 9106667276 / Mitaben Shah 98190 66626

(Advt.)

# બિંબ અને પ્રતિબિંબ

**નીલેશ મહેતા**

**બે** મિત્રો નદીએ નહાવા ગયા. નાહતાં-નાહતાં તેમની નજર પાણીમાં ચળકતી ચીજ ઉપર પડી. તે હીરા માણેકનો મૂલ્યવાન હાર હતો! બંનેએ વાતો કરી. નદીના તળિયે કેવો મૂલ્યવાન હાર પડ્યો છે. ચાલ આપણે તે લઈ લઈએ. આપણે સરખે હિસ્સે વહેંચી દેશું. બંને મિત્રો હાર મેળવવા માટે પાણી ઉલેચતા જાય ને રેતી ઊંચકતા જાય! પરંતુ પેલા હાર તો ત્યાં ને ત્યાં જ રહેતો હતો. બંને મિત્રોએ ઘણી મહેનત કરી. બંને થાકી ગયા પરંતુ મૂલ્યવાન હાર હાથમાં આવ્યો નહીં. તે સમય દરમિયાન સાધુમહારાજ ત્યાંથી પસાર થયા. એમણે આ બંને મિત્રોને મહેનત કરતા જોયા. એક મિત્ર પાણી ઉલેચતો હતો, બીજો રેતી ઊંચકતો હતો. સાધુ મહારાજને આશ્ચર્ય થયું. બંને મિત્રોને પૂછ્યું, 'તમે બંને આટલી બધી મહેનત કેમ કરો છો?' એક મિત્રે જવાબ આપ્યો, 'મહારાજ, નદીના તળિયે હીરા માણેકનો મૂલ્યવાન હાર દેખાય છે તે મેળવવા માટે મહેનત કરીએ છીએ.' સાધુ મહારાજે નદીમાં નજર કરી અને મૂલ્યવાન હાર જોયો. હાર જોતાં સાધુ મહારાજ હસી પડ્યા ને બોલ્યા, 'તમે આખી જિંદગી મહેનત કરશો તો પણ હાર મેળવી નહીં શકો.' બંને મિત્રોએ પૂછ્યું, 'કેમ?' સાધુ મહારાજે કહ્યું, 'ખરેખર તો હાર પાણીમાં છે જ નહીં!' એ તો પાસેના આ વૃક્ષની ડાળી ઉપર લટકે છે અને તમે પાણીમાં જે જુઓ છો. એ તો હારનું માત્ર પ્રતિબિંબ જ છે પછી તમારી મહેનત ક્યાંથી ફળે?' સાચી વાતની ખબર પડતાં બંને મિત્રોએ, સાધુ મહારાજને વંદન કર્યા ને પછી ઝાડ પરથી હાર લઈ લીધો.

મનુષ્યના જીવનની આ એક કરુણતા છે કે એ બિંબને ભૂલીને પ્રતિબિંબને મેળવવા માટે ખોટી મહેનત કરે છે. કિંમતી વસ્તુ મેળવવી છે પરંતુ એ ક્યાં છે એની જાણકારી મેળવ્યા વિના પોતાને મનફાવે ત્યાં મહેનત કરે છે. જીવન સરિતાનાં સમયરૂપી જળ અને કર્મરૂપી રેતીને એ ઉલેચ્યા કરે છે. તેમ છતાં આત્મજાગૃતિ અને ચૈતન્યનો કિંમતી હાર તેમને પ્રાપ્ત થતો નથી!

❖❖❖

# અમેરિકાના ફૉરેન ઍકાઉન્ટ ટૅક્સ કમ્પ્લાયન્સનાં કાયદા અને વીલ

કિશોર એમ. શાહ (સોલિસિટર)

**અમેરિકાના ફૉરેન અકાઉન્ટ ટેક્સ કમ્પ્લાયન્સ એક્ટ એટલે કે એફએટીસીના કાયદાને લીધે ભારતમાં હવે વીલ કરવું કેટલું મુશ્કેલ થઈ ગયું છે ?**

અમેરિકામાં ફૉરેન એકાઉન્ટ ટેક્સ કમ્પ્લાયન્સ એક્ટ પસાર કર્યો છે જેને લીધે જેટલા ભારતીયો અમેરિકામાં સેટલ થયા છે એમાંથી કોઈનું ટ્રસ્ટ હોય તે ટ્રસ્ટમાં તે બેનિફિશિયરી હોય તો તેણે અમેરિકાની આવક અને સંપત્તિમાં તે દેખાડવું પડશે. જે ભારતીય અમેરિકામાં સ્થાયી થયો હોય અને તેની ભારતમાં સ્થાવર કે જંગમ મિલકત હોય અને તેના પર આવક હોય તે આવક પણ હવે અમેરિકામાં રીટર્નમાં દેખાડવી પડશે. કોઈપણ માતા-પિતાએ એના છોકરાઓ માટે ડિસ્ક્રિશનરી ટ્રસ્ટ કરેલું હોય અને તેનાં બેનિફિશિયરી મૂળ ભારતના હોય પરંતુ અમેરિકામાં સ્થાયી થયાં હોય તો પણ ત્યાં ફટકાનો કાયદો લાગુ પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો કોઈપણ ભારતીય જે પહેલાં ભારતમાં રહેતો હોય અને ત્યારબાદ અમેરિકામાં નાગરિકત્વ મળેલું હોય અને તેને ભારતમાં સ્થાવર કે જંગમ મિલકત મળેલી હોય કે પોતે ખરીદી હોય તો ત્યાંનાં ઈન્કમ ટૅક્સ કે વેલ્થ ટૅક્સમાં દેખાડવી પડે છે. ફટકાના કાયદા પ્રમાણે કોઈપણ ટ્રસ્ટ કે જે ભારતમાં થયું હોય અને તેનાં બેનિફિશિયરી અમેરિકામાં રહેતા હોય તો તે ટ્રસ્ટના બધા લાભકર્તાએ ફટકાના કાયદા પ્રમાણે અમેરિકાના રીટર્નમાં દેખાડવી પડે છે. કોઈપણ ડિસ્ક્રિશનરી ટ્રસ્ટ હોય પણ જેના લાભકર્તા અમેરિકામાં રહેતા હોય અને તે ટ્રસ્ટે કોઈપણ જાતનું પૈસાનું વિતરણ નથી કરેલું હોતુ તો તેના પર કોઈપણ જાતનો ટૅક્સ નથી લાગુ પડતો. આમાં પણ અપવાદ એ છે કે અમેરિકાનો કરવેરા વિભાગ આના પર રાષ્ટ્રીય આવક ગણી તે ટૅક્સ નાખી શકે છે. અત્યાર સુધી ઘણાં ટ્રસ્ટોનાં લાભકર્તાઓએક યા બીજી રીતે તેમની સંપત્તિ સંતાડતા હતો, પરંતુ હવે ભારત અને અમેરિકાની સરકારની સમજૂતી પ્રમાણે જે છુપાયેલા ટ્રસ્ટી અને લાભકર્તા શોધી શકે છે. ભારતમાં કાયદા પ્રમાણે હવે એનઆરઆઈના નિયમો અને વારસાગત મિલતકની ટ્રાન્સફર કરવાના કાયદા સરળતાપૂર્વક અમલમાં મૂકી શકાય તેવા કરવાની જરૂર છે. છેલ્લાં થોડાંક વર્ષોમાં દુનિયા એક ગામડું થઈ ગઈ છે અને અમેરિકામાં કે બીજા અનેક દેશોમાં વસતા ભારતીયો શક્તિશાળી થઈ ગયા છે એટલે એનઆરઆઈ રોકાણ વારસાગત મળતી પ્રૉપર્ટી અને વીલ કરવાના કાયદા સરળ કરવાની ખાસ જરૂર છે. અત્યારે હજારો કુટુંબ એવા છે કે જેમાં મા-બાપ ભારતમાં રહે છે અને સંતાનો અમેરિકા, કૅનેડા કે લંડનમાં રહે છે. તેઓને આ ફટકાના કાયદા પ્રમાણે વીલ કરવું ઘણું મુશ્કેલ થઈ ગયું છે.

❖❖❖


## સમસ્ત દોઢીવાળા પરિવાર

(બૃહદ મુંબઈ મહારાષ્ટ્ર)

(મૂળવતન થાનગઢ અને વાંકાનેર)ના

# સમૂહ નિવેદ્ય

## (સોમવાર - ૨૬-૦૧-૨૦૨૬)

## (પ્રજાસત્તાક દિન)

બૃહદ મુંબઈ - મહારાષ્ટ્રમાં વસતા દોઢીવાળા પરિવારના તમામ કુટુંબીજનોને જયમાતાજી....

આપણા કુટુંબની પરંપરા મુજબ આ વર્ષ મહાસુદ - ૮ આઠમને (૨૬-૧-૨૦૨૬ ને સોમવાર) ના રોજ આપણા કુળદેવી અંબાજી માતાના નિવેદ્ય આપણે બૃહદ મુંબઈ - મહારાષ્ટ્રમાં વસતા પરિવારના એકસાથે સમુહમાં કરવાનું રાખેલ છે. આ પ્રસંગનો ઉદ્દેશ્ય, આપણે બધા એકબીજા સાથે હળી-મળી શકાય અને નવી પેઢીને એકબીજાનો પરિચય થાય અને કૌટુંબિક પરંપરા આગળ વધારી શકાય.

નિવેદ્ય બાદ સ્વરૂચી ભોજનના આસ્વાદ માણવાની પણ વ્યવસ્થા છે. આ માટે આપના તરફથી કોઈ સૂચના અથવા કોઈ વિચાર હોય તો જણાવશો.

**આ વખતે દોઢીવાળા કુટુંબની પરિણિત દિકરીઓને પણ આમંત્રિત કરીએ છીએ. તે તેમના ભાઈ અથવા અમને પણ કોન્ટેક્ટ કરી શકે છે.**

**આપના પરિવારનું કન્ફર્મેશન નીચેના નંબર ઉપર જણાવી દેશો જેથી આપની વ્યવસ્થા સારી રીતે કરી શકીએ.**

**સમય : સાંજે ૫ થી ૧૦ સુધી**

**સ્થળ : ફ્લેગ બેન્કવેટ હૉલ, લિબર્ટી ગાર્ડન, મલાડ (વે)**

**સંપર્ક**

**શ્રી પિયુષભાઈ દોઢીવાળા - ૯૩૨૪૫૪૫૧૩૯**

**શ્રી રાજેન્દ્રભાઈ દોઢીવાળા - ૯૭૬૬૭૪૦૧૦૪**

**આપના સાથ અને સહકારની અપેક્ષા સાથે**

**દોઢીવાળા પરિવારના કાર્યકર્તા**

Advt.

## ''ખુશ ખબર''

## એક કીલો ઢોકળા પર ૨૫૦ ગ્રામ ઢોકળા ફ્રી મળશે.

**ફક્ત ઘાટકોપર, તિલકનગર, ચેંબુર તથા વિદ્યાવિહાર જનતાને ફ્રી હોમ ડિલિવરી**

*ચિંતા ન કરો આપને ઘેર મોંઘેરા મહેમાન આવવાના છે ?*
*અમો તમને ઘેર બેઠા હોમ ડીલીવરી કરી આપશું.*



**૭૨ ટાઈપના (આથા વગરના) ઢોકળા**
**૮ ટાઈપના તળેલા ફરસાણ**
**કદી પણ તમે જોયા ન હોય તથા**
**ખાધા ન હોય.**

તા. ક. ફોટો તથા ભાવ માટે ફોન કરો
અમો આપને ફોટો તથા ભાવ મોકલી આપશું.
ઑર્ડર એક દિવસ પહેલા આપવો જરૂરી



સંપર્ક :
ભુપેન્દ્ર (રૂચી કેટરર્સ)
૯૮૨૧૦૨૯૦૫૩
પુત્ર – જીગર – ૯૮૨૧૦૨૯૦૮૪

Advt.

### જૈન સમાજના વડીલો આટલું જરૂરથી વાંચશો...

જૈન સગપણ ગ્રુપ જૈન સમાજના દરેક લગ્નઉત્સુકપાત્રને જીવનસાથીની પસંદગી કરાવી આપતુ ગ્રુપ છે જૈન સમાજના દેશ વિદેશમાં રહેતા દીકરા દીકરીઓને પસંદગીના પાત્રો જૈન સગપણ ગ્રુપમાં ઉપલબ્ધ છે જૈન સગપણ ગ્રુપના આ કાર્ય દ્વારા કેટલાય પાત્રોને પોતાના જીવનસાથીની પસંદગી ખૂબ જ ઝડપી અને સરળતાથી થઈ ગઈ છે...

જૈન સમાજના ચારે ફિરકાઓ કચ્છી, દશા શ્રીમાળી, વિશા શ્રીમાળી, ઘોઘારી, ઓસવાલ, પોરવાર તેમ જ સમગ્ર જૈન સમાજના ઉમેદવારો આ ગ્રુપમાં જોડાય છે જેથી દરેકને ઉમેદવાર પસંદગી કરવાની ખૂબ જ વિશાળ તક મળે છે જેના લીધે પોતાના જીવનસાથીની પસંદગી કરવામાં સમય બગડતો નથી. લગ્ન તો યોગ્ય ઉંમરે થઈ જ જવા જોઈએ...

... તો તમે પણ વધતી ઉંમરને ધ્યાનમાં રાખી આજે જ આપનું રજીસ્ટ્રેશન કરાવી પસંદગીનું પાત્ર શોધવાની શરૂઆત આજથી જ કરી દો...

આ મેસેજને આપના સમાજમાં, સગા સંબંધીઓને, મિત્રોને તથા જૈન સમાજના દરેક ગ્રુપોમાં મોકલવા વિનંતી છે જેથી તેઓ પણ આ જૈન સગપણ ગ્રુપનો લાભ લઈ શકે...

*www.jainswayamvar.com www.nriswayamvar.com*

**જૈન સગપણ ગ્રુપ મો. :- 92656 66526**

Advt.




**Shubh bandhan**

We find a match truly right for you

Over 20 years of globally trusted &
personalised matrimonial services
for all Gujarati communities.

9323626815 · 9769726815

www.shubhbandhan.com f@ShubhBandhanMatrimony

Advt.

## ઝાલાવાડનું ગૌરવ



**શ્રી મેહુલભાઈ કનુભાઈ શાહ**

વઢવાણ શહેર નિવાસી હાલ ઘાટકોપર ના દોડવીર શ્રી મેહુલભાઈએ જેશલમેર રાજસ્થાન ખાતે ૧૦૦ કિ.મી. ની "THE BORDER HELL RUN-ULTRA MARATHON" જે બહુજ ડીફીકલ્ટ મેરેથોન ગણાય છે તે તેમણે ૧૫ કલાક ૧૫ મિનીટ માં પુર્ણ કરી છે. તે બદલ ઝાલાવાડી સભાના ટ્રસ્ટીગણ તેમજ કમિટી મેમ્બર તેમજ સમસ્ત સભ્યો વતી હાર્દિક અભિનંદન. (આપીએ છીએ) આ પૂર્વે તેઓએ ઘણીજ મેરેથોનમાં ભાગ લીધો છે. હમણા નવેમ્બરમાં ૧૦.૭૫ કિમીની મેરેથોન ખડકવાસલા ડેમ (પાવના) ના હિલરોડની મેરેથોન પણ પુર્ણ કરી. તેઓ ઉત્તરોત પ્રગતિ કરે એવી ઝાલાવાડ સભાની શુભેચ્છા.


શ્રીજી

**જમીન-મકાન તથા ખેતીની જમીનની લે-વેચ માટે મળો.**

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસય, નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**

Mo. 98790 75965

**અંકિતભાઈ એ. શેઠ**

Mo. 98796 79553, 8200628452

Email : ankitsheth77@gmail.com

**અતુલભાઈ ટી. શેઠ**

સૌરાષ્ટ્ર પેપર બેગ કં., રેલ્વે સ્ટેશન સામે, જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.



**UNIVERSAL ELECTRICALS**

**50+ Years of Experience**

Your Trusted Partner for Complete Electrical Solutions.

DEALS IN :-

- Switch Gears
- Wires & Cables
- Cable Glands & Lugs
- Lighting & Fixtures
- Wiring Accessories
- Electrical Conduits
- Cable Tray
- Earthing Materials
- Meter & Measurement




Contact: Rohit B Gosalia | Bharat V Gosalia
T: 9819544567 | 02269333489
Shop No 23, 1st Floor, Peerbhoy Building, 2/10, Pathakwadi, Lohar Chawl, Kalbadevi, Mumbai, Maharashtra 400002
E: universalelectricals@ymail.com | W: https://universaleletricals.co.in

Advt.



।।શ્રી ગણેશાય નમઃ।।

શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



**શ્રી જૈન મેરેજ બ્યુરો**

ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી ઘોઘારી તથા કાઠીયાવાડી વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**

**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ

Advt.

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી દશાશ્રીમાળી જૈન**

***પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ***



**સ્વ. મીનાક્ષીબેન કિર્તીભાઈ શાહ**

**જન્મ : ૬-૧૦-૧૯૫૩ ● અરીહંતશરણ : ૯-૦૧-૨૦૨૫**

**રામપુરા ભંકોડા નિવાસી હાલ ઘાટકોપર**
**શ્રી કિર્તીભાઈ કચરાદાસ શાહના ધર્મપત્ની તેમજ**
**વિંછીયા નિવાસી હાલ ઘાટકોપર**
**સ્વ. દલીચંદભાઈ ભાઈચંદભાઈ ગોસાલિયાની સુપુત્રી**

***સમય જિંદગીનો ઓછો હશે.... ક્યાં ખબર હતી.***
***વિદાય તમારી અણધારી હશે... ક્યાં ખબર હતી કોઈને***
***સૂચના વગર સર્વત્ર સુવાસ ફેલાવી***
***સંભારણા સૌના દિલમાં રાખી ગયા....***

**પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી**
**પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી**
**ધર્મ કદી ભૂલ્યા નથી... વ્યવહાર કદી ચૂક્યા નથી**
**પરિવાર માટે ફૂલો પાથરી ગયા**
**એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે**
**હર પળ તમારી યાદ માં।।**

પતિ : કિર્તીભાઈ કચરાદાસ શાહ
પુત્રી-જમાઈ : કોમલ સંજય કોઠારી, નિશા ભાવેશ શાહ
પૂર્વી દર્શન મહેતા
દિયર : જિતેન્દ્ર કચરાદાસ શાહ, પંકજ કચરાદાસ શાહ
નણંદ-નણંદોય : રસીલા વિનયચંદ્ર શાહ,
સ્વ. અરુણા રાજેશ શાહ
સ્વ. જયા વિનોદકુમાર શાહ
દોહિત્ર-દોહિત્રી : ક્રિશા, દિપ, ક્રિના, સાહિલ
ભાઈ-ભાભી : જતીન-મમતા ગોસલિયા
ભાવેશ- ગીતા ગોસલિયા
બહેન - બનેવી : ચંદ્રિકા ભરતભાઈ ડગલી
કલ્પના નિર્વાણભાઈ મહેતા
સ્વ. માયા હેમુભાઈ દફ્તરી
સ્વાતિ સુનિલભાઈ શાહ

Advt.


**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**Office Mobile No. 7208472884**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2024-25 - 2025-26 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**You can Book your Advt. Before 3 months**
**Please send Artwork in JPEG Format Only**

# ૧૦મી પુણ્યતિથિએ અશ્રુભિની શ્રદ્ધાંજલી



જન્મ :
૧૩/૦૩/૧૯૩૯

અરિહંત શરણ :
૦૨/૦૧/૨૦૧૬

## સ્વ. મહાસુખભાઈ ચીમનલાલ ગોપાણી

**પાળીયાદ નિવાસી હાલ માટુંગા–દાદર.**

*નિત્ય અમારા મનમાં...નિત્ય અમારા હૃદયમાં...*
*નિત્ય અમારા ચેતનમાં...જીવો સદા સદૈવ-સર્વદા..*

- **ધર્મપત્નિ :** પ્રવિણાબેન
- **પુત્ર–પુત્રી :** અલકેશ, વિપુલ, સાધના • **પુત્રવધુ :** મૂર્તી, જાસ્મીન
- **ભાઈ–ભાભીઃ** • ગુણવંતભાઈ ગોપાણી • સ્વ.ભારતીબેન ગોપાણી
  • નગીનદાસ ગોપાણી • માયાબેન ગોપાણી
  • પરેશભાઈ ગોપાણી • રીનાબેન ગોપાણી
- બેન-બનેવી : બોટાદ સંપ્રદાયના ગુણવંતીબાઈ **મહાસતીજી**
  ચંદનબેન કમલેશકુમાર સંઘવી, અરૂણાબેન સુબોધકુમાર સંઘવી,
  વર્ષાબેન બિપીનકુમાર સંઘવી, રીટાબેન શૈલેષકુમાર શેઠ
- પૌત્ર-પૌત્રી : શ્રેય–કેશવી–દીયા, શ્રૃતી–ઋષી–રાહી અજમેરા, રૂષીલ, જીજ્ઞેશ–અંજલી,
  દિતલ–મેહુલ કોઠારી, પાર્થ–રૂતિકા–જીયા, વિરાજ – કરિશમા,
  મીત યવ યશવી દેવાંશ

**ફર્મ :**


**• ગોપાણી મેટલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. • વી.એન.એસ. ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.**
**• અમિટી ઈંટરલીંક સ્ટીલ્સ પ્રા. લિ. • ગોપાણી આયર્ન પાવર ઈન્ડીયા પ્રા. લિ.**

Advt.

# દસમી પુણ્યતિથિએ સ્નેહસભર શ્રધ્ધાંજલી

## આદર્શ શ્રમણોપાસક

**જન્મ**
**૧૯.૭.૧૯૩૨**



**અરિહંતશરણ**
**૨૪.૧.૨૦૧૬**

# શ્રી જશવંતલાલ શાંતિલાલ શાહ

**લખતર નિવાસી, હાલ જૂહૂ સ્કીમ**

ધર્મનો રંગ જેની હાડહાડની મજ્જામાં, સંયમનો રંગ જેના સમગ્ર પરિવારમાં
શાસન ની સુગંધ જેના અસ્તિત્વમાં, વાત્સલ્ય નો ધોધ જેના અણુએઅણુમાં
એકાવતારી બની આપ, રહો તીર્થંકર ચરણે સાધનામાં.....

**આપના સદૈવ ઋણી**

**મયંકભાઈ - શ્રુતિબેન**
**પ્રશમ**
**પ્રતિતિ - ખીલેન**
**કિયારા**
**મૌલી - દીપ**

**શ્રેયાંસભાઈ - રૂચીબેન**
**શૈલી - સમ્યક**
**શ્રીયા**

MJ SHAH
CREATING VALUE SINCE 1959

**www.mjshahgroup.com**

Advt.

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી દશાશ્રીમાળી જૈન**

# આઠમી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ
૫.૮.૧૯૩૪

અરિહંત શરણ
૧૨.૧૨.૨૦૧૭

## માતુશ્રી મંગળાબેન જશવંતલાલ શાહ

**લખતર નિવાસી, હાલ જૂહૂ સ્કીમ**

**જેનું મન અહિંસા, સંયમ, તપ-રૂપ ઉત્કૃષ્ટ મંગલ-ધર્મમાં જ**
**સદા રત રહે છે તેને દેવો પણ નમસ્કાર કરે છે.** (દશવૈકાલિક સૂત્ર, અધ્યયન-૧-ગાથા-૧)

શાસનમાં ઉપવન ખીલવ્યું, જીવનમાં ધર્મસુમન મહેંકાવ્યું,
પરિવારમાં શ્રદ્ધા-સ્નેહ સંર્જયું ઉપકાર કોટી કોટી માતુશ્રી આપના
શબ્દો ઓછાં પડે છે આજના, નતમસ્તક વંદન ચરણોમાં આપના...!!!

**આપણા સદૈવ ઋણી**

મયંકભાઈ - શ્રુતિબેન
પ્રશમ
પ્રતિતિ - ખીલેન
કિયારા
મૌલી - દીપ

શ્રેયાંસભાઈ - રૂચીબેન
શૈલી - સમ્યક
શ્રીયા

MJ SHAH
CREATING VALUE SINCE 1959

Advt.

# સ્મરણાંજલિ



**જન્મ**
**તા. ૧૮.૧૨.૧૯૪૨**

**અરિહંતશરણ**
**તા. ૦૧.૦૧.૨૦૦૧**

## સ્વ. લલિતભાઈ સવાઈલાલ વોરા

**વઢવાણ નિવાસી, હાલ - કાંદીવલી**

અમારા પિતાશ્રી (લલિતભાઈ)ની ૨૫મી પુણ્યતિથિના દિવસે,
આપણે તેમના પવિત્ર સ્મરણોને નમન કરીએ.
ક્યારેક કોઈ વ્યક્તિ જીવનમાંથી વિદાય લે છે પરંતુ તેમના મૂલ્યો.
આદર્શો અને સંસ્કારો પરિવારના હૃદયમાં સદાકાળ જીવંત રહે છે.
તેમનું જીવન, સૌમ્યતા અને સંસ્કારનું જીવંત મંદિર, તેમની યાદો આજે
પણ અમારા હૃદયમાં દીપસ્તંભ બની ઝળહળે છે.
સમય વીતે છે, પરંતુ તેમની સ્નેહભરી છાયાનું શીતળ આલિંગન આજે પણ અહેસાસ થાય છે
અમારા જીવનના દરેક પગલે તેમના આદર્શોનો અનંત પ્રકાશ સાથ આપે છે
૨૫ વર્ષ પછી પણ એમની સ્મિતભરી છબી, એમનું માર્ગદર્શન અને
એમના આશીર્વાદ હૃદયમાં અવિચળ રીતે અંકિત જ છે.

**શ્રદ્ધાસુમન અર્પણ કરનાર**

**પત્ની : કોકીલાબેન લલિતભાઈ વોરા**

**પુત્ર** : પિયુષ લલિતભાઈ વોરા
પારસ લલિતભાઈ વોરા
**દીકરી** : મોનિકા મિલનભાઈ કોઠારી

**પુત્રવધુ** : સેજલ પિયુષ વોરા
અંજલિ પારસ વોરા
**જમાઈ** : મિલનભાઈ છબીલદાસ કોઠારી

**પૌત્રી - પૌત્ર** : સલોની, નિસર્ગ, રાહિલ **દોહિત્ર** : જશ

## સ્વ. સવાઈલાલ પાનાચંદ વોરા પરિવાર

Advt.

# શ્રદ્ધાંજલિ



જન્મ
તા. ૩૦-૬-૧૯૪૦

અરિહંતશરણ
તા. ૧૩-૧૨-૨૦૨૫

## સ્વ. ઈન્દિરાબેન ગિરધરલાલ ધ્રુવ

**મૂળવતન : ચુડા, હાલ : વિલેપાર્લા (પ)**

જેમની આંખોમાં લાગણીભીનો આવકાર
સ્મિતમાં સ્નેહભર્યો સત્કાર
વાણીમાં વાત્સલ્યનો રણકાર
આંગણે આવેલ સૌના માટે આતિથ્યભાવ
પ્રેમાળ સૌમ્યશીલ અને આનંદી સ્વભાવથી વાતાવરણને પ્રફુલ્લિત બનાવનાર
અમારા માતુશ્રીની સ્નેહમુર્તિની ખોટ પળે પળે વર્તાય છે.

તેમનો પુનિત આત્મા જ્યાં પણ ગયો હોય ત્યાં પરમશાંતિ
પામે એવી પરમકૃપાળુ પરમાત્માને અમારી અંતરથી પ્રાર્થના.

પગલે પગલે સાવધ રહીને પ્રેમળતા પ્રગટાવે જા
અંતરને અજવાળે આતમ્ દુર્ગમ પંથ દિપાવે જા

| | | | |
|---|---|---|---|
| પુત્ર | : સંજય | પુત્રવધુ | : લોપા |
| પુત્રી | : રૂપલ | જમાઈ | : દિનેશ |
| પૌત્ર | : દેવેન, આકાશ | પૌત્રવધુ | : જીનાલી, દિવ્યા |
| દોહિત્ર | : વિક્રમ, રાહુલ | પરપૌત્રી | : શનાયા |

**સ્વ. નાગરદાસ ધ્રુવ અને સ્વ. કાન્તિલાલ મલકાનના**
**સમગ્ર પરિવારના જય જીનેન્દ્ર**

Advt.

To,

Registered with Press Registrar General of India under PRGI No. 6489, Postal Registration No. MCS/046/2024-26. WPP Licence No. MR/Tech/ WPP - 341/South/2024-26 Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

શ્રી ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

# શ્રદ્ધાંજલિ



જન્મ
તા.૨૨-૧૨-૧૯૪૨

અરિહંત શરણ
તા.૨૭-૧૦-૨૦૨૫

## સ્વ. કુંદનબેન ચંદ્રકાંત શેઠ

**(લીંબડી નિવાસી, હાલ અંધેરી, મુંબઈ)**

*સ્મરણ ભીંજવે હૈયું, હૈયું ભીંજવે આંખ...., હવે રહ્યો માત્ર આપની યાદોનો સંગાથ....*
*લાગણીના સંબંધ જેને પ્રિય હતા, મમતા જેમની મુડી હતી, કર્મ જેમનું કર્તવ્ય હતું, સ્મિત જેમનું ઘરેણું હતું*
*અને જિંદાદિલી જેમની જાગીર હતી એ લાખેલી પ્રેમળમૂર્તિને પ્રેમાંજલિ....*
*યાદોના સ્પદંનો હજી પણ સ્પર્શે છે, સાથે વિતાવેલા સમયની સરવાણી હજીએ સાંભરે છે*
*હૃદય સ્વીકારતું નથી આપની ગેરહાજરી, કારણકે મન અમારુ આજે પણ આપને ઝંખે છે....*
*સદેહે ભલે સાથે નથી છતાંય રહેશો અમર સદાય યાદોમાં*

**શ્રદ્ધાસુમન અર્પણ કરતો સ્નેહી પરિવાર**

**સ્વ. કાંતાબેન શાંતિલાલ મોહનલાલ શેઠ (સાસુ-સસરા)**

ચંદ્રકાંત શાંતિલાલ શેઠ (જીવનસાથી)
પ્રેયસ-દિપાલી (પુત્ર-પુત્રવધુ)
મોના (પુત્રી)
હરસુખભાઈ - વર્ષાબેન (દિયર-દેરાણી)
સ્વ. દિનેશભાઈ - ભારતીબેન (દિયર-દેરાણી)
નેહા કેસી શેઠ - લેબ્લેન્ક (ભત્રીજી-જમાઈ)
અમી વૈશલકુમાર શાહ (ભત્રીજી-જમાઈ)
બિરલ હરસુખભાઈ શેઠ (ભત્રીજો)

સ્વ. દિપચંદ હરગોવિંદદાસ શાહ (પિતાશ્રી)
સ્વ. કમળાબેન દિપચંદ શાહ (માતૃશ્રી)
સ્વ. જમનાદાસભાઈ - સ્વ. કાંતાબેન (ભાઈ-ભાભી)
સ્વ. ચંદ્રકાંતભાઈ - નિર્મળાબેન (ભાઈ-ભાભી)
હર્ષદભાઈ - સ્વ. રંજનબેન (ભાઈ-ભાભી)
પ્રવીણભાઈ - ઈલાબેન (ભાઈ-ભાભી)
સ્વ. ગુણવંતીબેન, સ્વ. શારદાબેન
સ્વ. કંચનબેન, પ્રફુલ્લાબેન (બહેનો)

માલવ (પૌત્ર) દેવીન અને ધ્રવ (દોહિત્ર) આવ્યા (દોહિત્રી)

Advt.

Publisher: Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 47, Dr. M. B. Welkar Street, Chira bazar, Mumbai - 400 002. Printed by : Bhavin Sharad Gandhi at RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad Manmohan Gandhi, Address Same as Above.